જૈન સમાજ, સાવધાન ! યુવાન નવસૃષ્ટિનો સરજનહાર છે.

Reg. No. B. 2616.

# મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા.

તંત્રી : જમનાદાસ અમરચંદ ગાંધી.

વર્ષ ૨ જું. અંક ૧૪ મો. | સંવત ૧૯૮૭ ના ચૈત્ર વદી ૪. તા૦ ૬-૪-૩૧ | છુટક નકલ : ૦॥ આનો.

## સૌરાષ્ટ્રના શ્વેતાંબર મૂર્તિ-પૂજક યુવાનોને પડકાર.

સેવાની ધગશભર્યા યુવાનો ? આજે સારાએ સૌરાષ્ટ્રની લાજ તમારા હાથમાં છે. પેલી બે વર્ષથી ઉભી થએલી ઑલ ઇન્ડીઆ યંગમેન્સ જૈન સોસાયટી વઢવાણમાં કયા બંધારણની રૂએ ભરાય છે, તે કોઈ જાણતું નથી. સોસાયટીનું સારૂએ મન્તવ્ય મુનિ રામવિજયના અત્યારના વ્યાખ્યાનો ઉપરથી (પ્રચાર ઉપરથી) પૂર્ણરીતે જણાઈ આવે છે. મુનિ રામવિજયનાં આચારોથી અને વિચારોથી આજે સૌ કોઈ જાણીતું છે; તેથી આ સોસાયટી જૈન કોમને લાંછન લગાડનારે છે. સોસાયટી તમારા પુનિત સૌરાષ્ટ્રમાં આવી સાચા શાસન સેવકો અને સાચી સંસ્થાઓ સામે ગંદા ઠરાવો કરી જઈ આ પુણ્યભૂમિને અપવિત્ર ન બનાવી જાય તેની ચોકસી રાખવી તમારે હાથ છે.

સંમેલન ચૈત્ર વદ ૧, ૨, ૩, ૪ છે. વઢવાણના યુવાનોને કેટલીક મુશ્કેલીને લીધે તમારૂં સ્વાગત કરવા જેટલી સ્થિતિ નથી. દરેક યુવાન પોતાની ફરજ સમજી એક સાચા સિપાઈની માફક ભુખ તરસની પરવા કર્યા શીવાય સાચી શાસન સેવા કરવાના અવસરને ન ચુકતા વઢવાણનાં આંગણે યુવાનોના ટોળેટોળા ઉતરી પડો.

લી૦ શાસનપ્રેમીઓ,

હીરચંદ શીવલાલ કોઠારી
મુળચંદ સુખલાલ શાહ
ત્ર્યંબકલાલ ત્રીભોવનદાસ કુવાડીઆ
ધીરજલાલ બેચારલાલ નારીચાણીઆ
અમુલખ ઓધડભાઈ શાહ
ઉત્તમચંદ ઓધડભાઇ કોઠારી
વીગેરે વીગેરે.

વઢવાણ શહેર, તા૦ ૨૮-૩-૩૧.

તા. ક.

શાણી સાહેબના સ્વર્ગવાસના લીધે કે વઢવાણના યુવાનોના વિરોધથી હાલ તો સંમેલનો થોડા વખત માટે બંધ રહ્યાનું બહાર આવ્યું છે, અને અમદાવાદમાં ભરવાનું કહેવાય છે—તંત્રી.

## સૌરાષ્ટ્રનાં શ્વેતાંબર મૂર્તિપૂજક સકળ સંઘો અને યુવાનોને નમ્ર વિનંતિ.

આત્મ બંધુઓ,

આપ સારી રીતે જાણતા હશો કે વઢવાણમાં શાહ જીવણલાલ અબજીભાઇનાં આમંત્રણથી બે વર્ષથી ઉભી થયેલી ધી ઑલ ઇન્ડીઆ યંગમેન્સ જૈન સોસાયટી ભરાવાની છે. આ સોસાયટી ધર્મના બ્હાના હેઠળ ભોળા અને અજ્ઞાન મનુષ્યોને આંજી દઈ આપણી કોન્ફરન્સને તોડી પાડી પોતાનો અડ્ડો જમાવવા ઇચ્છે છે. આ સોસાયટીમાં કેવળ દીક્ષામાંજ મોક્ષ માનનાર અને તે માન્યતાથી હરકોઇ પ્રકારે બાળ અને અયોગ્ય દીક્ષા આપનાર, સંઘને હાડકાનો માળો ગણનાર, સંઘની અવગણના કરી ઠેર ઠેર ઝગડા કરાવનાર, પૂ૦ વલ્લભવિજયસૂરી જેવા આચાર્યને હલકા પાડવા હલકટ પ્રયાસ કરનાર, આપણી એકની એક જૈન કોન્ફરન્સ જે કેટલાય વર્ષોથી જૈનોની ધાર્મિક, રાજકીય અને આર્થીક સેવા કરી રહી છે તેને તોડી પાડવા માટે ભોળા અને અજ્ઞાન સમુદાયને ધર્મને નામે ઉંધા પાટા બંધાવનાર, મુનિ રામવિજયજી પૂર્ણ રીતે ભાગ લઈ રહ્યા છે.

મુનિ રામવિજયની અત્યારની કારકીર્દિથી સૌ કોઇ માહિતગાર છે. એઓશ્રીનાં જ્યાં જ્યાં પગલા થયા છે, ત્યાં ત્યાં સંઘમાં ઝગડા થયા છે.

જ્યાં દુનિયામાં વિશ્વપ્રેમનું વાતાવરણ ફેલાતું જાય છે ત્યાં ત્યાં થોડા જેટલા જૈનોમાં ધર્મને નામે ઝગડા કરાવી તડા પડાવી અંદરો અંદર વેર વધારવામાં કઇ જાતનો મોક્ષ સધાતો હશે તે રામવિજયજી જાણે.

અંતમાં અમારી સર્વેને નમ્ર વિનંતી છે કે જે સંસ્થા ઐક્ય તોડનારી હોય, અંદરો અંદર ઝગડા કરાવવા માટે ગંદુ પ્રચાર કરનારી હોય, પોતાનું મહત્વ વધારવા શાસ્ત્રનું ઓઠું લઇને પ્રખર, વિદ્વાન ચારિત્રશાળી, આવકો, આચાર્યો અને સાધુઓને ઉતારી પાડનાર હોય તેને આપ તરફથી બીલકુલ ટેકો હોવો ન જોઇએ. તેથી સૌરાષ્ટ્રના સકળ સંઘોએ અને યુવાનોએ ઠેર ઠેર સભા ભરી આ સોસાયટીની જૈન કોમને આવશ્યકતા નથી એવી મતલબનાં ઠરાવો પસાર કરી સોસાયટીના પ્રમુખ ઉપર તેમજ અહીંના સંઘ ઉપર મોકલી આપવા કૃપા કરશો આથી શાસનનું ભારે કલ્યાણ થશે.

લી૦ શાસન પ્રેમીઓ,

હીરચંદ શીવલાલ કોઠારી
ત્ર્યંબકલાલ ત્રીભોવન કુવાડીયા
અમુલખ ઓધડભાઇ શાહ
અમૃતલાલ ત્રીભોવનદાસ મણીયાર
મુળચંદ સુખલાલ શાહ
ધીરજલાલ બેચરદાસ નારીચાણીઆ
ઉત્તમચંદ ઓધડભાઇ શાહ
વીગેરે વીગેરે.

વઢવાણ શહેર, તા૦ ૨૮-૩-૩૧.

મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા.

पक्षपातो न मे वीरे न द्वेषः कपिलादिषु ।
युक्तिमद् वचनं यस्य तस्य कार्यः परिग्रहः ॥

શ્રીમદ્ હરિભદ્રસૂરિ.

# જૈન સમાજ, સાવધાન!

उत्तिष्ठत जाग्रत प्राप्यवरान्निबोधत ।

આધુનિક યુગના કેટલાંક કહેવાતા જૈન સાધુઓ આપણા સમાજ અને ધર્મને મનસ્વીપણે પોતાની સ્વાર્થમય કુટિલ નીતિ સાધવાને આજે જગતની સન્મુખ હાસ્યને પાત્ર બનાવી રહ્યા છે. આ સાધુઓ પોતાના આડમ્બરના નિભાવ માટે, સ્વકીર્તિ પોષવાને અર્થે અને જૈન જગતમાં સમાજ અને ધર્મના ભોગે પોતાની વાહવાહ અને સર્વોત્તમતા બતાવવાને માટે છેલ્લાં ત્રણ ચાર વર્ષમાં જે પગલાં ભરી રહ્યાં છે, તેથી સમાજમાં જે પક્ષાપક્ષી ઉભી થઇ છે અને છિન્નભિન્નતા વ્યાપી રહી છે તે સમસ્ત જૈન અને જૈનેતર આલમથી હવે છુપી વાત નથી.

ધર્મના અને શ્રી વીર પ્રભુના નામના આકર્ષક ઓઠા નીચે ઘેરઘેર, સગાં સ્નેહીઓમાં તેઓએ કલેશ અને દાવાનળની હોળીઓ સળગાવી છે. પવિત્ર ભાગવતી દીક્ષાના અભિધાનથી એવી દીક્ષાને કલંકિત કરવાને માતા-પિતાઓ કે પત્નીઓને અંધારામાં રાખી, તેમની કાકલુદીઓને તરછોડી, તેમની આજ્ઞાઓની અવગણના કરી કાચી ઉમ્મરના બાળકોને ત્યાગ વૈરાગ્યથી તદ્દન અનભિજ્ઞ, બિન અનુભવી, ભોળાં જનોને ખોટી મોહક આશાઓ અને પ્રલોભનોની જાળમાં નાંખી પોતાના ટોળાંની માફક સ્વપરિવારની વૃદ્ધિ સાધી અધિપતિ બનવાના કોડ સેવી રહ્યાં છે, અને એવા અનેક દીક્ષિતોએ પાછા સંસાર ગ્રહણ કર્યાના દૃષ્ટાંતો કાંઇ ઓછાં નથી. આવી તેમની અનિષ્ટ પ્રવૃત્તિઓથી જૈન અને જૈનેતર જગતમાં શોરબકોર મચી રહ્યો છે, જૈન ધર્મની છડેચોક નિન્દા અને અવહેલના થઇ રહી છે. જગતના વર્તમાન પત્રો કડકડાટ ભરેલી ટીકાઓ અને અટ્ટહાસ્ય કરી રહ્યાં છે. તેમનું ઠેર ઠેર કાળા વાવટાઓથી અને લોહીના આંસુઓથી સ્વાગત થઇ રહ્યું છે, છતાં હજી સાન ઠેકાણે આવતી નથી. જે દેશની મટ્ટીમાંથી પોતાનો પિંડ બન્યો છે તેના તરફ અભિમાન, દિલસોજી કે આદરભાવ દર્શાવવાને બદલે તેની વિરુદ્ધ આચરણો કરી રહ્યા છે. જગતના વર્તમાન સૌથી મહાન પુરુષ મહાત્મા ગાંધીજી—જેને આજે વિશ્વના દરેક ધર્મ અને પન્થના ઉચ્ચ કોટિના મહાશયો વંદન કરી રહ્યાં છે, તેને તેનાજ દેશના આ મહાશયો (?) ઉતારી પાડવાના પ્રયાસો સેવી રહ્યાં છે અને આવા વર્તમાન યુગમાં અહિંસાનો દિગ્વિજય કરનાર અને એ રીતે જૈન ધર્મનો ઉદ્યોત અને પ્રચાર કરનારને અપનાવવાને બદલે તેના તરફ ઘૃણા દર્શાવી રહ્યા છે—એ જૈન સમાજની અમાપ કમનશીબી છે. હિંસાને ઉત્તેજન મળે તેવાં ચરબીયુક્ત ઝીણાં બારીક મલમલોના પરિધાનની લોલુપતાથી ભોળાઇને ખાદી તરફ સુગ બતાવવાના ઉપદેશો દેવાઈ રહ્યા છે અને દેશનો દ્રોહ કરી રહ્યા છે. છોકરાંઓને છુપાવવામાં, નસાડવામાં, તેમનાં લાગતાંવળગતાંઓનાં ખતો પતાવવામાં જૂઠ અને ચોરીનો આશ્રય લઇ પંચ મહાવ્રતોનો ભંગ કરવામાં પાછી પાની કરવામાં આવતી નથી—આ ધર્મને કેટલી હીણપત લગાડનારી અને શરમમાં ડુબાવનારી બીના છે! પોતાની પોપશાહી ટકાવી રાખવાને કેળવણીની સંસ્થાઓ ઉપર પ્રહારો કરી, 'અંધારા અને નાસ્તિક'ના વિશેષણોથી નવાજી જ્ઞાનદાનમાં તેઓ અંતરાયરૂપ બને છે અને સમાજને પીછે હઠ કરાવવામાં સાધનભૂત બને છે; આટલેથી નહિ વિરમતાં સમાજ અને શાસનની શુદ્ધ સેવા બજાવતી આપણી મહાસભા શ્રીમતી જૈન કોન્ફરન્સ અને સમાજના કાર્યમાં અગણિત વેગ, ઉત્સાહ અને જોમ અર્પતો આપણો શ્રી જૈન યુવક સંઘ—તેને હરકોઇ પ્રયત્ને દબાવીને સારા જૈન જગતમાં ઘોર અંધકાર છાઇને પોતાની પોપશાહીની લીલા ચાલુ રાખવા માગે છે.

નૂતન યુગની ઉષાના પ્રાકટ્ય સાથે જગતના રાજા મહારાજાઓની જોહુકમીના મૃત્યુ ઘંટ વાગી રહ્યા છે. આખાયે વિશ્વને મ્હાત કરવાની પ્રબળ આકાંક્ષા ધરાવનાર જર્મનીના સમ્રાટ કૈસરનું અધઃપતન થયું છે, રશિયાના ઝારની ઝારશાહીનો અસ્ત થયો છે, સમાજને છિન્ન ભિન્ન કરનારા, સમાજમાં ઝઘડાઓ ઉત્પન્ન કરનારા અને તેનો વિનાશ કરનારાઓનો વિનાશ નવયુગ માગી રહ્યો છે. એમની જોહુકમી, આપખુદી અને ઝારશાહી મીટાવવાને, સમાજમાં શાંતિનું, સંપનું, પ્રગતિનું સામ્રાજ્ય સ્થાપવાને હવે તો યુવાનોએ—નવયુગના સર્જનહારોએ જાગૃત થવું જોઇએ, બહાર પડવું જોઇએ અને શ્રાવક સંસ્થાની ગન્ધ નહિ લેનારાં અને છતાં તેમનો માલ મલીદો ખાઇ મસ્ત બની તાગડધીન્ના કરનારા 'સંઘ તો હાડકાંનો માળો છે.' 'સંઘ કોણ છે?' સાધુઓ શ્રાવકનું મુખ કદિ ઇચ્છે નહિ એવી વાહિયાત વાતો કરનારા અને શ્રી વીરે પ્રરૂપેલી ચતુર્વિધ સંઘની રચનાને ઠોકરે મારનારા, જન સમાજને અવળે માર્ગે ઉશ્કેરી, નિર્બળોની (?) પકડો રાખી, સામી છાતીએ આવવાનો ઉપદેશ દઇ હિંસાનો દિગ્વિજય કરનારા, આત્મોન્નતિના સાધનરૂપ ઉપાશ્રયને પોતાની કાર્યસિદ્ધિ માટે, કોર્ટો, વ્યૂહો અને ખટપટોની રચના માટે સમરાંગણ બનાવનારાઓને સમાજ ક્યાં સુધી નિભાવી લેશે? આવાં અનિષ્ટ અને હાનિકારક તત્ત્વોનો તાબડતોબ નાશ કરીને સમાજ અને ધર્મને સંરક્ષવાને, પવિત્ર રાખવાને અને પુણ્ય પ્રાચીન જાહોજલાલી પુનઃ પ્રાપ્ત કરવાને સમાજના યુવાનો! આગળ ધપો. વિજય તમારોજ છે. 'ઉત્તિષ્ઠત, જાગૃત, પ્રાપ્ય વરાન્નિબોધત'! ઉઠો, જાગો, પ્રમાદ ત્યાગો, ઇષ્ટ વસ્તુ સંપાદન કરી આલમને તમારી શુભ ભાવનાઓનો અમર સંદેશો સુણાવો! સમાજ અને ધર્મના દ્રોહીઓને પ્રભુ સન્મતિ અર્પો! તથાસ્તુ!

# સામાયિક સ્ફુરણ :

## પીતા મહાવીર.

ભૂતકાળ—આજથી ૨૫૦૦ વર્ષ પહેલાં આપણાજ ભારતવર્ષમાં (તેમ સમગ્ર જગતમાં ધર્મના નામે) પશુથી માંડી મનુષ્ય સુધીની હીંસાખોરી થઇ રહી હતી. એટલે ધર્મના નામે ધતીંગ ને હીંસાનું સામ્રાજ્ય જામ્યુ હતું. તે વખતે જગતના ઉદ્ધાર માટે ખરો ધર્મ પમાડવા માટે આજથી ચોવીસોને અઠાવન વર્ષ પહેલાં ચૈત્ર સુદ ૧૩ ના રોજ માતા ત્રીસલાની કુખે એક રત્નનો—તેજોમય પુરૂષનો, જન્મ થયો તેજ જગતઉદ્ધારક શાસન નાયક શ્રી મહાવીર પ્રભુ!

ભગવાન મહાવીરના ગુણોનું વર્ણન કરવામાં ખુદ સરસ્વતી પણ થાકી જાય તેમ છે ત્યાં મારા જેવા મનુષ્યનું શું ગજું? છતાં મ્હારી અલ્પમતિ અનુસાર પીતા મહાવીર સ્વામીના સંબંધમાં કંઇક લખીશ.

**જન્મ કલ્યાણક**—ગત ચૈત સુદ ૧૩ પ્રભુનો જન્મ દિવસ હતો જેને આપણે જન્મ કલ્યાણક કહીએ છીએ. એ જગત ઉદ્ધારક તાતના જન્મ પ્રસંગે પ્રભુના પિતાના સમસ્ત રાજ્યમાં સર્વ પ્રકારે વૃદ્ધિ થઇ, દેશ વિદેશમાં, શેરીએ શેરીએ, મંગળ વાજાં વાગ્યાં, શાન્તિ, સુલેહ અને અહિંસાનો અવતાર, મનુષ્ય કલ્યાણ અર્થે જન્મ લે ત્યારે આનંદજ વર્તે.

**શરીર બળ**—પ્રભુની બાલ્યાવસ્થામાં શરીર બળનો વિચાર કરશું ત્યારે સમજી શકાય છે કે તેમનામાં અમાપ બળ હતું. દાખલા તરીકે ઇંદ્રને શંકા થવાથી ચરણ અંગુઠે મેરૂ કંપાવ્યો; આમલકી ક્રીડા તેમાં સર્પને સાધારણ જંતુની પેઠે પુછડેથી પકડી દુર કર્યો; સરખા મિત્રોની રમતમાં દેવતાનું આગમન, તાડ જેવડા તેના શરીરનો દેખાવ અને પ્રભુનો મુઠ્ઠી પ્રહાર.

આ એમના બાલ્ય જીવનનું શારીરિક બળ આપણે પર્યુષણના દિવસોમાં તેમ તેમના ચરિત્રદ્વારા સાંભળીયે છીયે. એ ઉપરથી એમ સહેજે સમજી શકાય છે કે પ્રભુનું બળ ન કલ્પી શકાય તેવું અમાપ હતું. અને પ્રભુમાં એ અમાપ બળ હોય એ કંઇ નવાઇ જેવું નથી. પણ આપણે આ ઉપરથી શું બોધ લેવો ઘટે છે?

પ્રભુનો બાલ્ય કાળ આપણને સબળ, પ્રૌઢ, પ્રતાપી, અનીતિ સંહારક, બનવા પ્રેરે છે, અને ઉત્તેજીત કરે છે. ત્યારે આજના અમુક મુનિવરો કહે છે કે શરીર બળની (કસરતની) શી જરૂર છે પુણ્ય કરો પાપ ટળશે. અમે કબુલ કરીયે છીયે કે પુણ્યથી પાપ ટળશે. પણ શરીર બળ મેળવવા માટે શારીરિક કેળવણી લેવાની જરૂર નથી? શું જૈન પ્રજાને નિર્માલ્ય રાખવા માગો છો? શું! નિર્માલ્ય પ્રજા પુન્ય કરી પાપ ટેળી શકશે? આત્મઉન્નતિ સાધી શકશે? પિતા મહાવીર સ્વામીના બાલ્ય જીવન ઉપરથી એમ સમજી શકાય છે કે શારીરિક બળની પણ જરૂર છે.

**યુવાની**—પ્રભુના બાળ જીવન પછી પ્રભુનાં લગ્ન, માતા પીતા, વડીલો પ્રત્યે બહુ માન એ એમના દીક્ષાના પ્રસંગમાં જોઇ શકાય છે.

**દીક્ષા**—પ્રભુની અઠ્ઠાવીસ વર્ષની ઉમર થઇ ત્યારે અણગારનો આચાર પાળવાની ભાવના તેઓ વ્યક્ત કરે છે. માતા પીતાના સ્વર્ગ ગમન પછી ટુંક સમયમાં વડીલ બંધુ નંદીવર્ધનની રજા માગે છે. વડીલ બંધુ ત્યારે થોડોક વખત થોભવા વિનવે છે, અને પ્રભુએ સમયને અનુકુળ માની મોટા ભાઇનો આદેશ માથે ચઢાવ્યો. અને ત્રીસ વર્ષની ઉમરે દીક્ષા લીધી.

આ ઉપરથી એમ સમજી શકાય છે કે વડીલ પ્રત્યેનો પ્રેમ, મમત્વ, અને પુત્ર વત્સલભાવ જોઇ પ્રભુએ પણ દીક્ષા લેવાની ઉતાવળ નથી કરી, તેમ આપ સર્વે જાણતાજ હશો કે કળીકાળ શ્રીમદ્ હેમચંદ્રાચાર્યસુરીજી 'પરીશીષ્ટપર્વમાં' કહે છે કે શ્રી મહાવીર સ્વામીના નીર્વાણ પછી પાંચસો વર્ષે થયેલ આર્યરક્ષિત સુરીજીએ શીષ્ય ચોરીની પ્રથા શરૂ કરી.

આ ઉપરથી આપ કબુલ કરશો કે માતાપીતાને કકળતાં મુકી, તેમની આંતરડીઓ કકળાવીને તેમના બાળકોને સંતાડી દીક્ષા આપવાના દુરાગ્રહને શાસન નાયક શ્રી મહાવીર પ્રભુના દીક્ષા પ્રકરણથી ટેકો મળતો નથી, તેમ શ્રી હેમચંદ્રાચાર્ય મહારાજ તેને ચોરી કહે છે, છતાં શ્રી સાગરાનંદસૂરીશ્વરજી જેવા આગમઉદ્ધારક ને વિદ્વતનો દાવો કરનાર મહારાજ એમ કહે છે કે, 'નવદીક્ષીત સાધુને સંતાડવો પડે તો સાધ્વીના કપડાં પહેરાવી સાધ્વીના ઉપાશ્રયે સંતાડી શકાય ને સાધ્વી એની વૈયાવચ્ચ કરે!' આ સામે ઘણાએ પ્રશ્નો પુછાયા છતાં સાગરજી મહારાજ ચુપ છે, અને એમ સંભળાય છે કે આ વાત છેદસૂત્રમાં છે. આ કળીકાળમાં છેદસુત્રોની વાતો બહાર મુકવાની મનાઇ કરેલ છે. છતાં સાગરજી મહારાજે શીષ્યચોરીના બચાવમાં મુખદ્વારા છેદની વાત બહાર મુકી પ્રભુની આજ્ઞાનો અનાદર નથી કર્યો?

**વૈરાગ્યમાં ઉપસર્ગો**—પ્રભુએ વૈરાગ્ય સ્થિતિમાં અનેક કષ્ટો, અઘોર સંકટો અને ભયંકર યાતનાઓ સહન કરી કર્મો સાથે ઘોર યુદ્ધ આદર્યું તેમાં, ૧ મિથ્યાત્વ દેવતાઓનો પ્રભુ ઉપર પાષાણાદિકનો પ્રહાર. ૨ પૂર્વ ભવનો વૈરી કાનમાં ખીલા ઠોકે છે, ભક્ત ખીલા ખેંચી કહાડે છે. ૩ ગોવાલનો ઉપસર્ગ.

અનેક કષ્ટોમાં આ મુખ્ય ઉપસર્ગો છે, તેમાં પ્રભુનું અડગ ધૈર્ય, આત્મબળ, દેહની ઉપેક્ષા અને શત્રુમિત્ર જનોપર સમભાવ દેખાઇ આવે છે.

આવા મહાન ગુણો તો તેવા મહાન પુરૂષોમાંજ હોઇ શકે એ નિર્વિવાદ છે. પરંતુ એ ગુણ વિકાસની દિશાએ પ્રયાણ કરવાની ઝંખનાજ તો સૌને હોવી જોઇએ. અત્યારે તો ધૈર્યની જગાએ ભીરૂતાએ સ્થાન લીધું છે; આત્મ બળનું ઠેકાણું નથી, શરીરના મોહે ન કરવાનાં કરી રહ્યા છે. શત્રુને મિત્ર સાથે સમભાવના સ્થાને એક બીજાને નાસ્તીક આસ્તીક ને નર્ક સ્વર્ગના પ્રમાણપત્રો છુટથી અપાય છે. આવા કલુષિત વાતાવરણથી શ્રી સંઘની ઉન્નતિની જગાએ અવનતિ થઇ રહી છે.

**દેશના**—બાર બાર વર્ષ સુધી ઉગ્ર તપશ્ચર્યાઓ કરીને પુર્વ સંચીત ઘોર કર્મો સાથે યુદ્ધ કર્યું ને જય મેળવ્યો એટલે કેવળજ્ઞાની બન્યા—સર્વજ્ઞ બન્યા, પછી દેશના દેવી શરૂ કરી.

પ્રભુ ઉપદેશમાં એટલે પ્રભુની દેશનામાં જે શક્તિ છે તે પણ અમાપ અને અગાધ શક્તિ છે. તેને અંગે રોહિણીયા ચોરનોજ દાખલો બસ થશે. તેનું આખું વૃતાંત મુકવું નકામુ છે. કારણ! ઘણા તે જાણે છે.

## જયન્તિ.

**મિત્તીમે સવ્વ ભૂએસુ**:—"જગત માત્ર મારા મિત્ર છે—બંધુ છે." કેવો ઉચ્ચ આદર્શ? કેવી વિશ્વવ્યાપી વિશાળ ભાવના!

ઓ નરનારીઓ? આ ઉચ્ચ ભાવના આપણા જીવનમાં સીંચનાર, આવો ઉચ્ચ આદર્શ આપણને આપી આપણા ભવ પંથે પ્રકાશ ધરી રહેનાર પ્રભુ મહાવીરનો આજે જન્મ દિવસ છે—જન્મ જયંતિ છે: આનંદો આપણા એ અહોભાગ્ય માટે અને પ્રભુના જન્મ મહોત્સવને ઉજવતાં ઉજવતાં પ્રભુ કથીત માર્ગને અનુસરો—જીવનમાં ઉતારો.

પણ—જયંતિ શા માટે? જગતને સહજે પણ ઉંચે લેવા—તેનું કલ્યાણ કરવા—જે કોઇ પ્રયત્ન કરે છે, તેનીજ જયંતિ ઉજવાય છે, જયંતિનો આ મર્મ છે. પ્રભુ મહાવીરનો જન્મ થયો તે સમયે આ ભારતવર્ષની શું સ્થિતિ હતી તે જોઇએ.

આજથી આશરે ૨૫૦૦ વર્ષ પહેલાં આર્યાવર્તની શું સ્થિતિ હતી તેને માટે શ્રી દત્ત મહાશય નીચે પ્રમાણે લખે છે.

"ધર્મની યથાર્થ ભાવનાનો નાશ થઇ તેનું સ્થાન "અર્થહિન આચાર વિચારે લીધું હતું. ઉપાય, સામાજીક "અને નૈતીક નિયમો, દુષ્ટ જ્ઞાતિ ભેદથી અને બ્રાહ્મણો માટે "ખાસ હક અને શુદ્રો માટે ઘાતકી ધારાઓથી વિકૃત થયા "હતા, આવા જ્ઞાતિ જન્મ વિશેષ અધિકારથી બ્રાહ્મણોની "સ્થિતિ ઉલટી બગડવા પામી, આખા સમાજ તરીકે તેઓ "એટલી હદે લોભી અને લાલચુ, અજ્ઞાન અને અભિમાની "બની ગયા કે. બ્રાહ્મણ સુત્રકારોને પણ આ વસ્તુસ્થિતિની "ઘણી સખ્ત ભાષામાં ઝાટકણી કાઢવી પડી હતી, શુદ્રો કે "જેઓએ આર્ય ધર્મના છત્ર તળે આશ્રય લીધો હતો તેમને "માટે ધાર્મિક શિક્ષણ અને વ્રત ક્રિયાનો નિષેધ હતો. સામા- "જીક સનમાન તેમને માટે સુલભ નહોતું. જે સમાજમાં "તેઓ વસતા હતા, તેમના તરફથી તીરસ્કાર અને ધિક્કાર "પામવાથી તેઓ પરિવર્તન માટે આતુરતાથી રાહ જોતા "હતા અને જેમ જેમ તેઓની સંખ્યા વધતી ચાલી, ઉપ- "યોગી હુન્નર, ઉદ્યોગમાં પ્રવિષ્ટ થતા ગયા, જમીન અને "ગામોના માલીક બનતા ગયા અને તેમનો પ્રભાવ અને "સત્તા વિસ્તારતા ગયા તેમ તેમ આવી દ્વેષ યુક્ત જ્ઞાતિ "ભિન્નતા તેમને અસહ્ય થતી ગઇ. આ પ્રમાણે આખો "સમાજ વજ્ર તુલ્ય દ્રઢ ખોખામાં ગોંધાઇ રહ્યો હતો. શુદ્રો "સભ્યતા અને ઉદ્યોગમાં આગળ વધવા છતાં અને સમા- "જના સભ્ય તરીકે લાયક થવા છતાં તે કાળનું સામાજીક, "ધાર્મિક અને કાયદા સંબંધીનું બધું સાહિત્ય તેમના પ્રત્યે "અધમ અન્યાય વર્તાવી રહ્યું હતું."

ભારત વર્ષની આવી સ્થિતિમાં અંધકારના આવા યુગમાં એક એવી શક્તિનું સ્ફોટન થવુ—એક વ્યક્તિ વિશેષનો આવિર્ભાવ થવો—એ આવશ્યક હતું. અને તેમ બન્યુ—પ્રભુ મહાવીરનો જન્મ થયો.

ભગવાન મહાવીરે જીવનના ત્રીસમાં વર્ષે દિક્ષા ગ્રહણ કરી; ઉપદેશ આપી અનેક જીવોનું કલ્યાણ કર્યું; અને અનેક જીવો પોતાનું કલ્યાણ સાધી શકે તે અર્થે અનુપમ આદર્શ મુકતા ગયા; એમ આપણે જૈન—માનીએ છીએ અને કહીએ છીએ એમનુ નહિ પણ જૈનેતરો પણ તેમ માને છે. અને તે ડૉ૦ રવીંદ્રનાથ ટાગોરના નીચેના શબ્દો સાબીત કરે છે.

"શ્રી મહાવીરે ડીંડીમ નાદથી મોક્ષનો એવો સંદેશ હિન્દમાં વિસ્તાર્યો કે: ધર્મ માત્ર સામાજીક રૂઢી નહિ, પણ વાસ્તવિક સત્ય છે. મોક્ષએ સાંપ્રદાયિક બાહ્ય ક્રિયાકાંડ પાળવાથી મળતો નથી પણ સત્ય ધર્મના સ્વરૂપમાં આશ્રય લેવાથી પ્રાપ્ત થાય છે, અને ધર્મમાં મનુષ્ય અને મનુષ્ય વચ્ચેનો ભેદ સ્થાયી રહી શકતો નથી. કહેતાં આશ્ચર્ય ઉપજે છે કે: આ શિક્ષણે સમાજના હૃદયમાં જડ ઘાલીને બેઠેલી ભાવનાઓ રૂપી વિઘ્નોને ત્વરાથી ભેદી નાખ્યાં, અને આખા દેશને વશીભૂત કર્યો ત્યાર પછી ઘણાં કાળ સુધી આ ક્ષત્રીય ઉપદેશકોના પ્રભાવ—બળથી બ્રાહ્મણોની સત્તા અભિભૂત રહી હતી." અને ખરેખર પ્રભુ મહાવીરે જગતનું કલ્યાણ સાધવાનો—જગતને તેના માકરીઆ પ્રવાહના માર્ગેથી ઉંચે લેવાનો પ્રયત્ન કર્યો છે, એટલુંજ નહિ પણ જગતને સ્વાલંબન અને સેવાનો અમોલો આદર્શ અર્પ્યો છે, અને તેથીજ આપણે તેમની જયન્તિ ઉજવીએ છીએ. પણ—

પ્રભુનો જન્મ મહોત્સવ ઉજવતાં આપણે સંભાળવું ઘટે છે કે:— પ્રભુની જયંતિ એટલે માત્ર પ્રભુની પ્રતિમા કે છબીને હાર પહેરાવવો, પ્રભુનાં ગુણગાન કરવાં, પ્રભુનું પુજન અને સ્તવન કરવું, દેરાસરોમાં પુજા ભણાવી દીપમાળાઓ પ્રગટાવવી, મોટી મોટી સભાઓ ભરી, મોટાં મોટાં ભાષણો

**સાર**—પ્રભુ વીરના જીવનનો સાર: જગતના સર્વ જીવોને તારવામાં, માર્ગ ભુલેલાને માર્ગે ચઢાવવામાં, દુર્જનો પ્રત્યે દયા ભાવ બતાવવામાં જેણે રાગ દ્વેષને દેશવટો દીધો તે વિભૂતિએ હિંસાખોરી સામે સતત ઉપદેશ કરી અહિંસા પરમો ધર્મનો પ્રકાશ ફેલાવ્યો.

**છેવટે**—આવા જગત ઉદ્ધારક મહાપુરૂષોના ચરિત્ર અને સંદેશ એટલે ઉપદેશ ઘેર ઘેર જુદી જુદી ભાષાઓમાં વહેંચાય, વંચાય, ને મનન થાય, તોજ અંધકારમાં ઘસડાતા જગત પર પ્રકાશ પડે.

જગત આગળ પ્રભુનો સંદેશો રજુ કરવા આપણી સમાજના સાધુઓ, વિદ્વાનો, અને ધનિકોએ કંઇ કર્યું છે?

સાધુઓનો મોટો ભાગ પોતાનું ટોળુ મ્હોટું કરવા પાછળ એટલે શિષ્યો વધારવા માટે પોતાની શક્તિ ખરચી રહ્યો છે, ઘણા ખરાને અપાસરાની દિવાલો બહાર ઉપદેશ કરવો રૂચતો નથી. આવી સ્થિતિમાં સાધુઓની ક્યાંસુધી આશા રાખવી? સુકાનીવિહોણું તેમનું નાવ કોઇ પણ નિશ્ચિત દિશાના ધ્યેય વગર વર્તમાન પ્રવાહમાં વહી રહ્યું છે.

વિદ્વાનોને કંઇક કરવાની 'ધગશ' તો થઇ આવતી હશે પણ પૈસાના અભાવે ચુપચુપ બેસી રહેવું પડતું હશે એમ માનવું વાસ્તવિક છે?

ધનિકોના અમુક વર્ગને કશી લેવા દેવા નથી, જે વર્ગ દાનેશ્વરીનો દાવો કરે છે, તેને ધમંડ છે, ધર્મઘેલછા છે, એટલે તેના ધનનો પ્રવાહ જુદીજ દીશાએ વહી રહ્યો છે, કોઇ કીર્તિ પાછળ બહાવરા બની રહ્યા છે, કોઇ કહેવાતા ધર્મને નામે પૈસા ખર્ચી રહ્યા છે. આ દશા ધનિકોની છે એટલે તેમનીજ આશામાં બેસી રહેવું તેના કરતાં વિદ્વાનોએ કોઇ પણ યોજના તૈયાર કરી પ્રભુનો સંદેશ અને ચારિત્ર ઘેર ઘેર દરેક ભાષામાં પહોંચાડવું જોઇએ કે જેથી અંધારામાં ગોથાં ખાતા જગતને પ્રકાશનાં દાન લાધે!

કરવાં, કે મહોત્સવ નિમિત્તે ગાયન વાદનની મહેરીઓ ભરવી એટલુંજ બસ નથી; કારણ કે એ તો બહારનો દેખાવ થયો. એથી પ્રભુની જયંતી ઉજવી ન ગણાય. પણ પ્રભુ મહાવીરના અનુયાયી હોવાનો-સંતાનો હોવાનો-દાવો કરનાર પ્રત્યેકની ફરજ-કર્તવ્ય છે કે: પ્રભુના જન્મોત્સવથી માંડી, મોક્ષકાળ પર્યંતનો તેમનો જીવન કાળ જે સત્ય, પ્રેમ, દયા, ક્ષમા અને અહિંસા ઇત્યાદીથી ભરપુર ભર્યો મહાસાગર છે: જેમાં ત્યાગ અને સેવાનાં મોજાં ઉછાળા મારી રહ્યાં છે: તેમાંથી યથા શક્તિ થોડું પણ આચમન કરવું. અર્થાત્ ભગવાન મહાવીરના જીવ માત્ર પ્રત્યે મૈત્રી ભાવના રાખી તેની સેવા કરવાના ઉત્તમ આદર્શનું સહજ પણ અનુકરણ કરવું અને આમ કરીએ તોજ આપણે તેમની જયંતી ઉજવીએ તે સાર્થક છે: અન્યથા નહિ.

આજે પ્રભુના જન્મ મહોત્સવના મંગળ દિવસે અમારી અંતરની એટલી અને એકજ અભિલાષા છે. કે: પ્રત્યેક જૈન બાળ, પ્રભુ મહાવીરના જીવનને આદર્શ ગણી પોતાનું જીવન વ્યતિત કરે. અને એ મંત્રને સફળ બનાવે કે: जैनं जयति शासनं : ॐ શાન્તિ ! !

# વિકૃતિની વ્યાપકતા.

## આપણી જ્ઞાતિઓનાં બન્ધનો.

સમયના પ્રવાહ સાથે સમાજ અને ધર્મમાં, આપણા સાહિત્યમાં, આપણા મંતવ્યોમાં અને અનેક નાના મોટા સિદ્ધાન્તોના અર્થ, સમજણ અને પરિપાલનમાં વિકાર દાખલ થતો જાય છે. એ વિકૃતિએ કેટલું વ્યાપક સ્વરૂપ ધારણ કરેલું છે તેનો વિસ્તાર અને વિવેકથી વિચાર કરવો ઘટે છે. આધુનિક યુગમાં વર્ણાશ્રમ ધર્મની મહત્તા તૂટી ગઇ છે. તેને સ્થાને કહેવાતી અનેક જ્ઞાતિઓ અને પેટા જ્ઞાતિઓ રચાઇ ગઇ છે. અને ઐક્યના અનેક યુગરણુ પાકયા છતાં તડો અને વાડાઓ વૃદ્ધિ પામ્યાજ કરે છે. એટલુંજ નહિ પણ કેટલીક પેટા જ્ઞાતિઓ એટલા સૂક્ષ્મ અને સંકુચિત ક્ષેત્રમાં બંધાઇ ગઇ છે કે તેમની માનસિક, આર્થિક, શારીરિક વગેરે સ્થિતિ સંબંધી મુંઝવણોનો ઉકેલ કરવો ઘણો કઠિન થઇ પડે છે. વ્યક્તિ પ્રમાણની દૃષ્ટિથી વિચાર કરીયે તો તેમાં કાંતો કન્યાઓની અતિશયતા અને યુવકોની અતિ અલ્પતા જોવામાં આવે છે, અથવા તો કેટલીકમાં તેથી ઉલ્ટીજ સ્થિતિ પ્રવર્તી રહેલી છે આથી અનેક વ્યક્તિઓને આમરણાન્ત અપરિણીત દશા ગુજારવી પડે છે અને વંશની નાબુદી વહોરી લેવી પડે છે અથવા તો પરજ્ઞાતિમાં પ્રવેશ કરી અન્ય ધર્મ કે સંપ્રદાય સ્વીકારવો પડે છે. આવાં અને અન્ય અનેક કારણોથી સમાજની વસ્તીનું એટલે ધર્માનુયાયીનું પ્રમાણ ઘટતું જાય છે.

## વિશ્વધર્મીઓનાં આદર્શો

આવી દુઃખદાયક અને વિનાશ કારક સ્થિતિનાં નિવારણ માટે સમાજના હિત ચિંતકો અનેક જાતના સ્વપ્નાંઓ સેવી રહ્યા છે. જૈન ધર્મએ વિશ્વ ધર્મ છે. એમાં જાતિ બન્ધન જેવું કાંઇ છેજ નહિ, સંકુચિતતાનો સંપૂર્ણ અભાવ છે. પુરાતન સમયમાં મુખ્યે ચારે કોમોમાંથી અરસપરસ કન્યા વહેવાર પ્રચલીત હતો. અને વર્ણાશ્રમ મુખ્યત્વે કરીને ધંધાના ધોરણપર રચાયો હતો. તેનું પુનરાવર્તન કરવું આવશ્યક છે. જૈન ધર્મને અનુસરનારી સર્વ વ્યક્તિઓમાં એકજ પ્રકારનો વ્યવહાર હોવો જોઇએ. પછી ભલે તે શ્રીમાળી હોય કે લાડુઆ હોય કે પોરવાડ હોય-એવી આજે અનેકની ચોકકસ માન્યતા થયેલી છે, અને શ્રી વીરનો પણ મુખ્ય આશય એજ હતો. કેટલાંક હાલતુરત દશા અને વીશાનો ભેદ મીટાવી બન્નેનું એક વિશાળ ક્ષેત્ર કરવા માંગે છે. ટુંકમાં હાલની અનેક સંકુચિત પેટા જ્ઞાતિઓ અને તડો પુનર્વિધાન માંગે છે અને એ જેમ તાત્કાલિક સિદ્ધ થયે તેમ સમાજને હિતકારક અને પ્રાણદાયી છે.

## ગચ્છો અને વાડાઓ.

જે પ્રમાણે સમાજમાં તડો અને પેટા જ્ઞાતિઓની બહુલતા છે તે પ્રમાણે ધર્મમાં પણ અનેક ગચ્છો, ભેદો અને તડાઓ છે. સૌ સૌના ઉપાશ્રયો જુદા, સૌ સૌના ભક્તો જુદા અને સૌ સૌની ક્રિયાઓ અને રીતભાત જુદી. એક ગચ્છના ઉપાશ્રયમાં બીજા ગચ્છવાળાને ઉતારો નહિ, આવકાર નહિ. જેમ જેમ સમય પસાર થાય છે તેમ તેમ વિકૃતિ એવી પ્રસરતી જાય છે કે આપણે ફક્ત ગચ્છના વાડાથીજ અટકતા નથી, પરંતુ એક ગચ્છમાં અનેક આચાર્યો હોય તો દરેકનો વાડો જુદો. આવા દરેક આચાર્યના પરિવારનું મંડળ અલગ અલગ રીતે કાર્ય કરે. દરેકની પ્રણાલિકા જુદી-પરસ્પર સમાગમના અવસરો ઓછાં. જાણે કે દરેકનું એક અનોખુંજ જગત્! શ્રાવકને તો પોતાના જ્ઞાતિ-મંડળો.વગેરેના તડા ઉપરાંત ધર્મના ગચ્છો અને મુનિ વર્ગના વાડાઓને પણ શરણ થવું પડે છે; તેમાં પણ કોઇવાર સાધારણ બુદ્ધિની વ્યક્તિને કયા સમુદાયમાં જવું-કેમ કરવું, કોની વાણી માન્ય કરવી. એ બાબતમાં મતિ વિભ્રમ થાય છે, એટલે એની સમક્ષ તો બેઉ બાજુએ દુઃખમય સ્થિતિ ઉપસ્થીત થયેલી હોય છે.

## સમાન ધોરણ અને દોરવણી.

આ સ્થિતિના નિવારણ માટે-એક પ્લેટફોર્મ ઉપર સર્વ મુનીઓ એકત્ર મળે-વીચારોની આપ લે થાય-અનેક બાબતોનું સમન્વય અને સમાન ધોરણ થાય-એકસંપી થાય-સમાજ અને ધર્મના અનેક બળતા પ્રશ્નોનો વિવેકપૂર્વક, શાંતિથી, સહકારથી ઉકેલ થાય, સમાજ અને ધર્મમાં પ્રવેશેલાં અનિષ્ટ તત્વોનું સમારકામ થાય, સમાજને સમાન દોરવણી મળે, અને તેની સુધારણા; વિકાસ અને પ્રગતિ માટે ભવિષ્યનો સંગીન કાર્યક્રમ યોજાય-આવાં અનેક હેતુઓથી આકર્ષાઇને કેટલાંક ધર્મદાઝ ધરાવનારાં મુનિરાજો અને શ્રાવકો મુનિ વર્ગની એક પરિષદ બોલાવવાની મંત્રણા કરી રહ્યા છે. એ મંત્રણા વ્યકત સ્વરૂપ લેવા જલદી આગણાણી બને એવી સર્વની શુભ ભાવના છે.

હરિલાલ શાહ.

## જાહેર ખબર.

જાહેર ખબરો લેવાનું અમે નક્કી કર્યું છે. ભાવ વગેરેની વિશેષ માહિતી નીચેના શરનામેથી મંગાવી લેશો :—

મુંબઇ જૈન યુવક સંઘ.
નં. ૧૮૮, ચટાઇવાળા બીલ્ડીંગ,
મસ્જીદ બંદર રોડ, મુંબઇ નં. ૩.

# વઢવાણનું વાતાવરણ.

## સૌરાષ્ટ્રની વીરભૂમિની વીરતા.

## ચીમનલાલ કડીયા શું કહે છે?

વઢવાણે "રામવિજય પાછા જાઓ" સોટાબાજી બાઇ સીપાઇઓના યુવકોનો પડકાર જાગી પડયો. સૌરાષ્ટ્રના વીર યુવકોએ પોતાની વીરતા બતાવી આપી. તેથી શાસન ટોળી મુળી ગઢ અને ધ્રાંગધ્રા, ચુડા, લખતર, દુધરેજ, રાજપર, વઢવાણ કેમ્પ વીગેરે સ્થળે આવા પવીત્ર દીવસોમાં મોટરોથી દોડાદોડી કરી પણ કોઇ સ્થળે સ્થાન મળ્યું નહિ, છેવટે નિરાશ થયા.

ચૈતર સુદી ૧૫ ના રોજે વ્યાખ્યાનમાં ચીમનલાલ કડીયાએ સ્વમુખે કહ્યું કે હવે છેવટ એકજ રસ્તો છે, કે અમદાવાદ સંમેલન ભરો. કારણ કે સૌરાષ્ટ્રમાં સ્થાન નથી માટે ચાલો અમદાવાદ.

શેઠ જીવણ અબજી પાસેથી ખર્ચનો બંદોબસ્ત કરી લીધો છે ભાઇના ફુઆભાઇને શોભે? અને શોભા મારા ભાઇને વાહ! ભાઇ વાહ!

પેલો લાંબો ગણધર તેની ચાર દીવાલોમાં રૂ. ૧૦૦૦) ના ચેલેંજ આપે છે કે ધન્ય ભાઇ ધન્ય તારી અક્કલને.

તમોને તથા તમારા ગુરૂઓને પૂછું કે તમોએ અત્યાર સુધી આપેલ ચેલેંજનો કોઇ દીવસ સ્વીકાર કર્યો છે. આ તો ભોળી જનતાને ભુલાવામાં નાંખવાની તમારી ચાલ બાજી સીવાય ખરી કને?

તમારી આંખ આગળ તમારા ગુરૂની પડખે બેઠેલા છોકરા તમારાથી દેખાયા નહીં હોય ભાઇ. અરે પંજાબના રતીલાલને મુંડનાર તમારા ગુરૂ નોતા કે? અરે છાણીનો કેસ ભૂલી ગયા કે? છતાં પણ ભોળાઓને ભરમાવવાની ખોટી ચેલેન્જો શા માટે ફેંકો છો?

ચેલેંજ ચાર દિવાલમાં ફેંકવાની તમારી બહાદુરીથી જૈન જનતા હવે ક્યાં અજાણી રહી છે.

વઢવાણ શહેરમાં ભેગા થએલા ભકતો પાસેથી કેટલા રૂપીઆ પડાવ્યા અમદાવાદમાંથી કેટલા ભેગા કરવા ધાર્યું છે તે જણાવશો ખરા કે?

સૌરાષ્ટ્ર છોડવું પડે છે તેમાં દુઃખતો ઘણું હશે પણ ધારેલી ધારણા ફળીભૂત ન થવાથી અંતે ગુજરાતનો આશરો લેવા દોડયા કે?

ઘણા વર્ષોથી અમદાવાદ શાન્તી ભોગવી રહ્યું હતું તે અમદાવાદને હવે કયા રૂપમાં મૂકવા દોડધામ કરી રહ્યા છે. તે હજુ પણ કાંઇ સમજાતું નથી અને હવે અમદાવાદ તમારાથી ચેતી ગયું છે તેમ તમારી ટોળીને શું નથી લાગતું.

"ખબરપત્રી."

## : : લવાજમ : :

| | |
|---|---|
| વાર્ષિક (ટ. ખ. સાથે) | રૂા. ૨-૦-૦ |
| સંઘના (સ્થાનિક) સભ્યો માટે | રૂા. ૧-૦-૦ |

# આપણું એજ્યુકેશન બોર્ડ અને તેની હરીફાઇની પરીક્ષાઓ.

એ ઘણું ખુશી થવા જેવું છે કે આપણું એજ્યુકેશન બોર્ડ છેલ્લા વીસેક વર્ષથી દર વર્ષે હરીફાઇની પરીક્ષાઓ લઇ ધાર્મિક શિક્ષણ જૈન સમાજમાં વધારવા સારો પ્રયાસ કરે છે એટલુંજ નહીં બલ્કે તેના અભ્યાસક્રમમાં ત્રણ ત્રણ ચાર ચાર વર્ષે ઘટતા ફેરફાર દાખલ કરી, વિદ્યાર્થી વર્ગમાં તે વધુ ને વધુ કેમ આવકારદાયક થાય તે માટે ઘણી પ્રશંસનીય સેવા બજાવે છે. સીત્તેર પંચોતેર જેટલા સેન્ટરો ગોઠવી, પરીક્ષકોની મોટી સંખ્યાને આમંત્રી, આ પરીક્ષાઓ જે કાળજીથી મજકુર બોર્ડ લે છે તે માટે તેને ધન્યવાદ ઘટે છે. આ પરીક્ષાનો લાભ લેનારા વિદ્યાર્થીઓની સંખ્યા દર વર્ષે કુદકે અને ભુસકે વધતી જાય છે તેજ બતાવી આપે છે કે આ યોજના સફળ થઇ છે અને સમાજનું ખાસ ધ્યાન ખેંચી રહી છે.

અત્યારે ૧૨૦૦ વિદ્યાર્થીઓથી આ પરીક્ષાઓનો હાલ લાભ લેવાય છે. બાળ, પુરૂષ, કન્યા અને સ્ત્રી શ્રેણીના બધા મળી ૨૬ વિભાગો છે. એ બધું વીચારતાં એ તો સ્પષ્ટ છે કે એકતાનું બીજ યોગ્ય સિંચન અને પોષણથી કોમળ છોડનું રૂપ અત્યારે ધારણ કરી શક્યું છે અને જો તેની ઉચિત સાર સંભાળ લેવામાં આવશે તો થોડા વખતમાં અનેક શાખા પ્રશાખાવાળું, શીતળ છાંય દેનારૂં સુંદર વૃક્ષ રૂપ ધારણ કરશે અને સમાજને મીઠાં અને સ્વાદિષ્ટ ફળો ચખાડશે.

પણ ખેદની બીના તો એ છે કે જે મંડળી આ યોજના હાથ ધરી સફળ બનાવી છે તે મંડળને સમાજ તરફથી જોઇએ તેવી આર્થિક મદદ મળી નથી. મંદિરોમાં લાખો રૂપીઆ ખર્ચનારી, પ્રતિમાના આભૂષણોમાં પુષ્કળ દ્રવ્ય રોકનારી, વરઘોડા, સામૈયાં, ઉજમણાં, અને જમણવારોમાં હજારો રૂપીઆ વાપરનારી કોમનું કેન્દ્રભૂત આ કેળવણી મંડળ આર્થિક દુર્દશા ભોગવે તે વિચારજ નીરાશા અને વિષાદ લાવે છે. જૈન દાનેશ્વરીઓનાં દાન ઇતીહાસમાં મશહુર થઇ ગયાં છે પરંતુ અત્યારે તે પ્રવાહ કેમ સુકાયા જેવો થઇ ગયો છે તે એક કોયડો છે. છાત્રો માટે સારી વાંચનમાળાઓ તૈયાર કરવા માટે, વીદ્યાસંમેલનો ભરવા માટે, વીદ્યાર્થીયોગ્ય પુસ્તકોની આવૃતીઓ પ્રસીધ્ધ કરવા માટે, એક પાઠશાળા બોર્ડ હસ્તક ચલાવી તેમાં શીક્ષણને લગતા પ્રયોગો કરી, અનુભવો મેળવી તેને આદર્શ રૂપ સંસ્થા બનાવવા માટે અને તેમ કરી બીજી પાઠશાળાઓને અનુકરણીય દ્રષ્ટાંત પુરૂં પાડવા માટે ઉત્તમ પ્રકારના શીક્ષકો પુરા પાડવા માટે—આદી અનેક કેળવણીના કાર્યો માટે પૈસાની ઘણી જરૂર છે. અને તેના અભાવે અનેક હાથ ધરેલી યોજનાઓ પણ પડતી મુકાય છે અને પરીણામે સમાજને શોષવું પડે છે. તેથી એ અતિ આવશ્યક છે કે ધનિકો-કેળવણીપ્રિય સજ્જનો-ધર્મ શીક્ષણ પ્રેમીજનો આવા મંડળ તરફ પોતાનો ઉદાર હાથ વારંવાર લંબાવ્યા કરે અને મંડળને ઉત્સાહીત કરે. નહીં તો પછી આપણે તો જ્યાંને ત્યાં. B.

આ પત્રિકા અંબાલાલ આર. પટેલે 'સ્વદેશ' પ્રિન્ટીંગ પ્રેસ, ગાલા બીલ્ડીંગ, મસ્જીદ બંદર રોડ, માંડવી, મુંબઇ ૩ માં છાપી અને જમનાદાસ અમરચંદ ગાંધીએ નં. ૧૮૮, ચકલાવાળા બીલ્ડીંગ, મસ્જીદ બંદર રોડ, માંડવી, મુંબઇ ૩ મધેથી પ્રસિદ્ધ કરી છે.

યુવાન નવસૃષ્ટિનો સરજનહાર છે.

Reg. No. B. 2616.

# મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા.

તંત્રી : જમનાદાસ અમરચંદ ગાંધી.

| | | |
|---|---|---|
| વર્ષ ૨ જું. અંક ૧૫ મો. | સંવત ૧૯૮૭ ના ચૈત્ર વદી ૧૧. તા૦ ૧૩-૪-૩૧ | છુટક નકલ : ૦॥ આનો. |

# અયોગ્ય દિક્ષાના ષડયંત્રનો ભોગ બનેલા મુનિ ભકિતસાગરનો એકરાર!!

**વિપત્તિઓના વરસાદ વરસતાં અયોગ્ય દિક્ષાના પોષક સાધુઓનું સાચુ સ્વરૂપ સમજાય છે : સુંદર શબ્દો અને સ્વાર્થી સરભરાની મોહક આંધી દુર થાય છે : સંઘની સાક્ષીએ આદીશ્વર ભગવાનની પ્રતિમા સમક્ષ સાધુ વેષ ઉતારી શ્રાવક બનતા મુનિ ભકિતસાગર 'આંતર વ્યથા' ઠાલવે છે ;**

આબુ રોડ ખરેડી તા૦ ૩૧-૩-૩૧.

શ્રી જૈન શ્વેતાંબર પંચ સમક્ષ, મુ૦ આબુરોડ.

લી૦ હું નીચે સહી કરનાર મુનીશ્રી ભક્તિસાગરજી જણાવું છું કે સંસારી પણાનું નામ મહેતા ભોગીલાલ લક્ષ્મીચંદ રહેવાસી ગામ પાલણપુર જાત મ્હે સં. ૧૯૮૭ ના કારતક વદી ૧ ના રોજ મુની મહારાજ શ્રી સાગરાનંદ સુરીની પાસે રામવિજય મારફત મુંબઈમાં દિક્ષા નહિ દેવાના સબબે ખંભાત દિક્ષા લેવા માટે ભલામણ પત્ર આપીને મોકલેલ તેથી સાગરાનંદસુરીએ મને દિક્ષા આપી મારૂ નામ ભક્તિસાગર રાખેલ છે. હવે દિક્ષા લીધા બાદ મને એવી જાતનો આજ સુધીમાં અનુભવ થયેલ છે કે આજના સાધુ જમાનાના સાધુઓ કરતાં શ્રાવકજ વધારે પુન્ય કરી શકે છે, અને તેથી મ્હેં મારા આત્માનું કલ્યાણ આજના સાધુપણામાં નહિં થઇ શકે તેવા હેતુથી મારો ધર્મ હું નહિ ગુમાવી બેસુ અને અન્ય ધર્મમાં ન જાઉં તેવા હેતુથી આદિશ્વર ભગવાનના સમક્ષ મારો સાધુપણાનો વેશ છોડી શ્રાવકપણાનો વેશ મારી રાજીખુશીથી અંગીકાર કરૂં છું. સંસારીપણામાં મારૂ જવાનું કારણ ફકત એજ છે કે દિક્ષા લેતી વખતે રામવિજય વિગેરે સાધુઓએ મને પોતાનો શિષ્ય બનાવવા માટે સારો ભાવ-વર્તન વિગેરે એટલું બધું સરસ રીતે બતાવતા હતા કે પોતાના સગા છોકરાને પણ તેવી રીતે નહિં રાખતા હોય; પણ જ્યારે મ્હેં દિક્ષા સ્વીકારી ત્યાર પછી જે સાધુઓ પોતાના છોકરા કરતાં પણ વધારે સંસારીપણામાં ગણતા હતા તેજ સાધુઓ સાધુ બન્યા પછી ગુલામ કરતાં વિશેષ હલકા ગણી પોતાની મનસ્વી ઇચ્છાઓ સંપૂર્ણ કરવાની ફરજ પાડતા હતા. જો તેમની મનસ્વી ઇચ્છા મુજબ નહિં ચાલી શકાય તો તરતજ વિપત્તિઓનો વરસાદ વરસાવવામાં બાકી રાખતા નથી, અને તે વિપત્તિઓ સહન નહિં કરવાથી મ્હેં તો આપઘાત કરવા સુધીના વિચાર કર્યા છે, પણ આપઘાત કરવાથી કંઇ દુ:ખ જતું નથીજ રહેતું. તે દુ:ખ આ ભવમાં નહિ તો બીજા ભવમાં જરૂર સહન કરવું પડે છે. અને આ વિચારથી મ્હેં ધીરજ રાખી થોડું ઘણું દુ:ખ સહન કરીને મારા પુન્યજોગે ખરેડીના સંઘનો સમાગમ થતાં તેમની પાસે વિનંતી કરી મ્હેં આદીશ્વર ભગવાનની પ્રતિમા સમક્ષ મારો આત્માના કલ્યાણ અર્થે શ્રાવકપણાનો ધર્મ મારી રાજીખુશીથી સ્વીકારૂં છું. એજ.

લી૦, મુનિ ભકિતસાગરજી.

## યુવક જૈન પરિષદ

વડોદરા જૈન યુવક સંઘે અખીલ ભારત વર્ષીયે જૈન યુવક પરિષદ ભરવાનું નક્કી કર્યું છે.

સ્વાગત સમિતિનું કાર્ય શરૂ થઈ ગયું છે. તારીખો, પ્રમુખ વિ. હવે પછી થશે.

મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા.

पक्षपातो न मे वीरे न द्वेषः कपिलादिषु ।
युक्तिमद् वचनं यस्य तस्य कार्यः परिग्रहः ॥

શ્રીમદ્ હરિભદ્રસૂરિ.

# પડદો ચીરાય છે—ભીતરના ભેદ ખુલે છે!

આપણા કેટલાક કહેવાતા ધર્મના નેતાઓ, શ્રી વીરના સપુતો, મોક્ષના ઇજારદારો પડદા પાછળ કેવા કાવા દાવા, છળપ્રપંચ, મનસ્વીતા અને સ્વાર્થપરાયણતાના ખેલો ખેલી રહ્યા છે એ જૈન આલમથી હવે અવિદિત તો નથીજ. દિન-પ્રતિદિન તેમનાં કર્તવ્યો જનતા સમક્ષ નગ્ન સ્વરૂપમાં રજુ થયાં કરે છે અને નિઃશંસય રીતે સિદ્ધ કરી આપે છે કે આપણા સમાજમાં પક્ષો ઉભા કરનાર અને આપસઆપસમાં ઝઘડાઓના ઉત્પાદકો આ મુનિવરોજ છે. પુરાતન ઋષિમુનિઓએ આપણને સુણાવ્યું છે કે વૈરાગ્ય વગર ત્યાગ ટકતો નથી અને ત્યાગ વગર દીક્ષા સંભવતી નથી. એ ત્યાગ હૃદયના ઉંડાણમાંથી ઉદ્‌ભવેલો અને નહિ કે બળજબરીથી અને પ્રલોભનોથી છતાં પિતા કહેવડાવવાના મોહને વશ બની સાચા ખોટાની પરીક્ષા વિના પથ્થર એટલાં દેવ કરનાર સંસારીઓની પેઠે ચેલકાંઓની જમાત વધારવાના ઉચ્ચ (?) આશયથી પ્રેરાઈને ગમે તેવા અલેલટપ્પુને મુંડી નાંખી શાસનપ્રેમના ડોળઘાલુઓ શાસનના વિરોધી બની શાસનનું છડેચોક લીલામ કરી રહ્યાં છે એ આધુનિક યુગના જૈનોને લજ્જા અને ઘૃણા લાવનાર વસ્તુ છે. આવી નવમુંડીત વ્યક્તિઓનો મ્હોટો ભાગ જે રસ્તેથી આવ્યા તે રસ્તે પાછા ફરવાના વિશ્વના સનાતન, અબાધિત અને અવિચળ કાનુનને અનુસરી સંસાર તરફ પાછાં પગલાં ભરી રહ્યાં છે. ભૂતકાળના જૈન જગતમાં આવું પુનરાગમન અસંભવિત હતું. તેને મહાન પાપાચાર અને શાસનદ્રોહ તરીકે ગણવામાં આવતું. આજે દેવ સમક્ષ જીવન-ભરના લીધેલાં વ્રતો ભાંગનારને "એમાં શું થયું, પાળે એટલો ધર્મ!" એમ કહીને તેની પીઠ થાબડવામાં આવે છે. તાજે-તરમાં બનેલાં ત્રણ દ્રષ્ટાંતો સારા સમાજની અને આ શાસનના વિઘાતકોની ચક્ષુઓ ખુલી નાંખવાને પુરતાં છે.

પાલનપુરવાસી મહેતા ભોગીલાલ લહેરચંદ જેઓ સાગરાનંદસૂરીના વરદ (?) હસ્તે ગયા કાર્તિક વદી ૧ ના રોજ ખંભાતમાં ભક્તિસાગર બનેલા તેઓ ચૈત્ર સુદી બારસે પુનઃ ભોગીલાલ બને છે અને પાંચજ મહીનામાં તેમને અનુભવ થાય છે કે "ચાલુ જમાનામાં સાધુઓ કરતાં શ્રાવકજ વધારે પુન્ય કરી શકે, આત્માનું કલ્યાણ આજના સાધુપણામાં થઇ શકતું નથી, સાધુઓ અમુક વ્યક્તિને સાધુ બનાવ્યા પછી ગુલામ કરતાં વિશેષ હલકી ગણી પોતાની મનસ્વી ઇચ્છાઓ સંપૂર્ણ કરવાની તેને ફરજ પાડે છે, વિપત્તિઓનો વર્ષાદ વરસાવે છે અને સાધુને આપઘાત કરવાનો વિચાર થાય છે." આવી તો તેમની કેફીયત છે, દિલનો એકરાર છે. બીજા ભાઇ બેડાવાસી રતીલાલ પોતાની બાળપત્નીને રડતી, કકળતી મુકીને દીક્ષા લે છે અને ટુંક વખતમાં અમદાવાદ-માંજ સાધુ વેશ ત્યાગી પોતીયું, ડગલો પહેરી પુનઃ રતી-લાલત્વ પ્રાપ્ત કરે છે. ત્રીજી વ્યક્તિ એક સાધ્વી બાઇ છે. પોતે સંસારીપણામાં ભાઇ સોમચંદના ભોળાં અને નિર્દોષ ધર્મપત્ની. દીક્ષાના ઇજારદારોએ બાઇશ્રીને ઠસાવ્યું કે તમારી દીક્ષા પછી ભાઈ છટકી જશે. માટે બાઇએ દોઢ વર્ષના ગભરૂ બાળકને રઝળતો તરછોડી બાઇને અમદાવાદમાં દીક્ષાના ખભામાં સપડાવ્યાં. ત્યાં અનેક ગુલામીઓથી કંટાળી દોઢેક માસ ચારિત્ર પાળી સંસારી બની રતનપોળથી વઢવાણ ઉપડવા તૈયાર થયા, ત્યાં એવા સુર બહાર આવે છે કે, રામભક્તોએ ઝાંપડાની પોળમાં ઘુસાડયા, હોસાવ્યા, દબાવ્યા—પણ મન કાંઇ બળજબરીથી કોઇનું દબાવ્યું છે? છેવટે રામ—દીક્ષાનો ત્યાગ કરી અગ્નિરથમાં બેસી વઢવાણ પેલા બાળકને રમાડવા પધારવા કરી ગયા છે. આવા અનેક દાખલાઓ બની રહ્યા છે, દુનિયાની સમક્ષ રજુ થઇ રહ્યા છે, અને આપણા આવા કારસ્તાની સાધુઓનાં ભીતરના ભેદો ખુલી રહ્યા છે, ધર્મ વગોવાઇ રહ્યો છે, હાંસીને પાત્ર બની રહ્યો છે, સમાજના નાયકો ધુરંધરો હિતચિંતકો ચેતો, પ્રમાદ ત્યાગો, સમયનો ખ્યાલ કરો! તમારા ધર્મનું અધઃપતન લાવનારા, શ્રી વીર પ્રરૂપિત સંઘને કમકમાટભરી સ્થિતિમાં મુકનારા આવા કુસાધુઓ અને શાસનવિઘાતકોને શાસનનો નાશ કરતા અટકાવો! તેમની સાન ઠેકાણે લાવો! તેમના ઝેરી પ્રચારકાર્યનો વિનાશ કરો, અને તેઓ શાસનના સાધુઓજ નથી, બલ્કે તેના વિઘાતકોજ છે એવું ડિંડિમ નાદે જાહેર કરો!

## રતીભાઇ ઘેર આવ્યા.

અઢાર વર્ષની વયના બેડાવાસી ભાઇ રતીલાલે અમદાવાદમાં સાગરાનંદસૂરી પાસે દીક્ષા અંગીકાર કરેલી, ત્યારે માતા અને બાળપત્નિએ કલ્પાન્ત કરેલાં પણ પથ્થર ઉપર પાણી. આખરે દોઢ માસ દીક્ષાને શોભાવી તા૦ ૨૯-૩-૩૧ ના રોજ અમદાવાદથીજ સંસારી કપડાં ધારણ કરી પોતાના ઘર ભેગા બેઠા પધારી ગયા છે. ટુંકા વખતમાંજ સાધુ વેશ છોડવો પડયો એનો રતીભાઇ ખુલાસો કરશે?

## સાધ્વી વેશ છોડયો.

વઢવાણવાસી સોમચંદે પોતાની પત્નિને ભોળવી અમદા-વાદમાં દીક્ષા અપાવેલી પરંતુ 'મન વગરનું મળવું' તેમ કામ અને પોરીયા ઉંચકવાની પીડાથી લગભગ બે માસ ચારિત્ર પાળીને સંસારી કપડાં ધારણ કરી બાઇ વઢવાણ પોતાને ઘેર પહોંચી ગયાં અને પોતાના એક વર્ષના માતા વિહોણા બાળકને મળી ચુકયાં.

# જૈનોની મળેલી ગંજાવર જાહેર સભા.

## "જૈનોનું રાષ્ટ્રીય મહાસભા પરત્વે કર્તવ્ય."

શ્રી મુંબઇ જૈન યુવક સંઘના આશ્રય નીચે તા૦ ૬-૪-૩૧ ના રોજ રાત્રીના મુમ્બા દેવી ફુવારા પાસે એક જાહેર સભા મળી હતી.

પ્રમુખસ્થાને શ્રીયુત અમૃતલાલ દલપતભાઇ શેઠ બીરાજ્યા હતા.

**શ્રીયુત વીરચંદ પાનાચંદ:** મહાસભા અને કોઇપણ કોમીક કર્તવ્ય જુદું પાડી શકાયજ નહી. હિન્દ માટે સર્વની ફરજ એક સરખીજ છે. તે એ કે હિન્દ માટે મરવું અને હિન્દ માટે જીવવું. અહિંસાના વિશેષ સંસ્કારને લીધે લડતને અંગે પ્રેરણા દષ્ટીગત થય. અત્યારે આનંદની વાત એ છે કે દરેક ધર્મ સંસ્થા કે ક્રિયાઓમાં રાષ્ટ્રીય તત્વ ઉમેરાયું છે. તે સદ્ભાગ્યની નિશાની છે. અહિંસાનો સિદ્ધાન્ત તરીકે રૂઢ થતી જતી માન્યતા અને ફક્ત રાજકારણની નિતિજ નથી અને અહિંસાથી જગતની શાન્તિ છે તે ખુબ દાખલા સહિત સમજાવ્યું હતું. યુવાનોનો ફાળો ઘણો સુંદર છે. અને ખાસ કરીને તેમની રીતો જોતાં તેઓ બુદ્ધીશાળી તેમજ સમયને ઓળખનારા છે. અને પીઢાઓ જોતાં સામનો પણ કરે છે આ વખતે મહાત્માજીને જય ન મળે તો ફરીથી લડત માટે તૈયાર રહેવા સમજાવ્યું હતું.

શ્રીયુત મોતીચંદ ગીરધરલાલ કાપડીઆએ બે વસ્તુ પર ખાસ ભાર મૂકયો હતો. લડતને અંગે મુંબાઇના આત્મભોગની પ્રશંસા અને બ્હેનોએ આપેલ સુંદર ફાળો. સમસ્ત દેશનું કર્તવ્ય તેજ જૈનોનું કર્તવ્ય છે. તેમાં ભેદ હોઇ શકેજ નહિ. ફન્ટીઅર ગાંધી અબદુલ ગફુરખાનના ભાષણમાંથી મુખ્ય વસ્તુ પર ધ્યાન ખેંચ્યું તેવી એ હતી કે અમે સૈનિક છીએ. અને અમારા જનરલને અનુસરવા તૈયાર છીએ. નિયમન એજ લડતનું મૂળ છે. અને જનરલના નિયમોને અનુસરવું તે લડતું એક સૂત્ર છે. જૈનો વ્યાપારી હોવાથી પરદેશી વસ્તુના વ્યાપારના વ્યામોહથી પરતાવું ન પડે તેટલા માટે સ્વદેશીને ઉત્તેજન આપવાની અનિવાર્યતાની ચેતવણી આપી હતી.

શ્રીયુત મણીલાલ જેમલે ફરીથી લડત ઉભી થવાનો પ્રસંગ ઉત્પન્ન થાયજ, તો આત્મભોગની તૈયારી કરવા અને અનુસરવાની ખાત્રી આપી, સુંદર વિવેચન કર્યું હતું.

**પંડીત સુખલાલજી :—** "જૈનોનું મહાસભા પરત્વે કર્તવ્ય" એ વિષય યુવક સંઘે રાખ્યો છે. તેના કારણો આપણું માનસ કઇ દીશામાં છે તેનો અભ્યાસ કરીએ તો દેખાય તેવાં છે. પ્રથમ તો અત્યાર સુધી સાંપ્રદાયીક કર્તવ્યનાજ સંસ્કારો પડેલા છે, સંપ્રદાયના કામ માટેજ વિચાર કરે. કર્તવ્ય તરીકે સંઘ કાઢે કે સંઘના જમણવારો કરે. ધર્મ સ્થાનો જુઓ કે ધર્મગુરૂના ઉપદેશ તરફ જુઓ. દરેક ઠેકાણે સંપ્રદાય પુરતુંજ સમર્થન દેખાય. જીવનની વિશેષતામાં કમાવું અને વૈભવપૂર્વક ધાર્મિક ક્રિયાઓ કરવી. રાષ્ટ્ર જેવી વસ્તુ તદન ગૌણ ગણી છે. અત્યારે તો વાતાવરણજ એવું છે કે ફક્ત સંપ્રદાયનો વિચાર કરવો કામનો નથી. તેવી મતાંધતા નકામી છે. આપણો સંબંધ વિશ્વ જોડે હોવો જોઇએ તે આપણે સર્વ કબુલ કરીએ છીએ. પરંતુ કર્તવ્ય વખતે વાડા બહાર નજર જતી નથી. તે વાડો લઇ, તે દીશા તરફ કુચ કરવા આપણો સંબંધ ૩૩ કરોડ મનુષ્ય સાથે થાય તેવું અમલી કાર્ય થઇ શકે તે દીશા સૂચન કરવી તે એક કારણ છે. બીજું કારણ:—મને ઘણી બ્હેનો તેમજ યુવાનો પ્રશ્ન કરતા કે જૈનો આ લડતમાં કેમ ભાગ લઇ શકે. આ લડતનું રહસ્ય પરદેશોના ખીસામાં જતા પૈસા

### રામવિજયને પડકાર.

ગાંધીરોડ, અમદાવાદ. તા૦ ૯-૪-૩૧.

મુનિ રામવિજયજી,

આપની પ્રસિદ્ધિ તો જગજાહેર છે. બુઢી દીક્ષાના હિમાયતી, સુધારકના વિરોધી, સ્વરાજના કટ્ટા શત્રુ, સ્વદેશીના પ્રખર વિરોધી, ધર્મના સ્વયંમાન્ય ધર્મી અને ધર્મના નામે મોક્ષની અને સ્વર્ગની ટીકીટો કાઢી આપનારે પણ આપજ છો.

સમાજમાં આપે જે ઝેરી પ્રચાર કાર્ય કર્યું છે તેથી આખો સમાજ માત્ર નહિ, પણ યુવકો તેમજ અજૈન સમાજ પણ આપને ઓળખે છે. આપની પંજાબની, અમદાવાદની, મુંબઇની પ્રવૃત્તિ જગજાહેર છે; આપના પગલાં જ્યાં થાય ત્યાં કુસંપ ન વધાય તો આપની આબરૂ જતી રહે.

આપને આ પત્રથી ચેતવણી આપીએ છીએ કે અમદાવાદના યુવાનો આપના અત્રેના આગમનની વિરૂદ્ધ છે; તેઓ આપની પ્રવૃત્તિથી પૂરેપૂરા વાકેફ છે; તેઓ સમજી શકે છે કે આપ તેમના સમાજની, તેમના દેશની કેટલી ભલાઇ ચાહી શકો છો. દેશના હિત સામે, સ્વદેશી સામે, ખાદી સામે આપની દલીલો, મહાત્મા ગાંધીની આટ આટલી સેવા છતાં તેમના સામે આક્ષેપો આદિ કરવામાં આપ કદી પણ પાછી પાની કરતા નથી અને શ્રાવકોનું ભલું કરવામાં તો આપ પાપ માનો છો, તેમ છતાં તેજ શ્રાવકોના રોટલા ખાવામાં અને તેમના છોકરાઓ ઉપાડવામાં આપ પુણ્ય પણ માનો છો. આપની ગાળો તે યુવકો તો સોનાની નાળોજ સમજે છે. આપને આ આપેલી ચેતવણી છતાં આપ અત્રે પધારશો તો યુવકો તે સામે જે પગલાં લેશે તે સારૂ આપ આપને પોતાનેજ કારણભૂત માની લેજો.

આપને જે યોગ્ય લાગે તે કરજો; પરંતુ તે સમેના વાતાવરણને વિસારતા ના.

કાગળ રામવિજયને હાથોહાથ આપવામાં આવ્યો છે.

લી૦ મંત્રી: નવયુવાન જૈન સભા.

આપણે કહાવવા. એટલે કોઇના પૈસા લેવા તે ધર્મ વિરૂદ્ધ ગણાય. આ પ્રશ્નમાં સાધુ પંથીની છાપ દેખાય છે. તેઓમાંથી હિન્દમાંથી મળતો કયો લાભ જતો કર્યો છે? સારામાં સારો માલ મળે તે વાપરી શકે. અને આ દલીલને શું મેળ હોય? આ ખોટા વૈરાગ્યની છાપ છે. કર્તવ્યના પંથથી વિમુખતા સૂચન કરે છે. આ ખોટા વૈરાગ્યનો ઓપ ભૂંસવા તે બીજું કારણ છે. ત્રીજું કારણઃ—જૈન એટલે જૈન સિદ્ધાન્ત. તેમના આચાર, વિચાર અને ક્રિયા જૈનોના વિશાળ દ્રષ્ટીબિંદુ સૂચવે છે. અહિંસા પાણી ગળવામાં, કીડી વિગેરે બચાવવા અને પાંજરાપોળ પુરતી મનાતી. તે તો ઉંચ. પરંતુ અત્યારે અહિંસા, તપ અને પરિગ્રહનો વિસ્તાર કરવામાં આવે છે અને તે ૩૩ કરોડ મનુષ્ય સાથેનો સંબંધ જોડવા. જૈનો કઇ રીતે જુદા છે? ખાનપાન, બધી સગવડ લે. એટલે સ્વાતંત્ર્ય કે ગુલામી બન્નેમાં સરખોજ હિસ્સો છે. છતાં સાંપ્રદાયીક ભાવે તેમને જુદા રાખ્યા. એના પરિણામે જોશો કે મહાસભાના પ્લેટફોર્મ પર કોઇ જૈન આગળ આવ્યો નથી. વૈરાગ્ય ભાવના એટલે આપભોગ કે સંયમમાં ખર્ચ કરવો. તેને બદલે તેનો વ્યાપક અર્થ પિકેટીંગ કરતાં સહન કરવું તે બનાવવાનો હેતુ છે. આજે તો આપણે અહિંસા માટે હિંસા કરીએ છીએ. કયો પક્ષ હિંસા તરફ વધારે છે તે ત્રાજવે તોળી શકાય તેવું નથી. અત્યારે હિંદુ અને મુસલમાનની જેમ બે ફિરકા પડયા છે. સમ્યકત્વ સાચવવા લડાઇમાં જોડાય છે આ લડાઇઓમાં કેવળ બુદ્ધી અને શક્તિનો ક્ષય છે. આ પ્રવૃત્તિ હિંસામય છે. વૈરાગ્ય તો તેનું નામ છે કે આપણે ઓછામાં ઓછી સગવડ લેવી અને બીજાની અગવડોમાં ભાગ લેવો. પરંતુ અત્યારે તો એથી ઉલટુંજ બની રહ્યું છે. આપણી સગવડો પૂરેપૂરી સાચવવી અને આપણી અગવડોમાં મોટામાં મોટો ભાગ આપવો. ખરા જૈનને સતાધિતા જેવી વસ્તુજ ન જોઇએ. ખરૂં જોતાં વૈરાગ્યને નામે આળસ પોષાય છે. સામાયિક એટલે સમભાવ. તે ગમે તેવા કટોકટીના સમયમાં સમભાવ જે સ્વ. ગણેશ શંકર વિદ્યાર્થીએ સામાયિક કર્યું. હું દશ દશ સામાયિક કર્યા પછી પાણી પીતો. પણ મેં ખરૂં સામાયિક કર્યું નથી તેમ કહું છું. કંઇ પણ પરિસહ સહન કર્યા સિવાય ખાવા પીવા સંબંધી કે ટાઢ કે તડકો કંઇ જરૂર ન પડે અને સામાયિક કરો અને ભોગના સર્વ સાધનો સાચવો અને કંઇ પણ સગવડતા જતી કરવા તૈયાર ન હો તે સામાયિક નથી. તે સર્વને વ્યાપક રૂપે સમજો જેથી વિશ્વ, દેશ અને સમાજ સાથે સંબંધ—પ્રેમ ઉત્પન્ન થાય. પરંતુ અત્યારે તો અહિંસાને નામે હિંસા થાય છે. તે અહિંસાની આશાતના કરવા બરાબર છે. તકરાર છે. પાખંડ છે. પાટણ, અમદાવાદ, ખંભાત વિગેરે ગામોના કેસો તરફ નજર કરો. શું આ કર્તવ્ય છે? આ રીતે લાખો અનુયાયીઓનો કચ્ચરઘાણ નીકળી જાય તેને બદલે તો બાહુબળ અને ભરતનો દાખલો આપી સૂચન કર્યું કે જેમનામાં હિંસક વૃત્તિ પેદા થઇ છે. તેમણે પોતેજ મેદાનમાં જઇ લડી લેવું. તે માટે પ્રેક્ષકની ટીકીટ રાખવી. જે ઉપજ સમાજના કલ્યાણ અર્થે વાપરી શકાશે. પરંતુ સર્વેએ કહી દેવું જોઇએ કે અમે લડતના અનુયાયીઓ નહિ થઇએ. આ તો આખા સમાજને દોષ દેવાય છે. ધર્મની હાંસી થાય છે. માટે બધી બાજુથી શક્તિ એકત્ર કરી, સંઘબળ એકત્ર કરવા અને અહિંસા અને સમતાનો વ્યાપક અર્થ કરી તે જગત પરત્વે અમલમાં મૂકી, વિશ્વ સાથેનો સુંદર પ્રેમમય સંબંધ બાંધવા અનુકુળ થાય તે દીશા તરફ પ્રગતિ સૂચક છે તે ત્રીજું કારણ છે. આ તમારોજ સવાલ છે. તમારામાં બુદ્ધી અને શક્તિ છે. તે વકીલાત કે બીજી સગવડો છોડી, સ્વદેશીની ઉત્પત્તિ કરવા યોજના કરવા તેનો ઉપયોગ કરો.

શ્રીયુત અમૃતલાલ શેઠે વિરોધી પક્ષ તરફના ગડબડાટ પર ટકોર કરી હતી, આ બાબતમાં હું સમજું છું કે તમારા દીલમાં શંકા છે. તમારી કંઇક ઉણપ છે. તમે દીક્ષા—પોષક છો તે ભાવના હોય તો તે કેટલેક દરજ્જે સાચી છે. કેટલાએક નામોશીભર્યા પ્રસંગો બન્યા છે. અને પરદેશી રાજ્ય લાવવાનું કેટલેક અંશે આળ જૈન બંધુ પર મુકાય છે. શત્રુંજયની લડતના પ્રસંગે કેસ તૈયાર કરેલો. તેમાં વફાદારી માટે, જ્યારે અંગ્રેજો પૂરેપૂરી મુંઝવણમાં હતા ત્યારે દેશ પરદેશ ખાતે ડીટેકટીવ તરીકે કામ કર્યું તેની ખાતર દલીલો અથવા હકીકતો રજુ કરવામાં આવી હતી, કે બીજું કંઇ નહિ તો આ કાર્યો બદલ તો શત્રુંજય આપો? ઇતિહાસમાં જુઓ કદી દેશને ન સંભાર્યો, સ્વાર્થ સંભાર્યો. કોમ તરીકે વાડા બહાર નજર કરી નથી. ફિરકા તો એક મામુલી હુંસાત છે. જ્યારે કાળા વાવટા અને અંદર અંદર લાકડીઓ ઉડે છે તે સાંભળીએ છીએ ત્યારે જૈન તરીકે માથું નીચે નમાવવું પડે છે. સમાજ અને દેશને ઝઘડાઓ અહિતકર છે. છતાં અંદર અંદર ઝઘડા કરવા પડે તે શોચનીય છે. કોને ખાતર આ માથાં ફોડાવો છો? શું આવું કુંડાળું તોડી શકતા નથી. સંઘ હોય કે સોસાયટી સર્વને, તમારા આત્માને, તમારી જુવાનીને જૈન જનતાને અપીલ કરો. આ બાબતોમાં તમારા અને મારા માટે શરમાવા જેવું છે. વિચારોનો પ્રચાર ખુશીથી કરો. પરંતુ તે પ્રેમભર્યો પ્રચાર હોવો જોઇએ શું લાકડીમાં અહિંસા છે. વેર, ડર અને હુમલાની બુદ્ધીથી ચાલો છો ત્યારે અહિંસાથી ચાલો છો? કોઇપણ વાડાનો સાધુ કે શ્રાવક હિંસાના વિચારથી ચાલતો હોય તો તે ધર્મ નથી કરતો. અધર્મ કરે છે. અત્યારે વિશ્વના ઇતિહાસમાં અહિંસાનું નવું તત્ત્વ બહાર આવે છે. અને સર્વને પગે પડીને વિનવાએ કે ઝઘડા ન વધારો. અને બુદ્ધિ અને શક્તિ સારા માર્ગે, વિશ્વ પ્રેમ બાંધવા તરફ વાળો એ નમ્ર વિનંતિ છે.

## શ્રી જૈન શ્વેતાંબર એજ્યુકેશન બોર્ડ.

આ સંસ્થા તરફથી લેવામાં આવતી શેઠ સારાભાઇ મગનભાઇ મોદી પુરૂષવર્ગ અને શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ સ્ત્રીવર્ગ ધાર્મિક હરીફાઇની સને ૧૯૩૧ ની અને ત્યાર પછીની પરીક્ષાઓ નવીન નિર્ણીત થયેલા અભ્યાસક્રમ અનુસાર લેવામાં આવશે. આ અભ્યાસક્રમ પ્રમાણે અભ્યાસ શરૂ કરાવવા સર્વે પાઠશાળાઓના વ્યવસ્થાપકોને જણાવવામાં આવે છે. નવીન અભ્યાસક્રમની કોપી જેઓને ન મળી હોય તેઓએ ડે૦ ૨૦ **પાયધુની**, મુંબઇના સિરનામે પત્ર લખી મંગાવી લેવી આવતી પરીક્ષા ડિસેમ્બર ૧૯૩૧ માં લેવામાં આવશે.

લિ૦ સેવકો,

વીરચંદ પાનાચંદ શાહ,
સાભાગ્યચંદ ઉમેદચંદ દોશી,
માનદ મંત્રીઓ.

# તુલનાત્મક અને વિવેકદ્રષ્ટિ.

## પવિત્ર ભાગવતી દીક્ષા.

છેલ્લાં બે ચાર વર્ષમાં પવિત્ર ભાગવતી દીક્ષાને નામે સમાજમાં વૈમનસ્ય અને કલહ ઉપસ્થિત થયાં છે. કોઇ પણ જૈન આવી દીક્ષાનો વિરોધી હોઇ શકે નહિ. દીક્ષા-સંન્યાસ-ત્યાગધર્મ એ સર્વ કોઇ વ્યક્તિનું અંતિમ લક્ષ્ય છે અને હોવું જોઇએ. સૌ સૌના અધિકાર પ્રમાણે ક્રમશ: આત્મિક વિકાસ સાધે છે. એમાં અધિકાર ઉપરાંત જ્ઞાન, ઉમ્મર, સંજોગ, વાતાવરણ, ત્યાગ ભાવના વગેરે લક્ષ્યમાં રાખવાની ખૂબ આવશ્યકતા છે, એ વસ્તુ એવી ઉચ્ચ કોટીની છે કે સર્વ કોઇ વ્યક્તિથી સમાનપણે એ પ્રાપ્ત કરી શકાતી નથી. ઉપર્યુક્ત અનેક પરિસ્થિતિઓનો વિચાર કર્યા વગર ગમે તેવી વ્યક્તિને એ ઉચ્ચ, પવિત્ર, આદર્શ અને વિશ્વવંદ્ય સ્થાન ઉપર નિયુક્ત કરવામાં આવે તો તેમાંથી ઘણી વખત અનિષ્ટ પરિણામની સંભાવના રહે છે. એમાં સખ્યાબળ કરતાં ચારિત્રબળને પ્રાધાન્ય છે. આથી સમાજનું નામ નિન્દાને પાત્ર ન ઠરે, સમાજ અને ધર્મના ઉચ્ચ, પવિત્ર અને દિવ્ય સ્થાને સ્થપાયેલી વ્યક્તિનું કદાપી પણ અધ:પતન ન સંભવે, ખોટું અનુકરણ ન થાય એ ખ્યાલથી સમાજના કેટલાક હિતૈષીઓ એવું ઇચ્છે છે કે યોગ્યાયોગ્યતાનો વિચાર કરીને દીક્ષા અપાય તો જૈનત્વના સનાતન તેજને ઝાંખા પડવાનો સમય ઉપસ્થિત ન થાય.

## વિવેક દ્રષ્ટિ કે વિરોધ?

એ દિશામાં વિવેક દ્રષ્ટિથી વર્તવાને શ્રીમતી જૈન કોન્ફરન્સ અને શ્રી જૈન યુવક સંઘ જેવી સંસ્થાઓ યથાશક્તિ લોકમત કેળવી રહી છે. દીક્ષા-તત્વને માટે બન્ને સંસ્થાઓને અપૂર્વ માન છે અને હોવુંજ જોઇએ. પરંતુ સાધુ સંસ્થા કેવી રીતે નિર્મળ ચાલુ રહે, ભૂતકાળની માફક વિશ્વ વંદનીય ટકી રહે, જગતના ધર્મોમાં મહાન પવિત્ર, આદરણીય અને અનુકરણીય બની રહે એવા સમાજ હિતના શુભ આશયથી પ્રેરાઇને જ્યારે આવી સમસ્ત જૈન સમાજનું પ્રતિનિધિત્વ ધરાવતી સંસ્થાઓ પ્રયાસ સેવે, ત્યારે તેમને ભાગવતી દીક્ષાની વિરૂદ્ધ આચરણ કરનારી મંડળીઓના નામથી નવાજવી, અથવા તેના સંચાલકોને 'નાસ્તિકો' કે 'મિથ્યાત્વીઓ' તરીકે સંબોધવા, તેમજ તેઓને સાધુસંસ્થા ગમતી નથી, તેમને સંસારમાં રસ્યા પચ્યા રહેવું છે એવાં અને અન્ય અનેક પ્રકારના ગાળી પ્રદાનો, ગંદા પ્રચારકાર્યો, નિન્દાત્મક પ્રહારો અને અરસપરસ ફાટફુટ અને કલહની ચાલબાજીઓ સમાજ અને ધર્મની શુભેચ્છાઓ ધરાવનાર કોઇપણ વ્યક્તિ શોભતી નથી. એ સમાજ શરીરને કુઠાર પ્રહાર કરવા સમાન છે. ઉપર્યુક્ત સંસ્થાઓ જેને સમયધર્મી સુધારકોની સંસ્થાઓ કહેવામાં આવે છે તેમણે કદાપિ યોગ્ય દીક્ષાનો વિરોધ કે પ્રતિકાર કર્યો નથી, બલ્કે અનેક વખત સાથ આપ્યો છે. તેમને અયોગ્ય રીતે અણછાજતા સ્વરૂપમાં ચીતરી, જનતાને ઉશ્કેરી લડાઇના મોરચા માંડવા એ સમાજ અને ધર્મનો હિતચિંતક કદિ નજ ઇચ્છે.

## શ્રાવક સંસ્થા આવશ્યક છે?

બીજી બાબત શ્રાવક સંસ્થાના અસ્તિત્વ સંબંધી છે. આધુનિક કેટલાંક મુનિરાજોના વ્યાખ્યાનોમાંથી એવો ધ્વનિ નિકળતો જણાય છે કે આ સંસ્થા તદન નકામી છે, નિર્મૂળ કરવા લાયક છે. આ બધાં એકાન્તિક વચનો છે. સમજવાની જરૂર છે કે શ્રી મહાવીર દેવે ચતુર્વિધ સંઘની યોજના કરેલી દ્વિવિધ સંઘની નહિ. શ્રી મહાવીરે પ્રરૂપેલા ધર્મના સિદ્ધાન્તો કેવળ આદર્શમય અને સામાન્ય જનને અપ્રાપ્ય નથી, પણ દરેક વ્યવહાર અને સ્વીકાર કરવા લાયક છે. ભગવતી સૂત્રમાં તિર્થં ચાઉવણ્ણો સંઘો સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકા એ ચાર પ્રકારના સંઘને તીર્થ કહ્યું છે. એ ચતુર્વિધ સંઘ જંગમ તીર્થ છે. એ તીર્થને પ્રવર્તાવનાર તેજ તીર્થંકર એ ચતુર્વિધ સંઘના બનેલા જંગમ તીર્થથીજ સ્થાવર તીર્થનો ઉદ્ધાર અને સંરક્ષણ શક્ય છે. પ્રાચીન ધર્મ ગ્રન્થોમાં શ્રી મહાવીરના શ્રાવકો અને શ્રાવિકાઓનાં દ્રષ્ટાંતો આપણે વાંચીએ છીએ. તેમના તરફ બાતૃભાવ, પ્રેમ, સાચો સ્વામીવાત્સલ્ય દર્શાવેલો જોવામાં આવે છે, તેમનો તિરસ્કાર કે અવગણના કરેલી નથી. ધર્મી ઉપરજ ધર્મનો આધાર છે. ધર્મીની હસ્તી નષ્ટપ્રાય થાય તો ધર્મ વિચ્છેદ પામે છે. ભારત વર્ષના અનેક મંદિરો, ઉપાશ્રયો, તીર્થો, જ્ઞાનસંગ્રહો એ સર્વ શ્રાવક સંસ્થાને આભારી છે.

## સાપેક્ષ કે નિરપેક્ષ?

હિન્દુ ધર્મમાં પણ જીવનના ચાર આશ્રમોમાં ગૃહસ્થાશ્રમ ઘણુંજ ઉપયોગી, પરમોપકારક અને અન્ય સર્વ આશ્રમોના મૂળ તરીકે વર્ણવેલું છે. તે નિન્દ્ય અને નાશ કરવા લાયક નથી, અન્ય આશ્રમોના પાયા રૂપ છે. એ પાયા વગર સાધુ સંસ્થાની દિવાલ ટકી શકતી નથી. તેના ઉપરજ સાધુ સંસ્થાનું મંડાણ છે, તેમાંથીજ સાધુ સંસ્થા ઉત્પન્ન થઇ શકે છે, તેના વિકાસ ક્રમનું પગથીયું છે. સંસારને શાસ્ત્રોમાં બળતા ઘરની ઉપમા આપી હશે તે સાપેક્ષપણે વિચારવાની છે. સંસાર અને સંન્યાસની તુલનાત્મક વસ્તુસ્થિતિનો ખ્યાલ કરતાં મોક્ષનું અંતીમ ધ્યેય લક્ષમાં રાખીને એ વર્ણન છે, જેથી મનુષ્યો ક્રમશ: ઉત્તરોત્તર પ્રગતિ સાધે, અંતીમ પદ પ્રાપ્ત કરવા ભાગ્યશાળી બને. આ જીવી સામાયિક લેનાર બે ઘડી સામાયિક લેનાર સાથે કેવી રીતે વિરોધભાવ દાખવી શકે? પોતાનાજ મૂળમાં કુઠારઘાત કેવી રીતે કરી શકે? આથી જે કોઇ પણ વ્યક્તિ કોઇ પણ સંસ્થાનું એકાન્તિક રીતે પ્રતિપાદન કરે અથવા ગમે તે સંસ્થાને સાચવાને બીજી સંસ્થાનો વિચ્છેદ કરવા ઇચ્છે તે સમાજનો હિતચિંતક નથીજ, બલ્કે સમાજ અને ધર્મનો દ્રોહ કરે છે.

હરિલાલ શાહ.

---


## જાહેર ખબર.

જાહેર ખબરો લેવાનું અમે નક્કી કર્યું છે. ભાવ વગેરેની વિશેષ માહિતી નીચેના શરનામેથી મંગાવી લેશો:—

મુંબઇ જૈન યુવક સંઘ.
નં. ૧૮૮, ચટાઇવાળા બીલ્ડીંગ,
મસ્જીદ બંદર રોડ, મુંબઇ નં. ૩.

## આપણું એજ્યુકેશન બોર્ડ અને પરીક્ષાઓ સિવાયનાં અન્ય કાર્યો.

——:o◯:0:◯o:——

આપણું આ કેળવણી મંડળ હરીફાઇની ધોરણે ધાર્મિક પરીક્ષાઓ સંબંધી જે અગત્યનું કામ કરે છે તે ગયા અંકમાં આપણે જોઇ ગયા. આ પરીક્ષાઓ ઉપરાંત પાઠશાળાઓને અને વિદ્યાર્થીઓને મદદ કરવાનું કામ પણ પોતાની આર્થીક સ્થીતિના પ્રમાણમાં આ મંડળ કર્યે જાય છે. પરંતુ તે કાર્ય મંડળની નબળી આર્થીક સ્થીતિને લીધે વીસ્તારી શકાતું નથી. મ્હેસાણાવાળું શ્રી જૈન શ્રેયસ્કર મંડળ આ વીષયને અંગે જે મહત્વનું કાર્ય કરે છે તે જોતાં બોર્ડનું આ કાર્ય નીસ્તેજ જેવું જણાય છે. ખરૂં પુછાવો તો, શ્રી જૈન શ્રેયસ્કર મંડળ અને આ બોર્ડે આ વિષય પરત્વે કામની વ્હેંચણી કરવી ઘટે છે. અને શ્રી જૈન શ્રેયસ્કર મંડળ જે જે ન કરી શકે તે તે કામો આ બોર્ડે હાથ ધરવા ઘટે છે. જૈન કોમની સર્વ કેળવણી સંસ્થાઓ સાથે આ બોર્ડે નિકટનો પરિચય રાખવો જોઇએ અને તે તે સંસ્થાઓની કાર્યવાહીની સમાલોચના કરી કયાં કયાં સુધારા કરવા જોઇએ તે તે આ બોર્ડે સમાજને જણાવતા રહેવું ઘટે.

અમારા જાણવામાં આવ્યું છે કે મુંબઇની જૈન હાઇસ્કુલે પોતાને માટે ધાર્મીક અભ્યાસક્રમની વાચનમાળા તૈયાર કરવાનું કામ એક વીદ્વાન વ્યક્તિને સોંપ્યું છે. શ્રી જૈન શ્રેયસ્કર મંડળે આ દિશામાં કંઇક કાર્ય કર્યું છે પણ ત્રીજી ચોપડી પછીનું કામ બંધ થયા જેવું લાગે છે. વ્યક્તિગત કે સંસ્થાગત પ્રયત્નો આવકારદાયક છે પરંતુ વાચનમાળાનો પ્રશ્ન એવો વીકટ અને વિશાળ છે કે તે માટે એજ્યુકેશન બોર્ડ જેવી કેન્દ્ર સંસ્થા તે કામ હાથ ધરે તો વીશેષ ફળદાયી થાય. કેળવણી પરીષદ્ બોલાવી, તેવી વાંચનમાળાને અંગે ચોક્કસ નીણુંયો કરી, વિદ્વાનોની કમીટી નીમી તેવું કાર્ય હાથ ધરવામાં આવે તો સર્વદ્રષ્ટીએ સાંગોપાંગ અને સંગીન કામ થાય. થીગડાં માર્યે હવે ચાલી શકવાનું નથી. શીક્ષણરીતીઓને અનુસરીને, જમાનાને અનુકુળ પદ્ધતીએ તે કાર્ય કરવાનું હોય, એજ્યુકેશન બોર્ડે તે સંબંધે ગંભીર વીચારણા કરવી ઘટે છે. આવાં મહત્વના કાર્યો હાથ ધરવામાં બોર્ડે દાખવેલી શીથીલતાને લીધેજ ગત જુન્નેર કોન્ફરન્સમાં બોર્ડને અંગે એવો ઠરાવ કરવામાં આવ્યો કે બોર્ડે પાંચ વર્ષનો કાર્યક્રમ નક્કી કરવો. આમ છતાં તેવો કાર્યક્રમ હજી સુધી નિર્ણીત થયો હોય એમ સાંભળવામાં આવ્યું નથી. રાષ્ટ્રીય ચળવળોમાં કાર્યવાહકો રોકાયેલા રહેતા હોવાના કારણે કદાચ આવું અગત્યનું કાર્ય હાથ ન ધરી શકાયું હોય તે બનવાજોગ છે પરંતુ હવે તો તે તરફ સત્વર ધ્યાન આપવું ઘટે છે. કાર્યક્રમ તો ઘણુંય છે પણ પૈસા નથી એ દલીલ પણ ટકી શકતી નથી. સુકૃત ભંડારના પ્રવાહનો વેગ અનેક રીતે વધારી શકાય. યોજનાઓ ઘડી તે માટે દ્રવ્યની માંગણી પણ સમાજને કરી શકાય. જૈન સમાજમાં સારા કાર્યો માટે પૈસાની તાણ પડતીજ નથી. માટે હવે તો આ દીશામાં જલ્દી પ્રયાણ કરવું ઘટે છે. B

## (નકલ.)

તા૦ ૪-૪-૩૧

શ્રી યંગમેન્સ જૈન સોસાયટી સમાચારના તંત્રીની જોગ,

મુ. અમદાવાદ.

મુંબઇથી લીખતંગ રતીલાલ ભીખાભાઇના જયજીનેંદ્ર વાંચશો. તમારા તરફથી અંક છઠો મળ્યો નથી ભુલથી મોકલવો રહી ગયો હોય તો મોકલી આપશો. રસીદ નં૦ ૫૨ પ્રમાણે આઠ આના તા૦ ૧૧-૧૧-૩૦ ના રોજ વર્ષીક લવાજમના ભર્યા છે તેથી ધ્યાન ખેંચવા રજા લઉં છું કે આ કાગળ મળેથી તરતજ મોકલી આપશો. એ વાત સત્ય છે કે મેં તમારી સંસ્થાને ગુલામી ખત લખી આપ્યું નથી. તમારા વિચારોથી ભીન્ન વિચારો ધરાવું છું તમારા કર્તવ્યોની શરૂઆતથી ટીકાઓ કરતો આવ્યો છું અને તેથી જો તમો મોકલવા વિચાર ન રાખતા હો તો મહાન નાણાં પાછા મોકલી આપશો.

ખાસ નોંધ લેશો કે તમો સમાચાર પત્ર નહીં મોકલો તેથી તમારા સહામે થતાં લખાણો અટકી પડશે તેમ જો તમે ધારતા હો તો ભુલ કરો છો કારણ કે એવા મ્હારા ઘણા મીત્રો છે કે જેઓ તમારી સંસ્થાના સભ્યો સંજોગોને લીધે થયા છે અને તમારા તોફાની વીચારો સાથે મળતા નથી. એટલે તમારૂં માસીક સમાચાર જરૂરાજરૂર ફુરસદે વાંચીશ અને જ્યાં જ્યાં ધર્મની વીરૂદ્ધ લખાણ આવશે—જૈનોને છીન્નભીન્ન કરવામાં તમારી કલમ બહાર પડશે ત્યારે હું તમારી પોકળ લીલા જરૂરાજરૂર બહાર પાડતો રહીશ.

વિનંતી સાથે લખું છું કે જો આ કાગળ મળેથી ત્રણ દીવસમાં તમારા તરફથી છઠ્ઠા અંકની કોપી નહીં મળે તો હું તમારી લુંડાઇ માટે જરૂરાજરૂર ભગવાન મહાવીર દેવના શાસનદેવ પ્રત્યે પ્રાર્થના કરીશ કે આવા ભામટાઓની લુચ્ચાઇ સુધરે કે જેથી કરીને જૈન સમાજમાં અંગારા વેરે છે તે વેરતા બંધ થાય. હું પ્રભુ વદ્ધમાન જેવા પાઠો આપવાને જરૂરાજરૂર પધારે કે જેથી તેમની બુધ્ધી ઠેકાણે આવે ટુંકમાં હું નથી તમારો સભ્ય કે યુવક સંઘનો સભ્ય એટલે મ્હને તમારી કે યુવક સંઘની પરવા નથી—મ્હને પરવા છે ફક્ત વીતરાગ દેવ પ્રત્યેની મ્હારી શ્રધ્ધા કાયમ રહે તેનીજ. સમજશો તો ઠીક નહીં તો કુદરત તેનું કામ કર્યા કરશે અને અસત્ય વેરતા લેનારને જરૂરાજરૂર તેના કર્મ ભોગવવા પડશે તેની નોંધ લેશો. આ કાગળ પોસ્ટ સરટીફીકેટમાં મોકલાવ્યો છે

તા. ક. હજુ સુધી સોસાયટી સમાચારની કોપી મળી નથી તેથી જૈનોની જાણ માટે યંગમેન્સ જૈન સોસાયટીની પોકળતા અને મનોદશા જૈન તેમજ જૈનેતર સમાજના લક્ષમાં રહે તે ખાતર આ બહાર મુકવા ફરજ પડી છે.

લી૦ રતીલાલ ભીખાભાઇ.

તા૦ ૧૦-૪-૩૧.

## : : લવાજમ : :

| | |
|---|---|
| વાર્ષિક (ટ. ખ. સાથે) | રૂા. ૨-૦-૦ |
| સંઘના (સ્થાનિક) સભ્યો માટે | રૂા. ૧-૦-૦ |

આ પત્રિકા અંબાલાલ આર. પટેલે 'સ્વદેશ' પ્રિન્ટીંગ પ્રેસ, ગામા બીલ્ડીંગ, મસ્જીદ બંદર રોડ, માંડવી, મુંબઇ ૩ માં છાપી અને જમનાદાસ અમરચંદ ગાંધીએ નં. ૧૮૮, ગદાઇવાળા બીલ્ડીંગ, મસ્જીદ બંદર રોડ, માંડવી, મુંબઇ ૩ મધેથી પ્રસિદ્ધ કરી છે.

યુવાન નવસૃષ્ટિનો સરજનહાર છે.

Reg. No. B. 2616.

# મુંબઇ જૈન યુવક સંઘ પત્રિકા.

તંત્રી : જમનાદાસ અમરચંદ ગાંધી.

વર્ષ ૨ જું. અંક ૧૬ મો. | સંવત ૧૯૮૭ ના વૈશાખ સુદી ૨. તા૦ ૨૦-૪-૩૧ | છુટક નકલ : ૦ાા આનો.

## શ્રી સાગરાનંદસુરીના શિષ્ય ચંદ્રસાગરની ઉત્સૂત્ર પ્રરૂપણા.

વઢવાણ કેમ્પમાં પોતાનો અડ્ડો જમાવવા માટે રામ ભકતોએ ખાસ ચંદ્રસાગરજીને તેડાવ્યા, કેશર વિજય સદ્દી ગ્રંથમાળાના સંબંધી જગ બત્રીસીએ ચડેલા રામ ભકત …… વરનો ભા જન્યો હતો. કેમ્પના જૈન સંઘે ઘણીજ સમય-સુચકતા વાપરી હતી કારણકે કેમ્પના શાંન્ત વાતાવરણમાં દાવાનળ ન પ્રગટે. છતાં કારસ્થાન કરનાર ટોળી યેન્ કેન્ પ્રકારે સંમેલનો ભરવા માંગતી હતી. છતાં શેઠ નગીનદાસ શેઠ પોપટલાલ ફાવી શક્યા નહી ત્યારે આખા સૌરાષ્ટ્રમાં દોડા-દોડ કરી પણ સ્થાન મળ્યું નહી ત્યારે ગુજરાતનો આશરો લેવો પડયો.

ચંદ્રસાગરજીએ અહીં વ્યાખ્યાન શરૂ કર્યું અને પચીસ માણસોની વચમાં તેમનો વેપાર શરૂ કર્યો અને ચારીત્રની પુષ્ટીમાં ઉત્સુત્ર પ્રરૂપણા કરવી તે તો તેમનો ધંધોજ રહ્યો, એટલે તેમના હૃદયમાં એમજ હતું કે આ બધા મેં દાબ્યો છે પણ ત્યાં તો ભડકો થયો. કારણ? તેમણે જણાવ્યું કે સર્વ વીરતીધર્મી-દેશ વીરતી ધર્મી અધર્મી અને સમકીતી અધર્મી. અને મીથ્યાત્વી મહા અધર્મી. કૃષ્ણ ભગવાન શ્રેણીક મહારાજાને જો કે ક્ષાયીક સમકીત હતું છતાં શાસ્ત્રકારે તેમને અધર્મી કહ્યા છે કારણ કે તેમનામાં વિરતીપણું ન હતું એટલે-વિરતી વગરનો મનુષ્ય અધર્મી છે પછી તેને જૈન તો કેમજ કહેવાય ?

આ વખતે વ્યાખ્યાનમાં બેઠેલ એક ધર્મના જાણકાર ભાઇએ જણાવ્યું કે મહારાજ સાહેબ આપ જે બોલો છો તે વ્યાજબી નથી "ઉવસગ્ગહરં"ની ગાથા ટુંક સંભળાવી વાળી કહી અને સમકિત અને તેમાં પણ ક્ષાયિક સમકિત કે જે સર્વથી શ્રેષ્ઠ છે તે સમકિતને અધર્મી કહી શકાયજ નહી. નવપદજીની પુજાનો દાખલો આપી જણાવ્યું કે ચારીત્ર વગર મોક્ષે જવાય પણ સમકિત વગર નહી" છતાં પણ મહારાજે પોતાનો કદાગ્રહ છોડયો નહીં અને "ચાલ્યા જવાનો ભણકારો નાખ્યો." આથી ચર્ચા વધી. સામસામી ચર્ચાઓ ચાલી અને આ સંબંધિ વિશેષ ચર્ચા ઉડશે, તેમ આખાય ગામમાં હોહાકાર થઇ રહ્યો. આ મુનીશ્રીની સાથે એક માંદગીવાળા સાધુ હોવાથી એક માસ રહેવાના હતા પણ ચર્ચા શરૂ થતાં અને ન્યાયી જવાબ આપવાની શક્તિ ન હોવાથી સાંજના પલાયન થઇ ગયા, જે કોઇને ખબરજ પડી નહી.

હવે ગીતાર્થ સાધુઓને તથા શ્રાવકોને વિનંતી છે કે આ ચંદ્રસાગરજીનું વચન ઉત્સુત્ર ભાખી છે કે કેમ? તેનો ખુલાસો જૈન પ્રજાની જાણ માટે દરેકે દરેક કરશો તેમ વિનવું છું.

લી૦ ખબરપત્રી.

## જૈન-યુગના લેખકોને.

### નિતી-રીતીના આકર્ષક નામ નીચે છુપાયેલ નિર્બળ મનોદશાને ફગાવી દો!

શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ તરફથી ત્રિમાસીક "જૈન યુગ" મોહનલાલ દલીચંદ દેસાઇના તંત્રીપણા નીચે અનિયમીત રીતે પ્રગટ થતું હતું. ધીરે ધીરે જૈન યુગના કાર્યવાહકોને પોતાની બેદરકારીનું ભાન થયું અને જૈન યુગને ત્રિમાસીકમાંથી પલટાવી પત્રિકા પત્ર બનાવી નિયમીત રીતે જૈન સમાજને ચરણે ધરવાની ઉમેદ થઇ. અને તે પાર પડી.

જૈન યુગના કોલમોમાં અગ્રસ્થાન ભોગવનાર લેખકો જૈન સમાજના વિદ્વાન અને સુનંદા લેખકો હોવા ઉપરાંત જૈન શ્વેતાંબર કોન્ફરન્સના ખાસ કાર્યવાહકો છે. એટલે શ્રીમતિ કોન્ફરન્સ ઉપર થતા અસત્ય આક્ષેપ અને ગ્રામ્ય હુમલાઓનો સામનો કરવો એ જૈન યુગના લેખકોનું પ્રધાન કર્તવ્ય હોવું જોઇએ, છતાંય જ્યારે વિરૂદ્ધ પક્ષ તરફથી શ્રીમતિ કોન્ફરન્સ ઉપર અનેક પ્રકારના અસત્ય, ગ્રામ્ય અને હલકા હુમલા કરવામાં આવે ત્યારે જૈન કોન્ફરન્સના કાર્યકર્તાઓ (જૈન યુગના ખાસ લેખકો) તેવાં લખાણો પ્રત્યે તદ્દન બેદરકાર રહે એ જૈન યુગના લેખકો માટે અતિ શરમાવનારી બીના છે.

"જૈન-યુગ" એ જૈન કોન્ફરન્સનું મુખ-પત્ર છે. અને જૈન શ્વેતાંબર કોન્ફરન્સ એ અખીલ ભારતવર્ષના મૂર્તિપુજક જૈનોની પ્રતિનિધીત્વ ધરાવનારી સંસ્થા છે એટલે જૈન સમાજના આંગણે આંગણે ચર્ચાઇ રહેલ સામાજીક, ધાર્મિક, નૈતીક અને રાષ્ટ્રીય પ્રશ્નોના પ્રત્યેક વિભાગપર તટસ્થ બુદ્ધિએ વિચારણા કરવાને જૈન-યુગના કોલમો સદાને માટે ખુલ્લાજ હોવા જોઇએ. પરંતુ અફસોસ! દિલગીરીની વાત છે કે, જૈન યુગના પ્રથમ અંકના "નિતી-રીતી" એ હેડીંગ નીચેના અગ્રલેખમાં ઉત્સાહીત લેખકોની લેખન-શક્તિપર અમુક અંશે કાપ મુકાયો છે આશા છે કે, જૈન-યુગના કાર્યવાહકો "નિતી-રીતી"ના સુંદર અને આકર્ષક નામ નીચે છુપાએલ નિર્બળ મનોદશાને ફગાવી દઇ સત્ય બીના સમાજને ચરણે રજુ કરવામાં પાછી પાની નહિ ભરે. એજ અભ્યર્થના!

"સત્ય-વક્તા."

મુંબઇ જૈન યુવક સંઘ પત્રિકા.

पक्षपातो न मे वीरे न द्वेषः कपिलादिषु ।
युक्तिमद् वचनं यस्य तस्य कार्यः परिग्रहः ॥

શ્રીમદ્ હરિભદ્રસૂરિ.

# શ્રી જૈન યુવક પરિષદ.

આજથી પંદર દિવસ પહેલાં પત્રિકા મારફત વડોદરામાં જૈન યુવક પરિષદ ભરનાર છે તે સમાચાર અમોએ પ્રસિદ્ધ કર્યા હતા. વડોદરાના યુવાન બંધુઓના પ્રયાસ માટે અમો અભિનંદન આપીએ છીએ. વડોદરા મધ્યસ્થ સ્થળ હોવાથી જુદા જુદા સ્થળના યુવકોને અનુકુળ થઇ પડે તે સ્વાભાવિક છે. પરિષદનું સ્થળ નક્કી થયા પછી નીચેના મુદ્દાઓ વિચારવાના રહે છે. પરિષદનો સમય કયો, બંધારણ, ઠરાવો સંબંધી વિચારણા, જુદા જુદા સ્થળોમાં પ્રચાર કાર્ય. જો કે ઘણે સ્થળેથી જે સુચનાઓ આવે છે તેમાં સમય જેમ બને તેમ વહેલો નક્કી થાય તેમ ઘણા બંધુઓ ઇચ્છે છે. અમારા સહકારી બંધુઓ પણ પરિષદ વહેલી મળે તેમ ઇચ્છે છે. પણ બહોળા પ્રમાણમાં પ્રચાર કાર્ય કરવું હોય ને ઠરાવોના ખરડાની છુટથી ચર્ચા થવા દેવી હોય તો પરિષદનો સમય મોડો રાખવાની જરૂર પડશે. વડોદરાના બંધુઓ પણ અમોને મળેલા સમાચાર મુજબ પરિષદ કારતક માસમાં ભરવાના નિશ્ચય ઉપર આવ્યા છે. જરૂર જણાયેથી તેમાં થોડો ઘણો ફેરફાર કરવો હશે તો કરી શકાશે. વચ્ચેના સમયમાં વડોદરાના બંધુઓએ પ્રચાર કાર્ય શરૂ કરી દેવું જોઇએ. પરિષદ ભરાય તે પ્રસંગે કયા ધોરણે કામ લેવાનું છે. ડેલીગેટો કોણ થઇ શકે, કોણ તેને ચુંટી શકે. પરિષદનું ક્ષેત્ર વગેરે મુદ્દા ઉપર હસ્ત પત્રો બહાર પાડી છુટથી ચર્ચા થવી જોઇએ. વડોદરાના ભાઇઓને એક સુચના ખાસ કરીને કરવાની છે કે જે બંધારણ ઘડે, જે રૂપરેખા નક્કી કરે તે એટલી સાદી ગોઠવજો કે જેથી બીજા ગામો બીજે વરસે આમંત્રણ કરવાની હિંમત ધારી શકે. 'આવું તો આપણાથી થઇ શકે નહિં' એવી ભીતિથી અનુકરણ ન થઇ શકે તેવી ધામધુમની આપણે જરૂર નથી. યુવક પરિષદ પોતાના પગ ઉપર રહી શકે. ભરનારે ગામવાળાઓ અલ્પ મહેનત તથા થોડા ખર્ચે ભરવાની હિંમત કરી શકે તેવી યોજના ઘડવાની જરૂર છે. સ્વાગત સમિતિ યોગ્ય સંખ્યામાં રચાઇ જાય ત્યાર પછી જુદી જુદી સમિતિઓ નીમવી જરૂરની થઇ પડશે તેમાં પ્રચાર સમિતિ તથા બીજી એકાદ બે કમીટીઓ તાકીદે નીમવાની જરૂર હોય તે નીમાવી જોઇએ. ઉદ્દેશ અનુસારના મંડળોના લીસ્ટ મેળવવા તથા તે મંડળો સાથે પત્ર વ્યવહાર શરૂ કરી દેવો જોઇયે. વિચારોની સારી રીતે ચર્ચા બાદ જરૂર જણાય તો જુદા જુદા સ્થળના મુખ્ય કાર્યવાહકોને વડોદરામાં નિમંત્રી તેમની સાથે વિચારણા કરી છેવટની રૂપરેખા નક્કી કરવી. જેથી પરિષદ ભરવા પ્રસંગે સરળતાથી કાર્ય થઇ શકે. જે બંધુઓ આવી પરિષદની જરૂરીયાત સ્વીકારે છે તેમણે પણ હવે બેસી રહેવાનું નથી. યુવકોના મંડળોએ પોતાની આસપાસ પરિષદ સંબંધી સાધારણ ભાષણો એવા ગોઠવી જાગૃતિ આણવાની જરૂર છે. પરિષદ ભરાય તો ઠીક એટલું કહેવાથી પરિષદ ભરાઇ જતી નથી વળી પરિષદ પાસેથી જે વસ્તુની આપણે આશા રાખતા હોઇએ. તે વસ્તુની વિચારણા પોત પોતાના મંડળોમાં અવશ્ય કરવી જોઇએ. તે ઉપરાંત પોત પોતાના વિભાગની જુદી જુદી ધાર્મિક સંસ્થાઓની માહિતિ યુવાનોએ એકત્ર કરવી જોઇએ. કેળવણીને અંગે પોત પોતાના વિભાગમાં શું શું જરૂરીયાતો છે જે જે કેળવણીની સંસ્થાઓ ચાલે છે તેમાં શું શું ખામી છે તે ઉપરાંત પોત પોતાના સંઘોમાં બંધારણ શું છે તે બધી માહિતી યુવાનોએ મેળવી લેવાની જરૂર છે પુરતી માહિતી સાથે રચનાત્મક ને ખંડનાત્મક બંને પ્રકારની કાર્ય પ્રણાલિકા યુવાનોએ ગોઠવવાની છે. પરિષદનો ઉદ્દેશ તથા ડેલીગેટની લાયકાત વિગેરેની યાદી વડોદરાની કમીટી તરફથી પ્રગટ થાય તે પછી તરતમાંજ સ્થળે સ્થળના મંડળોએ પોતાના મંડળના નામો વડોદરા સમિતિ ઉપર મોકલી આપવા જોઇએ જેથી વડોદરા સમિતિના કામકાજમાં સરળતા થાય વિવેકમાં રહીને પણ દરેક વિષયને આ પરિષદમાં ચર્ચાવા દેવો જોઇએ. યુવાનોએ સંકોચિત મનોદશાનો ત્યાગ કરવો જોઇયે ચોક્કસ વિષય પરિષદમાં ચર્ચાવાનો છે માટે આપણે ભાગ લેવો નહિ એવી વિચાર શ્રેણીને ત્યાજ્ય ગણવી જોઇએ જે મનોદશા માટે આપણા વડીલોની ટીકા આપણે કરતા હઇએ તેજ મનોદશા યુવાનોની ન હોવી જોઇએ પોતાના વિચારો પરિષદમાં મુકવાની સર્વેને છુટ છે. તો પછી શા માટે પોતાના વિચારો પરિષદ સમક્ષ મુકી બીજા બંધુઓને પોતાના વિચારના બનાવવાનો પ્રયાસ ન કરવો. જે મર્યાદા કોન્ફરન્સ નથી રાખતી તો પછી યુવક પરિષદમાં મર્યાદા હોઇ શકે નહિ. યુવાનોએ પોતાનો અવાજ હવે છુપાવવાની જરૂર નથી. સત્તાના શોખીનોને તથા કંઠાળીઓની સત્તાને લઇ ચલાવી લેવાની નબળાઇ યુવાનોએ રાખવાની જરૂર નથી. કોમની સાચી સેવા તથા પોતાનું યોગ્ય સ્થાન યુવાનોએ સંભાળી લેવાની જરૂર છે. છેલ્લી રાજદ્વારી લડતે યુવાનોની શક્તિનો ખ્યાલ આપ્યો છે દ્રવ્યની અનુભવની બધી અગવડો દુર કરી પુરતા ત્યાગ સાથે પરિષદને ફતેહમંદ બનાવવાના પ્રયાસોમાં અન્ય સ્થળના યુવકો ફાળો આપશે એવી આશા રાખીયે છીએ.

---

**શિક્ષણ સમેલન**–જૈન એજ્યુકેશન બોર્ડે જૈન શિક્ષણ સમેલન ભરવાનો ઠરાવ કર્યો છે. સ્થળ તથા સમય નક્કી થયે જણાવવામાં આવશે,

**શેત્રુંજયની યાત્રા બંધ થવાની અફવા**–હાલ કેટલોક વખતથી એવી અફવા સમાજમાં ફેલાવેલી છે કે શત્રુંજયની યાત્રા બંધ થવાનો સંભવ છે. આ બાબતમાં આણંદજી કલ્યાણજીની પેઢીના કાર્યવાહકોએ યોગ્ય ખુલાસો પ્રગટ કરી કોમને સાચી પરિસ્થિતિથી માહિતગાર કરવાની જરૂર છે.

# નાનકડી વ્યવહાર એકતા.

જૈનો-જૈન ધર્મીઓ-આજ કેટલી ન્યાત જાતોમાં વહેંચાઇ રહ્યા છે તેનો આપણે વિચાર કરવો ઘટે છે. જૈન ધર્મને પાળનારા, અહિંસાને માનનારા નિરભિમાનીઓ વચ્ચે વ્યવહાર ભેદ પાળવો કે કેમ એ વાત વિચારવાનો અને તેને માટે કાંઇક કરવાનો સમો હવે ક્યારનોએ આવી લાગ્યો છે. રોટી વ્યવહાર અને બેટી વ્યવહારના સવાલનો ફડચો પણ એજ રીતે કરીને જૈનત્વને એક અને અખંડ કરવાની વેળા હવે આવી પુગી છે.

જૈનોનો મોટો ભાગ વણિક વર્ગનો છે, એટલે અન્ય નાના વર્ગને એમાંજ સમાવી લેવો ઘટે એમ માનીને વણિક જૈનો માટેજ પ્રસ્તુત લેખમાં વિચાર કરીશું.

આપણી કોમને આપણે શ્રીમાળી, ઓશવાળ, પોરવાડ, વળી દશા, વીશા વગેરેમાં વહેંચી નાંખી છે. તેની વહેંચણી વળી પાછી સ્થાનકવાસીને દેરાવાસી તેમજ દિગમ્બર સંપ્રદાયમાં કરીને કોમના ભાગલા વ્યવહારૂ રીતે પાડતાં આપણે પાછું વાળી જોયું નથી.

આ પ્રશ્ન કોમનો કે ધર્મનો નથી. પણ બંનેનો ઓતપ્રોત સવાલ છે. જૈન કોમ ધાર્મિક દ્રષ્ટિએ એકજ કોમ છે, એકજ હોવી ઘટે તો વ્યવહારિક નજરે તે એક કાં ન હોય? અને છતાં ઘણે સ્થળે ગુજરાત-કાઠીઆવાડમાં આપણે એજ દ્રષ્ટિએ એટલે ધાર્મિક નજરેજ વ્યવહારૂ એકતાના ભાગલા પડી ગયા છે એ ખેદની વાત છે. દાખલા તરીકે ઝાલાવાડના ધોળ લ્યો, ત્યાં "વાસી"નાજ ઝઘડાઓ કોઇ રીતેજ ન શમે. જૈનત્વને વાસી શું ચાલશે?

એમ એક તરફ જૈનત્વનો વ્યવહારિક દેરાવાસીને સ્થાનકવાસી વચ્ચે વહેંચાઇ રહ્યો છે તો બીજી બાજુએ એકજ સંપ્રદાયના (દેરાવાસી કે સ્થાનકવાસી બેમાંથી ગમે તે એકજ) બે જૈનો વચ્ચે પણ કન્યા વ્યવહાર નથી થતો કારણ કે તેઓ દશા કે વીશા, અગર ઓશવાળ કે પોરવાડ હોય છે.

અહો આટલેથીજ અતોષ ન માનતાં આપણે સ્થાનિક ઉંચનીચના ભેદ પાડતાં પણ પાછી પાની કરી નથી. કદાચ ગુજરાત કાઠીઆવાડ બે સામાજિક રીવાજોને અંગે હાલ એક ન બની શકે, પણ તે વાત બાજુએ રાખીને કાઠીઆવાડમાંજ નજર કરીએ તો જણાશે કે એક કાઠીઆવાડમાંજ છથી સાત ધોળ એટલે વ્યવહારના કટકા છે. ગુજરાત પણ એવીજ રીતે ધોળમાં કે એકડામાં વહેંચાઇ રહેલું છે. તેમાંએ વળી અમદાવાદ, જામનગર, ભાવનગર, વગેરેની સ્થાનિક મિથ્યા મહત્તાની વાત તો નોખીજ.

આ વાડા, આ ભાગલા જૈન કોમને છિન્ન ભિન્ન કરી રહ્યા નથી? વ્યવહારૂ એકતા વિના ધાર્મિક એકતા સાધવી કઠણ છે અને પરિણામે જૈનત્વને સોસવુંજ પડે છે આપણું ધ્યેય ત્રણે ફીરકા વચ્ચે એકતા સાધવાનું છે, પણ વ્યવહારૂ ભેદ એક એક ફીરકાની એકતામાં પણ આડો આવે છે ત્યાં ત્રણે ફીરકાની વાતજ કયાંથી કરવી? છતાં એમ નિરાશ થયે પાલવે તેમ નથી ધાર્મિક એકીકરણ માટે સામાજિક સગપણ, વ્યવહારૂ એકતા સાધ્યા વિના છુટકોજ નથી.

અલબત આવી એકતા વ્યવહાર કદાચ મોટા મોટા પ્રાંત વાર હાલ ચાલુ થાય એટલો આદર્શ પણ આજ આપણે સેવીએ તો બહુદાર કે અવ્યવહારૂ નહિ ગણાઇએ પણ આજ તો ઉપરનાં કારણોને પરિણામે આપણા વ્યવહારની રીવાજ સાંકળ એક કચ્છ, એક કાઠીઆવાડ કે એક ગુજરાત પૂરતી પણ નથી થઇ અને ઘરઘરના જુદા જુદા રીવાજ થઇ પડયા છે, ત્યાં એટલી વિશાળતા કમણું તો માંડી વાળવી પડે તેમ છે. આ ભેદને કારણેજ કેટલાક ભાગમાંથી આપણે કન્યા વિક્રયને તદ્દન દૂર કરી શકયા નથી અને ત્યાં તો બીજી બાજુએ બહુવાની મદદને બહાને કે વિલાયતની યાત્રાને શોખે કે એવાજ કારણે કેટલાક જુવાનો આજ કન્યાની છતને લીધે એક કે બીજી રીતે વરવિક્રયનું પોષણ કરવા મંડી પડયા છે.

આ વ્યવહારૂ એકતા, સામાજિક વ્યવહારની એક સાંકળની વાત એટલા માટે જરૂરી છે કે તેની સાધનાથી ત્રણે ફીરકાની ધાર્મિક એકતા સાધી શકાય તેમ છે, દરેક જ્ઞાતિ વચ્ચે જે ભેદ છે તે તોડી શકાય તેમ છે, વ્યવહારને એકરંગી ને શુદ્ધ કરી શકાય તેમ છે અને કુરિવાજોને એકીકરણથી દૂર કરી શકાય તેમ છે. જે ધાર્મિક એકતા અત્યારે સાધી શકાતી નથી તે આથી સાધી શકાશે, સહિષ્ણુતાને નિખાલસ અભ્યાસ વધશે અને તેને લીધે જૈનત્વને એક ને અખંડ બનાવી શકાશે.

આની તૈયારી માટે ધગશ, નિરભિમાન અને નિખાલસ મન તેમજ ખોટી મોટાઇના ખોટા ખ્યાલ છોડવાની તૈયારી કરવી જોઇશે. તે ઉપરાંત હાલ તુરત કેટલાંક વ્યવહારૂ પગલાંનું સૂચન થઇ શકે:-

૧. ગુજરાત, કાઠીઆવાડ અને કચ્છના હાલ તુરત ત્રણ વિભાગ તેજ પ્રમાણે પાડવા અને એ ત્રણેનેજ પ્રથમ જુદા જુદા એક કરવાની યોજના ઘડવી અને તે મુજબ તેને પ્રાંતોની જૈન કોમો વચ્ચે બેટી વ્યવહાર કરવાની યોજના કરવી.

૨. દશા શ્રીમાળી તેમજ વીશા શ્રીમાળી અને એવા બીજી કોમને એટલે વણિક કોમની પેટા કોમને કન્યાવ્યવહારથી એક કરવાની વ્યવસ્થા ઘડવી. તેમાં પ્રાંતિક કે સ્થાનિક કે ધાર્મિક ભેદને મુદ્દલ અવકાશ ન હોય.

૩. આખા એક પ્રાંતને માટે વ્યવહારના નિયમો એક કરવા, અને તે પળાવવા માટે નિશ્ચયપૂર્વક સંગઠન સ્થાપવું.

૪. આ બધું કરવા અગાઉ એક કમિટી નીમવી. તે કમિટી પ્રત્યેક સ્થળે ફરીને આગેવાનોને સમજાવે, તેમના મત મેળવે અને તરફની તેમજ વિરૂદ્ધની દલીલોની કારણો સહિત નોંધ લે. તેમજ કયાં કયાં અડચણ શું શું થઇ શકે તેમ છે તે પણ નોંધે.

૫. આ બધી તૈયારી માટે પ્રથમ તેનું પ્રચાર કાર્ય હાથ ધરવું, અને તે પણ જોસભેર ચાલુ રાખવું.

૬. નીમેલ કમિટી આ પછી એક વ્યવહારૂ હેવાલ, યોજનાપૂર્વક તૈયાર કરે.

૭. છેવટ એક ખાસ પ્રતિનિધિઓની સભા ગામવાર બોલાવી તેના પર વિચાર ચલાવી; અમલ થઇ શકે એવી એક યોજનાનો ઠરાવ અમલ કરવાના નિર્ણયને નિશ્ચયથી પસાર કરવો.

બને કે સૌથી સરસ તો એજ છે કે જેને જેને આ વસ્તુ ખરી લાગે, તેમણે ન્યાતોને સમજાવવી અને પોતે આવા વ્યવહાર બાંધવાના સંયોગોમાં એટલે કે તેને સંતાનો

ઉમરે યોગ્ય હોય અને પોતે તેનાં એવી રીતે લગ્ન કરી શકે તેવા હિમ્મતવાન હોય તો તેમણે આ વસ્તુનો અમલ કરવાનો આરંભ કરી દેવો. આવો અમલ અનેક સ્થળે અનેક માણસોથી થાય તો પણ આ વ્યવહાર ભેદ તુટી જાય.

આમાં પણ પ્રથમ વિરોધ નડશે. કેટલાક ગુરૂ મહારાજો અને તેમના અંધ અનુયાયીઓ આ એકતા હજી થવા ન દે એવા હશે—અલબત્ત તેઓ તે વાત શ્રદ્ધાપૂર્વક, સરલતાભરી અંધશ્રદ્ધાપૂર્વક માનતા હશે, પણ શ્રુષ્પો, વડિલો, આધેડો, અરે કેટલાક કેળવાયેલા, પદવીધરો, પણ હજી એવા પડયા હશે કે જેઓ આવી હિલચાલ વિરૂદ્ધ પડશે. પણ આવાં નાનાં દેખાતાં રચનાત્મક કાર્યો પણ હવે યુવકોએ ઉપાડી લેવાંજ પડશે, અને ધીરજ, ખંત અને વિનમ્રભર્યા સાહસથી તે પાર પાડવાં પડશે.

આવા કોમના નાના રચનાત્મક પ્રશ્નો પર પણ યુવકો વિચાર કરે, કાંઇક કાંઇક પ્રકાશ પાડતા રહે અને વ્યવહારૂ માર્ગ યોજી તેને પાર પાડવા મથતા રહે.

આશા છે કે આ સંબંધમાં જુદી જુદી સુચનાઓ થાય અને તેનો વ્યવહારૂ તોડ નીકળે અને કાંઇક કાર્ય થાય. રાધનપુરે જે કાર્ય કર્યું છે તે શું આમેજ નહિ પણ બધા પ્રાંતોએ ઉપાડી લેવા જેવું છે. એમાં જેટલો વિલંબ થાય છે, એટલું જૈનતત્વ સામે પાપ થાય છે.

કારણ કે આવી વ્યવહાર એકતાથી ધાર્મિક સહિષ્ણુતા કેળવાશે અને તેને લીધેજ ઉદારતા અને એખલાસ વધશે. આમ કરવાથી છેવટે ધાર્મિક એકતા—નાણે રીરકાની એકતા—સાધવાનો કલેશહીન માર્ગ સત્વરે સાંપડશે. આમ ધાર્મિક બોધથી કે બીજી રીતે જે ઐકય નહિ થઇ શકે તે આમ વ્યવહારૂ એકતા સાધવાથી સહેલું થઇ પડશે.

જૈન જનતા! જ્યારે જગત એક કરવાના સ્વપ્ના ભારતભૂમિ સેવી રહી છે, અને તે પણ અહિંસક વિધિથી કે જેને તું તારી વિધિ ગણે છે, અને તું એ જોઇને હરખી રહી છે, ત્યારે તારાંજ આંગણાં આવાં સાધનોથી શુદ્ધ કરવાનું તને ક્યારે સુઝશે? એને માટે તું ક્યારે કટિબદ્ધ થઇશ?

પોપટલાલ પું. શાહ.

## આપણું કલંક.

“ અરેરે! આ શું થયું?” “ મહાત્માજીને સરકારે છેતર્યા.” “ ભાપડાને ફાંસી દીધી.” “ એ નમેરાને તે વળી દયા આવે?”

એવા એવા ઉદ્દગારો દરેક જૈનના મોહામાંથી સહેજેજ નીકળી ગયા હશે પણ એ દેખીતી દયાનો વિચાર સરખોએ આપણે કદી કર્યો છે?

સાચી દયા કેમ પાળવી તે આપણે જાણીએ છીએ?

કોઇ નાનો જીવ મરે તો પણ આપણને અરેરાટ થાય છે, તો સરદાર ભગતસિંહ જેવા મર્દને ફાંસી મળે અને આપણું હૈયું ન વલોવાય એ બનેજ કેમ? આપણને પ્રશસ્ત ક્રોધ ન ચડે એ પણ કેમ બને?

છતાં આપણે દયા પાળકો આપણી દયાની મૂર્તિને—આપણા હૃદયમાં રહેલી સાચી દયાની શુદ્ધ ભાવનાને—આપણે પૂછીએ—‘ અમે સાચી દયા પાળી જાણીએ છીએ?’

હિંસાથી ડરનારા, પ્રાણાતિપાતથી ફફડનારા આપણે સાચી દયાનો કદી પણ વિચાર કરીએ છીએ? થોડીક ભીખ માગીને થોડાંક કાલાવાલાં કરીને કે થોડાક ટોકડા વેરીને દયાને વેચાતી લેનારા આપણને દયા એમ નથી વરતી કે દયાનો ધોરી વીર ધર્મ એમ નથી સચવાતો કે નથી મળતો વેચાતો એ જ્ઞાન આપણને હજી સાંપડયું છે? સાચી દયા સ્વાર્થ ત્યાગ વિનાં, દેહનાં દાન વિના કે આત્માનાં તપ વિના સાંપડે નહિ એ વીર વાકયનાં ભાવ સ્વપ્નાં આપણે કદી માણ્યાં છે?

વીર ભગતસિંહને માટે ફફડનારા આપણે એમ કદી વિચાર્યું છે કે એના જેવા કૈંક કલૈયા કુંવર ફાંસીને માંચડે ચડી ચુકયા છે અને કૈંક ભુખ અને દુઃખની ફાંસીથી પીડાય, પીડાઇ રહ્યા છે એમાં આપણે પણ દેપ પાત્ર છીએ. જુવાનોને જે પરાધીનતા સાલે છે તેમાં આપણી કોમનો હિસ્સો કેટલો છે? આજે ભારતમાં કૈંક મડદાં મરવા વાંકે જીવે છે એમાં આપણો ભાગ કેટલો છે?

કોઇ કહેશે કે એમાં આપણે શું કરીએ? એનાં કર્મનો વાંક. આવા જડ નિયતિવાદીઓને દયા પાલનનો અધિકાર નથી; કોઇ કહેશે કે પણ બધા કરે છે એમ આપણે કરીએ છીએ. આપણો દોષ કેવી રીતે? આ આત્મશુદ્ધિના યુગમાં એમ જાતને ઠગવી કે કોમને છેતરવી તે પણ પાલવે તેમ નથી.

સાચી વાત તો એ છે કે સરકાર કરતાં આપણો દોષ વધારે છે એ આપણી વેપારી કોમે સમજી જવું ઘટે છે. સાદી, સીધી અને અર્થશાસ્ત્રની વાત વાણીઓ જૈન—નહિ સમજે તો કોણ સમજશે?

યુરોપી પ્રજાનાં ઘોર કારસ્તાનો અને યુદ્ધ દાવાનલો માત્ર પેટ ભરવાનાં ફાંફાં માટે નહિ, પણ અપરિમિત વિલાસને સતાવાનાં વલખાં માટે પણ છે, એ વાત હવે કોઇકજ હૈયા સુના હિંદીથી અજાણી હશે આજ વેપારી બજારને માટેજ હિંદ કે મીસરને ગળે ફાંસો દેવાય છે અને એને લીધેજ કેટલાય કનૈયા ભુખે મરે છે. કેટલાય કનૈયા ફાંસીને માંચડે ચડે છે અને કૈંક અજાણ્યા વીરો અનંતતામાં પોઢી જાય છે.

આવા પ્રસંગો આવે છે ત્યારે આપણને અરેકારો થાય છે; દયાથી આપણે પીગળી જઇએ છીએ, પણ આપણને જરાએ સુઝતું નથી કે પરાધીન પ્રજાના દલાલીઆ વેપારની ગુલામીજ એનું મૂળ છે, અને એ મૂળને પોષવું અને દયાની બુમો મારવી એનું નામ દયાપાલન કે અહિંસા ધર્મ નથી પણ હૃદયનો નકટો દંભજ છે.

આપણો ધર્મ આપણા દોષની—આપણા કલંકની શુદ્ધિ કરવા આપણને પ્રથમ પ્રેરે છે. હિંસા કરવી નહિ પણ હિંસકો પ્રત્યે પણ ધાર્મિકતા ખાતર, મહાવીરને નામે, દયા રાખવા છતાં, મૈત્રી રાખીને પણ તેમની સાથે હિંસા વધે એવો વ્યવહાર કોઇ કાળે પણ નજ રાખવો જોઇએ, એજ અહિંસાનો સાચો શુદ્ધ અર્થ છે.

આપણે આ ધાર્મિક નજરે આપણા આજ વેપારની કસોટી હજી કરી છે? હજી પણ પરદેશી વેપારને આપણે તિલાંજલિ આપી છે?

આપણા ઠાઠમાઠ, વરઘોડા, ઉજમણાં, ઉપધાનાદિ પ્રસંગે કરવામાં આવતા મહોત્સવો, દીક્ષા વગેરે પ્રસંગે થતાં ખર્ચો, વગેરેને આપણે શેનાથી પોષીએ છીએ? આવી ધામધુમને

આપણે જે વડે પીવાએ છીએ, જે હિંસા વ્યાપારથી વધારીએ છીએ તેજ વ્યાપારથી આપણે કેટલાયને ભૂખે મારી રહ્યા નથી ? ભારતને પરાધીન રાખનાર, હમાનું દેવાળું કઢાવનાર વિદેશી, વિલાયતી વેપારને તેમજ યાંત્રિકતાને આપણે હજી વળગાડની જેમ વળગી રહ્યા નથી ?

મહાવીરના પુત્રો તરીકે, જીવદયાના ઠાજરદારો તરીકે, જૈનત્વના વારસો તરીકે જે વેપારથી પરાધીનતા રહે, જેનાથી લાખોની આદી નિર્દોષ રોટી ભુંટવાઇ જાય, જેનાથી કેટલાય ભગતસિંહોને ફાંસીને માંચડે ચડવું પડે એ વેપાર આપણે છોડ્યો છે ?

ધાર્મિક દ્રષ્ટિએ, દયાની નજરે, આપણા વેપારનું સરવૈયું આપણે કદી કાઢ્યું છે ?

જૈન યુવક ! તારા ઘરમાંથી તારા કુટુંબમાંથી તે વિદેશી ઓઢવાડનો કચરો કાઢી નાંખ્યો છે ? તું પોતે શુદ્ધ ખાદી ધારી બન્યો છે ? તેં તારા ઘરને, તારા કુટુંબને શુદ્ધ ખાદી ધારી બનાવ્યું છે ?

આપણી કોમમાંથી એ હિંસક વેપારને—જેના ઉપર સકળ જગતની હિંસાત્મક પ્રવૃત્તિઓ આજ તાગડધિન્ના કરી રહી છે તેને—દેશવટો દેવાને માટે તું તૈયાર છો ?

જૈન કોમને એ ભયંકર ધર્મ દ્રોહમાંથી બચાવવા તેં કમર કસી છે ?

આપણું કલંક દૂર કરવા માટે તેં કેડ બાંધી છે ?

તાકાતની કસોટી રચનાત્મક કાર્યથી થવાની વેળા આવી છે, તે ટાણે તું નહિ જાગે ?

દરેક યુવક પોતે શુદ્ધ બને, પોતાનાં સ્વજનોને શુદ્ધ બનાવે, ઘરને પવિત્ર કરે અને એમ છેવટે કોમને નિર્મળ કરી મુકી કલંકથી મુક્ત કરે. આ વાત સહેલાઇથી ઘરમાં થોડાક પ્રેમ ભર્યા આગ્રહથી, સ્નેહમયી ભાઇચારે સમજાવટથી સહેજે થઇ શકે. જે જે યુવકોએ આટલું કાર્ય સિદ્ધ કર્યું હોય તે પોતાના મિત્રોને, સ્નેહીઓને તેમ કરવા પ્રેરે તેમાંથી ખાદી પ્રચારક મંડળ બની જાય અને તે પણ નામ ઠામ વિના, ધારાધોરણ કે કાયદા વિના અને પ્રમુખ કે મંત્રી વિના.

પીકેટીંગ કરતાં આ વસ્તુ સહેલી અને વધુ વ્યાપક બનશે. અખતરો કરવા જેટલીજ વાર છે.

સાચો વીર પુત્ર હિંસક વસ્ત્ર નજ પહેરી શકે, નજ પહેરાવી શકે, નજ દેખી શકે કે ભાખી શકે પહેરતા પ્રત્યે દ્વેષની નજરે કે ઉત્તેજિત આંખે કે વચને.

શાસનદેવ સદ્બુદ્ધિ આપો સૌને આપણી શરમ દૂર કરવાની ને આપણું પાપ કલંક ધોવાની.

પોપટલાલ પું. શાહ.

---

**કડીમાં વીર પ્રભુની** જયંતિ—કડીમાં સંઘવી ભુવનમાં શ્રીયુત શીવલાલ કેશવલાલ બી. એ. એલ. એલ બી. ના પ્રમુખપણા નીચે ઉજવવામાં આવી હતી. આપણી કંગાલીયત, ઘટતી જતી વસતી, નિર્બળતા, હોટેલના ખાનપાન, સમાજની એકતા વગેરે મુદ્દા ઉપર જુદા જુદા વક્તાઓએ વિવેચન કર્યાં હતા.

# તીર્થરક્ષણ અને એકતા.

જ્યારે અહિંસક યુધ્ધ જગતને એક કરવાને મથી રહ્યું છે, ત્યારે હજી અહિંસાના પૂજારીઓએ આપણે એવો માર્ગ, એવી યોજના ઘડી કાઢી નથી કે જેથી એકજ ધર્મની બે ફાંટ કરવાનો વખતજ ન આવે ખાસ કરીને દિગંબર ભાઇઓને અને શ્વેતામ્બર ભાઇઓને તીર્થ ખાતર લડવું પડે છે. જ્યાં આપણે મહાવીરને નામે અંદર અંદર ઝઘડા કરીએ, ત્યાં એજ મહાવીરને નામે ચાલતાં તીર્થોની રક્ષા અન્ય ધર્મીઓ પાસેથી શીરીતે કરાવી શકીએ ? અથવા અન્યધર્મી બંધુઓ એના પર આક્રમણ ન કરે એવી આશા પણ શી રીતે રાખી શકીએ ?

આમ તીર્થ રક્ષાનો પ્રશ્ન માગી લે છે કે પ્રથમ બે ફીરકાઓએ એક થઇ જવું જોઇએ તીર્થને ખાતર સતત પ્રયાસ કરીને પણ લાખો રૂપિયા વેડફાતા અટકાવવા ઘટે, અને પોતાનામાં સાઠો રહે એવા ન્યાય કરતાં સ્વબંધુના અન્યાયને પણ વધાવી લેતાં શીખવું ઘટે આટલી વાત જો બંને ફીરકા સમજી જાય તો તીર્થના ઝઘડા થાયજ નહિ.

આગળ એકવાર એક પત્રમાં સૂચના થઇ હતી તેમ આવી વાંધાવાળી તીર્થ ભૂમિઓનું એક પત્રક તૈયાર કરવું પછી તે ભૂમિની સ્થાનિક તપાસ કરવી, તેના ઐતિહાસિક નિર્ણયો જોઇ જવા અને એક નિષ્પક્ષ તટસ્થપંચ મારફત તેનો હમેશને માટે નિકાલ લાવવો અને બંને પક્ષે તે નિર્ણયને આધીન રહેવું.

આ વસ્તુ ધાર્મિક એકતા માટે, મહાવીરને નામે જરૂરી છે. મહાવીરના પૂજારીઓ તેનેજ નામે આમ લડી પડે એ હવે તો અસહ્ય શરમની વાત ગણાવી જોઇએ. નિષ્પક્ષ તટસ્થ પંચ નીમાય, તે બધી બાબતોની તપાસ કરી તે જે છેવટનો નિર્ણય આપે તે નિર્ણય છેવટનોજ ગણાય અને બંને પક્ષ તેને આધીન રહીને વર્તે કે જેથી નકામા કોર્ટના ઝઘડા કે સ્થાનિક તોફાનના રમખાણ જગાડવાની અને નકામા પૈસા વેરવાની જરૂર ન રહે અને અહિંસાના અવતાર વીર ભગવાનનું નામ સ્મરણ કરવાનો આપણો અધિકાર જળવાઇ રહે.

આપણે ન્યાય મેળવવા કે દયા પાળવામાં પૈસા વેરવાનું જ શસ્ત્ર ભારે વાપરીએ છીએ. અને તેથીજ ઘણીવાર જમ ઘર ભાળી જાય છે. આપણને લાગે છે કે આપણે પૈસા ખરચીને ન્યાય મેળવ્યો, એ પૈસા તો વળી મળી રહેશે, પણ ન્યાય કરનારને પણ બોરડી ખંખેરવાની રોજની લાલચ વળગી રહે છે એની લેશ પણ ગંધ આવતી નથી.

કોઇ પણ તીર્થનું રક્ષણ પૈસાથીજ કરવું એના કરતાં એને જવા દેવું બહેતર છે. તીર્થ એ કાંઇ વેચાતી લઇને સંઘરી રાખવાની પટારાની વસ્તુ નથી, કે જગતને બતાવવા માટે બંગલા બંધાવવાની ભૂમિ નથી. ધનથી રક્ષા એ ધર્મ રક્ષા નથી. માત્ર થોડા વખતના સંતોષની—મન વાળવાની વાત છે. ધર્મ રક્ષા તો ત્યાગથી, અહિંસક સત્યાગ્રહથીજ થઇ શકે. ધર્મનાં રક્ષણ પ્રાણદાન વિના કે તપનાં તેજ વિના કરવાની પ્રથા આધુનિક છે અને તેનો જન્મ વિલાસને અખંડ રાખવાની અને કાંઇ પણ ન વેઠવાની કમતાકાતવાળી નિર્બળ મુલામીનેજ આભારી છે. પૂર્વાચાર્યો એ ધર્મ રક્ષા, તીર્થ

રક્ષા કર્યાના દાખલા તપાસીશું તો જણાશે કે તેમણે પોતાની ચારિત્ર્યસિધ્ધ વિદ્વતાથી ને તપના પ્રભાવથીજ એ કાર્ય સિદ્ધિ પાર પડી છે. આપણને જે જે બાગશાનાં ફરમાન મળ્યાં છે તે પણ પૈસા ખરચીને ભીખ માગવાથી નથી મળ્યાં. તે પણ આપણી સંઘબળની મહત્તાને બળે, આપણા સંઘવીઓની પ્રતિષ્ઠાને હિમ્મતને પ્રતાપે અને તેમનાં પરોપકારી કાર્યને પરિણામેજ આપણને મળ્યાં છે.

આજ તીર્થ રક્ષાને ખાતર, કે તીર્થ યાત્રાના પુણ્યને માટે આપણે માત્ર પૈસાજ વેડરી જાણીએ છીએ. એ લખા-હીનો-એ શબ તાનની માયાનો-પછી અંતજ આવતો નથી આવી સ્થિતિ સાચા જૈનને મન અસહ્ય હોય.

અહીં ત્રણે ફીરકાને ઉદ્દેશીને એક વાત કહેવી જોઇએ કે મહાવીરને નામે આ પ્રશ્નમાં પણ ત્રણેએ એક થઇનેજ કામ ઉપાડી લેવું જોઇએ; આર્ય સમાજી ભાઇઓ જેમ અન્ય હિંદુ ધર્મીઓને સહાયને રક્ષણ આપે છે તેમ સ્થાનકવાસી ભાઇઓએ પણ આ પ્રશ્ન પોતાનો કરી લેવો ઘટે આમ પણ નિખાલસ એક્તા થઇ શકશે અને મહાવીરના શાસનને બળ મળશે.

કોઇ પણ તીર્થની રક્ષા પૈસા ખરચીને કરવાની વાત (જ્યાં અન્યાયથી પૈસા પડાવવાનીજ વાત હોય કે કોર્ટના ઝઘડા હોય ત્યાં) હવે નજ પાલવે. પૈસાથી પુણ્ય વેચાતાં લેવાની નિર્બળ વાતોને હવે છોડીને આત્માના નૂરથી પુણ્ય હાંસલ કરતાં હવે આપણે શીખવું ઘટે

આને માટે વ્યવહારૂ યોજના કરવા, તેને વારંવાર જાગતી રાખવા એક કાયમની સંસ્થા નીમાવી ઘટે. યુવકોએ પોતા તરફથી એક સંસ્થા નીમી આ કામ પણ ઉપાડી લેવું ઘટે. તે સંસ્થાએ આ પ્રશ્નની બાબતમાં જૈન કોમને જાગૃત રાખ્યા કરવી જોઇએ અને જ્યાં જ્યાં અન્યાય કે જુલમ કે આક્રમણ દેખાય ત્યાં તો જૈન કોમને સાચા. ધન વગરના અહિંસક, સત્યાગ્રહી ઉપાય લેવા આમંત્રવી ને દોરવી જોઇએ.

પોપટલાલ પું. શાહ.

## મુનિ રામવિજયઃ એક તટસ્થ અભ્યાસ

અભ્યાસક ; હેમચંદ લખુભાઇ દોશી, જામનગરવાળા.

"યદા તદા કાર્યસિદ્ધિ એજ જીવનોદ્દેશ." અહં અને ધમંડ એજ એની ધાંધલની પ્રેરણાઓ છે કર્યાં એ એની પ્રવૃત્તિને પોષક અને પ્રેરક તત્વ છે. કાબેલીયત એ એહની જાદુઇ અંધાર પછેડી છે. વાકચાતુર્ય એ એહની સઘળી પ્રવૃત્તિઓને ટકાવી રાખનાર શસ્ત્ર છે. વાણીનો વિલાસ, શબ્દ બાહુલ્ય અને બહુશ્રુતપણા નીચે આચાર શીથીલતા સહેલા-ઇથી ઢાંકે છે અને શાસ્ત્ર ફરમાન નીચે અજ્ઞાન, અંધશ્રદ્ધાળુ, ભોળા ભક્તો (?) ને ભોળવી પોતાની લાલસાઓને પોષે છે. સત્ય પ્રકાશનના બહાના નીચે, ધર્મ અને શાસનની રક્ષા ગમે તે પ્રકારે કરવાના નિશ્ચયના નામે ગંદુ પ્રચાર કાર્ય અને સાધન અને સંપત્તિનો દુરૂપયોગ કરે છે. ભૂખે મરતા સહધર્મી બંધુઓ તરફ નજર પણ નહિં નાખતા ધર્મ પ્રવૃત્તિઓને નામે લખલૂટ ખર્ચ કરાવે છે.

મુનિ રામવિજયજી બુદ્ધિવાદને તીરસ્કારે છે. બુધ્ધિના ઉપયોગને નાસ્તિકોનું શસ્ત્ર જાહેર કરે છે. અંગ્રેજી કેળવણીને ધર્મ વિમુખતા ઉત્પન્ન કરનાર ધારે છે. શંકા કરનારને શાસનદ્રોહી, ભારે કર્મી, નાસ્તિક, એવા વિશેષણોથી નવાજેશે છે. બુધ્ધિની આંખે નીરખતાં આ સઘળા પ્રયત્નો પજવાડે પોતાની સરી પડતી સત્તાને ગમે તેમ, ગમે તેવા સાધનો દ્વારા, શાસ્ત્રોના નામે, શાસન અને ધર્મ રક્ષાના મોહક બહાના નીચે ટકાવી રાખવાની મલીન પ્રવૃતિજ તરી આવે છે. "संशयात्मा विनश्यति" કહેનારને શું ખબર નથી કે શંકાના સમાધાનથી થતું પરિવર્તન ચીરસ્થાયી અને હોય છે. મારી ડોકીને યા પરંપરાથી ચાલે છે કહી દૃઢ કરાવેલી માન્યતાઓ હિમ જેવી છે અને બુધ્ધિના પુણ્યાગ્નિ નીચે પીગળી જઇ પ્રવાહી જલ માફક વહેતી થઇ જાય છે.

તે આ દુન્યવી પ્રવૃતિઓને એકાંતે અનિષ્ટ જાહેર કરે છે. છતાં ચાલુ જમાનાના સહુ કોઇ સાધનોનો વિના સંકોચે પોતાનું પ્રચારકાર્ય જોશભેર ચલાવવા ઉપયોગ કરે છે. વિસંવાદી વર્તનનો વાક-ચાતુર્યથી બચાવ કરી પોતાની નબળાઇઓ ઢાંકે છે. સાધુ વેષધારામાં સંસારના નિર્મોહના નામે સત્તા, ઐશ્વર્ય પ્રાપ્ત કરવાની અને ભોગવવાની સારી ચાવી હાથ કરી છે. હંમેશાં સત્તાવાન, દ્રવ્યવાન, રૂઢીપૂજક, શાસન કરતી સત્તાનો પક્ષ લેવામાં રહેલ લાભ અને સલામતીનો સારો ઉપયોગ કરી જાણે છે.

આ સર્વ કરતાં પણ એ રામવિજયને સૌથી વધારે પ્રીય વસ્તુ તો જ્યાં ત્યાં સર્વતોભાવી કલેશ જવાળાઓ સળગાવી, ઝેર, વેર, વિરોધ વધારી, પક્ષો જમાવી "રામ-પંથ" સ્થાપવાની હોંશ છે. પોતાના પક્ષમાં અનેકવિધ પ્રલોભનોદ્વારા સંખ્યાવૃદ્ધિ કરતાં અચકાતા નથી. એક વખતના "યંગમેન્સ જૈન સોસાયટી" ના સભ્યો કે "રામટોળી" ના સાધુઓ જ્યારે કારસ્થાનોથી કંટાળી યા શુદ્ધ બુદ્ધિથી થઇ પરિવર્તનથી કલેશપ્રીય, ઘમંડી સાધુ (?) સામે બળવો પોકારે છે ત્યારે એ મૂર્તિ એને નબળો, શાસનદ્રોહી યા સમયધર્મી-ઓની જાળનો ભોગ થઇ પડેલ જાહેર કરે છે.

જ્યાંસુધી આ વ્યક્તિનું ચાલશે ત્યાંસુધી એ જૈનોમાં ઐક્ય નહિં થવા દે. જૈન કોન્ફરન્સમાં સીધે રસ્તે કંઇ ચાલતું નથી ત્યારે તેને તોડી પાડી પોતાની મુરાદ બર લાવવા ચાહે છે. કોન્ફરન્સ જૈનોની જુની સંસ્થા છે. મોટી સંખ્યાનું પ્રતિનીધીત્વ ધરાવે છે, કેળવણીને ઉત્તેજન આપે છે, ધર્મ રક્ષાના પ્રયત્નો કરે છે. છતાં સુધારા અને ઉદાર મનોવૃત્તિની હિમાયતી છે. સાધુ સંસ્થાની પૂજક છે છતાં સર્વ સાધુ નિયમીત કરવાની તથા જૈનોની વ્યવહારિક ઉન્નતિ કેરવાની તેની પ્રવૃત્તિ સતત ચાલુ છે.

સહુ કોઇ જૈન સમાજનું શ્રેય અને ઐક્ય ઇચ્છનાર ધર્મનો અભ્યુદય ઇચ્છનાર, શાંતિનો પૂજક પોતાથી બનતા સર્વ કોઇ પ્રયત્ને આ રામવિજય અને "રામ ટોળી"ને તેના નગ્ન સ્વરૂપમાં જાહેર કરે. તેને સાધુ તરીકે ન સ્વીકારવા જૈન સમાજને વિનવે અને નિડર જૈન સંઘોને તેના સાધુ-ત્વનો ખુલ્લો ઇન્કાર કરવા તૈયાર કરે. હવે એ સાધુની પ્રપંચ લીલા પૂરેપૂરી જાહેર થઇ ગઇ છે. હવે એની મહેલાતો ડગ-મગે છે. જૈન સમાજ એહને નીભાવવા તૈયાર નથી.

આ પત્રિકા અંબાલાલ આર. પટેલે 'સ્વદેશ' પ્રિન્ટીંગ પ્રેસ, ગાલા બીલ્ડીંગ, મસજીદ બંદર રોડ, માંડવી, મુંબઇ ૩ માં છાપી અને જગનાદાસ અમરચંદ ગાંધીએ નં. ૧૮૮, ચકલાવાળા બીલ્ડીંગ, મસજીદ બંદર રોડ, માંડવી, મુંબઇ ૩ મધેથી પ્રસિદ્ધ કરી છે.

યુવાન નવસૃષ્ટિનો સરજનહાર છે.

Reg No. B. 2616.

# મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા.

તંત્રી : જમનાદાસ અમરચંદ ગાંધી.

| | | |
|---|---|---|
| વર્ષ ૨ જું. | સંવત ૧૯૮૭ ના વૈશાખ સુદી ૧૦. | છુટક નકલ : |
| અંક ૧૭ મો. | તા૦ ૨૭-૪-૩૧ | ૦॥ આનો. |


## સંસારી થયેલી સાધ્વીજી.

મારા સંબંધી બ્હેન ભુરીબ્હેન કે જેઓએ ગયા માગશર વદ ૧ ના દીવસે અમદાવાદમાં રામવિજયના ઉપદેશથી ગુણશ્રી સાધ્વી પાસે દીક્ષા લીધી હતી તેઓ વૈશાખ સુદ ૫ ના દીવસે દીક્ષા છોડી ચાલી આવ્યા. તેમની મેં મુલાકાત લીધી હતી અને શું કારણથી દીક્ષા છોડી તેના જવાબમાં ભુરીબ્હેને કેટલીક વાત કરી તે જાણી મને એમ થયું કે આ વાત જૈનોના જાણવા માટે બહાર લાવવી અને સાધુ તથા સાધ્વી-માં અત્યારે કેટલો સડો પેઠો છે તે દરેકના જાણ માટે બહાર પાડવું.

ભુરીબ્હેનની સંસાર છોડયા પહેલાંની સ્થિતિ અને તેમનું જીવન તેમના સમાગમમાં આવ્યા હશે તે દરેક જાણતા હશે. મારા સમાગમમાં છેલ્લા ચાર વરસથી આવેલા છે અને તેઓ સાધ્વી કરતાં પણ સારૂં જીવન સંસારમાં ગુજારતા હતા. પણ તેમની ઇચ્છા છેલ્લા બે વરસથી દીક્ષા લેવાની થઇ અને માગશર વદ ૧ ના દીવસે અમદાવાદમાં દીક્ષા લીધી.

અમદાવાદમાં હીરશ્રી પાસે દીક્ષા લેવાનું નક્કી થયું હતું પણ હીરશ્રીએ તેમની ચેલી શાન્તીશ્રી પાસે દીક્ષા અપાવવાની વાત પાછળથી કરી અને તે ભુરીબ્હેન તથા તેની સાથે દીક્ષા લેનાર ઝવેરીબ્હેનને ઠીક નહી લાગવાથી ગુણશ્રી પાસે દીક્ષા લીધી. ભુરીબ્હેને દીક્ષા લીધી તે દીવસે જ્યારે ક્રીયા ચાલુ થઇ અને ઓઘો હાથમાં આપ્યો કે તરત મોઢેથી નાકેથી લોહી પડવું શરૂ થયું અને લગભગ આઠથી દશ શેર લોહી પડયું ત્યારથી તેમનું શરીર નબળું થતું ગયું. ગુણશ્રી પાસે દીક્ષા લીધા બાદ ઝવેરી તથા ભુરીબ્હેનને એકને ભેગા થવા દીધા નથી અને રોજ ન બોલવા જેવા વચનો સંભળાવતા હતા. તેમની સાથે ૭ દીવસ રહી. તેમના ધણીની મદદથી તેઓ હીરશ્રી પાસે ગયા. અને ત્યાં પચ્ચીસ દીવસ રહ્યા. ત્યાં પણ સાધ્વીનો રોજનો કલેશનો કાર્યક્રમ ચાલુ રહ્યો અને ન બોલવા જેવા વચનો બોલવા લાગ્યા. છેવટ ભુરીબ્હેને કહ્યું કે મને વડી દીક્ષા આપો. ત્યારે હીરશ્રીએ કહ્યું કે તમોને વડી દીક્ષા શાન્તીશ્રી પાસે આપવામાં આવશે. આ બાબતમાં ભુરીબ્હેને ના કહી અને કહ્યું કે મારે શાન્તીશ્રી પાસે વડી દીક્ષા લેવી નથી. ત્યારે તેમણે કહ્યું કે શાન્તીશ્રી પાસેજ વડી દીક્ષા લેવી પડશે. ત્યાં પણ રોજ કલેશ થવા લાગ્યો. ત્યાં બીજી સાધ્વી વસંતશ્રી રહેતાં હતાં તેમણે ભુરીબ્હેનને કહ્યું કે તમો મારી સાથે આવો. તમારે મુદ્દલ મુંઝાવું નહી. એવી રીતે પચ્ચીસ દીવસ હીરશ્રી પાસે રહી વસંતશ્રી પાસે ગયા તો વસંતશ્રી પણ એથી ચડે તેવા નીકળ્યા અને ભુરીબ્હેનના વર કેવળદાસે વડીદીક્ષા માટે રામવિજય-દાનવિજય વીગેરેને કહ્યું પણ દરેકે એકજ વાત કહી કે શાન્તીશ્રી પાસે વડી દીક્ષા લેવી હોય તો અપાવીએ નહી તો નહી. છેવટ તેમના વરની ઇચ્છા એવી થઇ કે સાધુ વેશ છોડાવી સંસારમાં આવે. પણ ભુરીબ્હેનની ઇચ્છા ગમે તે ભોગે ચારીત્ર પાળવાની હતી. રામવિજય વઢવાણ જવાના હતા. ત્યારે વસંતશ્રી તથા ભુરીબ્હેન કે જેમનું નામ મોહનશ્રી હતું તેમણે વઢવાણ તરફ વીહાર કર્યો અને વઢવાણ પોળમાં વઢવાણના યુવકોના પ્રયાસથી વઢવાણ સંમેલન ભરાણુ નહી અને રામવિજયને વઢવાણથી નીકળી અમદાવાદ આવવું પડે. તુરત વસંતશ્રી તથા મોહનશ્રીએ ત્યાંથી વીહાર કરવો શરૂ કર્યો. મોહનશ્રીને વરસીતપ ચાલતો હતો અને આકરી ગરમીમાં રોજ દશથી બાર ગાઉનો વીહાર-વસંતશ્રીને લીધે કરવો પડતો હતો તેના લીધે તેમના પગે સોજા આવી ગયા હતા મુસીબત પારાવાર હતી છતાં વસંતશ્રીએ ગમે તેમ કરી અમદાવાદ તુરત જવા જણાવ્યું અને ત્યાં પહોંચ્યા.

મોહનશ્રીની તબીયત જીવાને લઇ તેમ માનસીક ચીંતાને લઇ ઘણીજ નબળી થઇ ગઇ હતી. વરસી તપનું પારણું કરવાનું હતું. વસંતશ્રી જાણતા હતા છતાં તેઓ બહાર ચાલી ગયા. ચાર ઉપવાસ મોહનશ્રીને હતા અને પારણું કરવું હતું છતાં વસંતશ્રીએ ધ્યાનમાં ન લીધું અને ત્યાંની શ્રાવીકાઓએ આગ્રહ કરી રસ વેરવા લઇ ગયા અને પારણું કરાવ્યું ત્યાર બાદ વસંતશ્રી આવ્યા અને ન બોલવા જેવા શબ્દો બોલ્યા છતાં મોહનશ્રી કાંઇ પણ બોલ્યા નહી અને સહન કર્યું. હવે વડી દીક્ષા આપ્યા સીવાયનું જીવન એકે દીસામાં ન લાગવાથી તેમજ વસંતશ્રીના વચનોથી હેરાન થઇ અંતે દીક્ષાનો વેશ છોડી અમદાવાદથી અહીં આવ્યા. વસંતશ્રી એટલા શબ્દો ખરાબ બોલતા હતા કે જે એક સાધ્વીને શોભે નહી. તેઓ જ્યારે ભુરીબ્હેનને માથું સાફ કરતા જોતા ત્યારે કહેતા હતા કે તારે શું મુસલમાન સાથે જવું છે કે પારસી સાથે જવું છે તે શબ્દો બોલી રોજ રોજ હેરાન કરતા હતા. દીક્ષા લીધા બાદ એકે દીવસ એકે સાધ્વીએ પાઠ આપ્યો નથી તેમ સાધુ જીવનનો અભ્યાસ પણ કરાવ્યો નથી. દીક્ષા લીધા પહેલા મોટી મોટી વાતો કરી અને દીક્ષા લીધા પછી શું દશા થાય છે અને તેને કેવી રીતે રાખવામાં આવે છે તેનો ખ્યાલ કરશો. ઝવેરીબ્હેને દીક્ષા લીધી હતી તેને એક માસ સુધી ઓરડીમાં પુરી રાખવામાં આવી હતી ચાર વખત તેઓ ભાગી ગયા હતા અને પકડાયા હતા. હવે પાંચમી વખતે મુસીબતે નાસી છુટી છે.

લી૦ એક જૈન.

મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા.

पक्षपातो न मे वीरे न द्वेषः कपिलादिषु ।
युक्तिमद् वचनं यस्य तस्य कार्यः परिग्रहः ॥

શ્રીમદ્ હરિભદ્રસૂરિ.

# ધર્માદા સંસ્થાઓના વહીવટ.

આપણી ધર્માદા સંસ્થાના વહીવટોને અંગે સુધારાને ઘણો અવકાશ છે તે વાતની કોઇ પણ ના પાડી શકે તેમ નથી. અત્રેના ગોડીજીના વહીવટને અંગે કેટલીક વીગતો અમોએ અગાઉ પત્રિકામાં પ્રસિદ્ધ કરી હતી. શેઠ આણંદજી કલ્યાણજીના બંધારણમાં ફેરફાર થવાને પણ ઘણા વરસો પસાર થયા છે તે બંધારણ પસાર થવા પ્રસંગે પણ પોલીસની હાજરીની જરૂર જણાઇ હતી. આ ઉપરથી તે બંધારણની ચર્ચા કેટલી છુટથી થઇ હશે તેનો ખ્યાલ આવી શકશે તે બંધારણ પણ હાલના દેશ કાળને અંગે ફેરફાર માંગે છે. પણ હંમેશ બનતું આવ્યું છે તેમ દરેક સંસ્થાના ચલુ સત્તાધારીઓ કાયમ ચલુ બંધારણના દઢ હિમાયતી રહેતા હોવાથી સમાજ જ્યાં સુધી સંપૂર્ણ એકતા ધારણ કરી પ્રબળ ચળવળ કરે નહિ ત્યાં સુધી શેઠ આણંદજી કલ્યાણજીના ટ્રસ્ટીઓએ પોતે આ હકીકતમાં માર્ગદર્શક થશે નહિ. તેવીજ રીતે ગોડીજીના વહીવટને અંગે હાલમાં સાધુઓના મેo ટ્રસ્ટીઓની મંજુરી વગર ગોડીજીના ઉપાશ્રયમાં દાખલ થવાના પ્રસંગમાંથી કેટલીક ચર્ચા ઉપસ્થિત થઇ છે, તેમાં ટ્રસ્ટીઓની, મેનેજીંગ ટ્રસ્ટીઓની, ટ્રસ્ટીઓના સભા સંબંધીઓની વહીવટમાં કેટલી સત્તા હોઇ શકે તેવા પ્રશ્નો ઉપસ્થિત થયા હતા. લાલબાગથી આવનાર મુનિઓ ખુદને ખુલ્લુ જાહેર કરતા હતા કે અમે પરવાનગીથી આવ્યા છીએ. વળી બીજી બાજુએ ટ્રસ્ટીઓ જાહેર કરતા હતા કે અમે પરવાનગી આપી નથી. એક એવો મત પણ હતો કે ઉપાશ્રય સાધુ માટે છે તેમાં સાધુઓ આવે તેમાં રજા માગવાની શેની ? પરિણામે ઘણી ચર્ચા થઇ રજા લઇને દાખલ થનાર ને રજા વગર દાખલ થનારે બધા સાધુઓને ઉપાશ્રય છોડી જવાની ફરજ પડી ટ્રસ્ટીઓએ પોતાની સત્તાનો યોગ્ય ઉપયોગ કર્યો કે કેમ તે વાત બાજુમાં પડી ને પોકારો થયા કે ટ્રસ્ટીઓ ઉપાશ્રયના માલીક નથી, વહીવટદાર છે માટે ઉપાશ્રયમાં સાધુને લાવવા જોઇએ. આ બધી પરિસ્થિતિમાં સુધારાની જરૂર છે. અમારા સાંભળવા મુજબ ટ્રસ્ટીઓ વહીવટને અંગે એક યોજના તૈયાર કરે છે. અમો અમારી સુચનાઓ રજુ કરીયે છીયે. હાલ જે રીતે વહીવટ ચાલે છે તે રીતે ટ્રસ્ટીઓજ જ્યાં પુરેપુરી વીગતો જાણી શકતા નથી ત્યાં સામાન્ય વ્યક્તિ પુરેપુરી માહીતગાર હોવા સંભવ નથી, વહીવટ મેનેજીંગ ટ્રસ્ટીઓ કરે તે બરોબર છે પણ વહીવટની માહિતી દરેક ટ્રસ્ટીને મળી શકે તેટલા માટે ટ્રસ્ટીઓની મીટીંગ દર મહિને બોલાવી કામકાજનો હેવાલ રજુ થવો જોઇયે. ચોક્કસ મુદ્દાસરના નિર્ણયો ટ્રસ્ટીઓની બોર્ડજ કરી શકે ફકત તેનો અમલ કરવાની સત્તા મેનેજીંગ કમીટીના હાથમાં રહે. મેનેજીંગ ટ્રસ્ટીઓએ ચોપડામાં સહી કરવાનો રીવાજ રાખવો જોઇએ. ટ્રસ્ટીઓ જે લાંબા વખત સુધી મીટીંગમાં હાજરી આપે નહિ અગર વહીવટની બીલકુલ માહિતી ન રાખે તેને બદલે બીજા ટ્રસ્ટીઓની નીમણુંક થવી જોઇયે. ટ્રસ્ટીઓની ચુંટણીને માટે યોગ્ય ધોરણો નક્કી કરવા જોઇયે, દેરાસુર સંઘની વ્યક્તિઓનું લીસ્ટ તૈયાર કરવું જોઇએ તે તે વ્યક્તિઓજ ટ્રસ્ટીઓની ચુંટણીમાં-દેરાસુર સંઘની સભાઓમાં મત આપી શકે તેમ નક્કી થવું જોઇએ. બાકી દર્શન પૂજા વ્યાખ્યાનનો લાભ દરેક જૈન લઇ શકે. દેરાસરના દેવાદારને મત આપવાનો ને ટ્રસ્ટી થવાનો હક ન હોવો જોઇએ. વાર્ષિક હિસાબનું સરવૈયું સંઘ પાસે રજુ થાય તે પહેલાં પંદર દિવસ માટે પેઢી ઉપર કોઇ પણ મતદારને જોવા તપાસવા માટે ખુલ્લું હોવું જોઇએ. ઓડીટરો પાસે હિસાબ તપાસવો જોઇએ. ટ્રસ્ટીઓનું સામાન્ય વર્તન મતદારો પ્રત્યે-સમાજના જૈન બંધુઓ પ્રત્યે પ્રેમભાવવાળું હોવું જોઇએ. આ હકીકત તદન સામાન્ય લાગશે પણ તેવી નજીવી સ્ખલનાથી પણ મોટા ફજેતા ઉભા થઇ જાય છે. આશા છે કે ટ્રસ્ટી મહાશયો યોજના ઘડતા પ્રસંગે આ સુચનાઓ ધ્યાનમાં લેશે ને યોજના જલદી પસાર કરાવશે.

---

## રતીલાલ ડાહ્યાભાઇએ વેશ છોડયો

અમદાવાદની ખેતરપોળની પોળના રહીશ શા. રતીલાલ ડાહ્યાભાઇ જેમણે અંધેરીમાં મુનિ રામવિજયજી પાસે દીક્ષા લીધેલી હતી તે તા૦ ૨૪-૪-૩૧ ના રોજ પલાયન થઇ ગયા છે.

તે ભાઇએ દીક્ષા લેવા અગાઉ ધાર્મિક અભ્યાસ કર્યો હતો. ઘણા એક વરસથી તે ભાઇ સંસારમાં રહીને પણ સાધુ જેવું જીવન ગાળતા હતા. પણ હાલના સાધુઓના વર્તનથી કંટાળી તેમણે દીક્ષા છોડી દીધી છે. માજીસ્ટ્રેટ સાહેબને પુસ્તકમાંથી સાધુ જીવનને અંગે ઉંચો ખ્યાલ આવ્યો હશે પણ વર્તનમાં તેમ ન હોવાથી હાલ તો રતીલાલ જેવા પણ તે જીવન છોડી ગૃહસ્થ જીવનમાં દાખલ થયા છે.

**ખોરાકી પોષાકી માટે:** મુનિશ્રી કાંતિવિજયજીની સંસારી પત્નિ બેન લીલાવતીએ પોતાની ખોરાકી પોષાકીના બંદોબસ્ત માટે અમદાવાદની કોર્ટમાં ફરીયાદી માંડી છે.

**ભીલાંગામના સમાચાર:** કોન્ફરન્સની સ્ટેન્ડીંગ કમીટીના સભ્ય શેઠ આણંદજી કલ્યાણજીના સ્થાનિક પ્રતિનિધિ ભીલાંગામના નગર શેઠ શ્રી નેમચંદ પીતાંબરદાસ ચૈત્ર વદી ૨ ના રોજ અવસાન પામ્યા છે ભીલાંગામના સંઘના દરેક વહીવટમાં તેમનો આગેવાનીભર્યો ભાગ હતો. દરેક સારા કાર્યોને યોગ્ય પ્રમાણમાં મદદ કરતા હતા.

**શીહોરના સમાચાર:** એક બંધુ લખી જણાવે છે કે અત્રેના દેરાસર માટે પ્રતિમાઓ નકરો આપી લાવવાનું ઠરાવવામાં આવેલ. પ્રતિમા લેવા માટે ગયેલ આગેવાનો નકરો આપી પ્રતિમાઓ લઇ તે શીહોર લાવવાને બદલે મેસાણા મુકી આવેલ છે તે હજી સુધી તેઓ પ્રતિમાઓ લાવવાની ફુરસદ મેળવતા નથી.

# દેશવિરતિના નામે—સોસાઈટીની સણુસણાટી.

## કોન્ફરન્સનો ફેજ કરવા જતા-પડેલા ફાંટા.

## રામવિજયે ખુલ્લા કરારોનો-કરેલ ભંગ.

## સોસાઈટીને આમંત્રણ કેમ ન મળ્યું?

### ઠરાવો કે ઠગાઈ?

વઢવાણમાં સંમેલન ભરવાની હોંશ રામ પાર્ટીને મનમાં ને મનમાં રહી ગઈ. સૌરાષ્ટ્રના દરેક ગામોગામ રખડયા પણ કોઈ સ્થળે સ્થાન નજ મળ્યું. એટલે ગુજરાતનો આશરો લેવો પડયો?

વઢવાણના લોકી છાંટણા તાજાંજ હોવાથી અમદાવાદના યુવાનોનો ઉકળાટ ઉડી નીકળ્યો અને રામવિજયને આવવાના સમાચાર ફરી વળતાં બધી તૈયારીઓ કરવી શરૂ કરી.

શરૂઆતમાં સાણંદ મુકામે "ખુલ્લો પત્ર" પહોંચાડયો પણ આ ઝનુની અને જોહુકમીથી કામ લેનાર રામવિજય આવ્યા વગર કેમ રહે? એટલે બીજે દીવસે તેની આવવાની તૈયારીઓ ચાલી. બીજી તરફ કાળા વાવટાની મોટરોની દોડાદોડી શરૂ થઈ તેથી રામપાર્ટી ગભરાણી અને ચારે તરફ દોડાદોડી શરૂ થઈ. અંતે પોલીસોનો આશરો લેવો પડયો અને કાળા વાવટાની મોટરો અટકાવવા ભગીરથ પ્રયત્ન કરવા પડયા?

રામવિજયના માનમાં અને વિદેશીના શોખીન હોવાથી માણેક ચોક વિદેશી કાપડથી શણગાર્યો અને તે જોઈ બ્હેન લીલાવંતી ખુબ આનંદ પામ્યા હશે.

રામવિજય નીકળવાને રસ્તે સીપાઈઓ ખડા હતા ઉપરાંત ગેરોમાં પણ રાખ્યા હતા. શાસનની સેવાના ઇજારદારોને સરકારી સૈન્ય શા માટે? મી૦ વાડીલાલ શેઠે ચોરી તૈયાર કરાવી હતી તેમાંથી રામવીજય પસાર થયા. કહેવાતા બાળબ્રહ્મચારીને આ ચોરીનો લાહો આપ્યો. ધન્ય છે ભકતોને?

સોસાયટી આદીના પ્રમુખોના આગમન વખતે સ્ટેશન ઉપર રામ પાર્ટી ૬૦) સાઠ હાર લઈને સન્માન કરવા ગઈ હતી. ત્યાંથી મારકીટમાં આવ્યા ન તો મળે મારકીટના પ્રેસીડેન્ટ કે સેક્રેટરી સાહેબ એટલે નોકરના હાથે નવાજ્યા? ત્યાંથી પાંચકુવા તરફ વળ્યા રસ્તામાં માણસોનું તો નામજ ન હોય? સો બસો ટોપીવાળાઓ રીચીરોડ આવ્યા ત્યારે દેખાતા હતા જ્યારે પાઘડીઓવાળા ભાગ્યેજ હશે? તેમજ અમદાવાદના અગ્રગણ્ય ગૃહસ્થો (શેઠીઆઓ) તો દેખાતાજ ન હતા. તે માટે માણેક ચોકમાં બહુજ ચર્ચા થઈ રહી હતી.

પ્રમુખો કે રામવિજય આવતા ગામ શણગારવામાં ઘણી મહેનત કરવા છતાં સાથ નહી મળવાથી પોતાનું નાક રાખવા માટે ભારે જહેમત ઉઠાવ્યાની એક પછી એક વાતો બહાર આવવા લાગી?

દેશવિરતિ સંમેલનમાં કેટલાક આગેવાનો ગયા પણ સોસાઈટીના સંમેલનમાં અમદાવાદના સંભાવીત ગૃહસ્થોએ સાથ નહી આપ્યો તેના કારણો વાંચનારાઓજ વિચારી લેશે.

સંમેલનોમાં જો કે તેના કહેવાતા ચાર છ ગામના માણસો બહુજ જુજ આજ હતા. ત્યારે લગભગ તેઓએ બેથી ત્રણ હજાર કંકોત્રીઓ લખી તેનું આ હીસાબે પાણી થયુંજ મનાય કે? છેવટે અમદાવાદમાં "આમંત્રીત" ગૃહસ્થો ફરી છુટથી પાસ આપવામાં આવ્યા. તેથી માની લીધું હશે કે માણસોનો રાફડો આવી મળશે તે પણ મહેનત નકામી નીવડી એટલે સ્ત્રીઓને મફત આવવાની છુટ આપવા જરૂર પડી. જેથી મંડપ ભરેલો દેખાય? આ બધુ જાણે દેશવિરતિના નામે સણુસણાટી બતાવી.

સોસાઈટીનું એકલું સંમેલન કરવામાં આવે તો જૈન જનતા જાણી શકે કે કેટલા સભ્ય આવે છે. પણ આ તો ઓલીના ઓઠા નીચે અગર ધર્મના નામે જ્યાં ધતીંગ કરવા હોય ત્યાં બીજું શું કરી શકે?

ચઉદશ સવારના વ્યાખ્યાનમાં રામવિજયે પોતાની ધુષ્ટતા ભરેલા વાકયોથી સભાને રંજીત કરી બપોરે ખુલ્લા પ્રશ્નો પૂછવા બધાને નોતર્યાં તે વાતની ગામમાં ખબર પડતા તેમની ટોલી ઉપરાંત બીજા અનેકોને પૂછવા જવાની ઇચ્છા થઈ પણ દરવાજે ચોકી પહેરો એવો સખ્ત હતો કે તેના માણસો સીવાય કોઈને જવા ન દેવા તેવો ઓર્ડર છે તેમ તેના સ્વયંસેવકો કહી રહ્યા હતા.

આ વખતે ગાંધી મંડળ તરફથી આવેલા અને બીજાઓને દરવાજેથી હાંકી કાઢયા એટલે રામપાર્ટીએ અંદર અંદર ગોઠવેલા પ્રશ્નો પુછ્યા. તે પણ દીક્ષા આદીનાજ એટલે રામવિજયે પોતાના ખુલ્લા કરારનો ભંગ કર્યો આવી વાતો સંમેલનમાં આવનારાઓ કયાંથી જાણે? એટલે આ રીતી નીતીથી ધર્મના નામે છેતર્યાં શું ન ગણાય?

સ્વયંસેવકો અમદાવાદમાંથી પુરતા ન મળ્યા ત્યારે વઢવાણ, મુંબઈ, સુરત, ખંભાત આદી સ્થળેથી તેડાવવા પડયા તેજ બતાવે છે કે અમદાવાદનો પુરતો સાથ નથી; નહીતર મુખ્ય તેનું ગણાતું અમદાવાદને ઉછીના શા માટે મંગાવવા જરૂર પડે.

કહેવાય છે કે આવનારાઓની તજવીજ રીતસર ન હતી તેમજ ઉતારૂઓ માટે પણ અડચણો હતી તેથી કેટલાકોને મરચીપોળ ધર્મશાળાનો આશરો લેવો પડયો હતો. લગભગ ત્રણસો માણસોની સગવડતા કરવી સોસાયટીને અમદાવાદ જેવા શહેરમાં ભારે પડતું કહેવાય છે, તો બીજા શહેરમાં શું દશા થાય તે ગંભીર પ્રશ્ન ખરો કે?

સોસાઈટીના થએલ જમણવારમાંથી પચ્ચીસ ત્રીસ માણસ જમ્યા વગરનું પાછું ફર્યું એટલે શું ખુટયું હતું કે બીજું કાંઈ કારણ હશે તે કેમ કલ્પના કરી શકાય. તેમાં પણ જમ્યા વગરની સ્ત્રીઓ પાછી આવી એટલે આખાય અમદાવાદમાં ભારે સણુસણાટી થઈ હતી.

સોસાયટી આવી રીતે દંભ બેશી રહી હોવાથી જ્યારે ઠરાવોના રૂપમાં લાગણીની જવાળા ઠલવવા મંડયા ત્યારે કોન્ફરન્સ જેવો ફેજ કરવાની શરૂઆત કરી પણ જ્યાં પાલણીના રૂપીઆ લેવા હોય અને કોઈ સંસ્થાને કે પત્રકારોને ગાળો આપવી કે હલકટ શબ્દોથી બોલવા ઉઠે અને ઠરાવ રૂપ બતાવવા કોશીષ કરે અને આવેલ જૈન જનતાને ઠરાવની નકલો કાયદાસર આપવાની ઉદારતા ન દાખવે એટલે આપનારાઓએ હોહાકાર મચાવી મુકયો હતો. અને કહેવાય છે કે બે ચાર ભેભાગુઓ પોતાની સ્વેચ્છાનુસાર બોલી રહ્યા હતા. પણ અમદાવાદના ગણાતા ગૃહસ્થો પૈકી કોઈપણ હાજર ન હતું અને તેની પાર્ટીનાઓ બોલે તેમાં વજુદ શું ગણાય? આવી રીતે ઠરાવને નામે ઠગાઈ જેવું કર્યું તેમ બહાર નીકળનારાઓ બોલતા હતા તેમ મનાય છે.

ખંભાત, રાધનપુર, પાટણ, સુરત વગેરેના શહેરોને આવતી સાલ માટે સમેલનો બોલાવવા માટે કેટલીક ખાનગી હીલચાલો કરી પણ જ્યાં સૌરાષ્ટ્રના વઢવાણનો તાજો દાખલો નજર પાસે તરી આવતો હોય ત્યાં હીંમતથી કોણ હા પાડે ?

એટલે સોસાઈટીએ વિચાર કર્યો કહેવાય છે કે આપણું નાક રાખવા માટે કાંઈક યોજના કરવી જોઈએ. એટલે પહેલા અરેરે સુરત, તેજ ગામના એક કહેવાતા ગૃહસ્થને પરાણે ઉભો કર્યો.

સોસાઈટી બાઈએ આવી રીતે અમદાવાદ જેવા શહેરમાં રૂપાની મંદકીની જેમ દેશવિરતિના નામે દવા લીધી અને તેના કહેવાતા છાપાઓમાં પોતાની ઇચ્છાનુસાર મોટા મોટા હેડીંગોથી રીપોર્ટ લખી વાહવાહ દેખાડી ?

તેથી કરી જૈન કે જૈનેતર પ્રજા અંજાઈ જાય અગર ભોળવાઈ જાય તેમ માનવાને કારણ મળતું નથી.

સોસાઈટીના પ્રમુખ ગમે તે કારણે ન આવ્યા અને તે બાબતેનો ખુલાસો કરવા ફુરસદ નજ મળી પણ જ્યાં કાવાદાવાની રમતો રમાતી હોય ત્યાં કયાંથી સાચી વાત બહાર મુકાય ?

તેવીજ રીતે દુગડ પ્રમુખ સાહેબ પણ એક જણને કહેતા હતા—એમ સાંભળ્યું છે કે પાંચ છ જણાઓ અમારી પાસે આવી અમે હા કહી પહેલાજ તેઓએ પરાણે ભગવાનની જય બોલાવી ચોકડું બેસાડી દીધું અમે તો ખર-તર ગચ્છી છીએ અમારા ગચ્છ વિરૂદ્ધ સાગરાનંદજીએ ઘણા ધમપછાડા કર્યા કરે છે તેથી અમે કેમ આવી શકીએ ? પણ વિજયવલ્લભજીએ બહુજ દબાણ કર્યું અને તપા ગચ્છીય કોઈ ન મળી શકવાથી અમારે લાચારીથી આવવા જરૂર પડી.

સોસાઈટીએ માણસોનો દેખાવ કરવોજ જોઈએ તેટલા માટે એમ જણાય છે કે વઢવાણ આદી સ્થળેથી સાઠ અ.પી જુન્નેરની જેમ માણસો લાવ્યા હતા તે શું સાચું છે.

આ બધું ધર્મના નામે ઢોંગ કરવાવાળી એક ટોળીને કોઈ સાથ આપતું નથી અને તેથી જાહેર જનતાની "સીસોટી" માત્ર પોતાની ઇચ્છાનુસાર જેમ આવે તેમ નાટકો ભજવે છે તેમ ઝંડાધારી અમદાવાદ લખે છે અને ધર્મના નામે ભોળા લોકો તેમાં ફસાય તો તેમાં નવાઈ નહિ. પ્રભુ એવાઓને સન્મતિ આપો અને કોમની દુર્દશા કરતા અને ઠેર ઠેર કુસંપના ઘર ઘાલતા અટકાવો. "જૈન."

## ઠરાવ કે ઠગાઈ ?

યંગમેન્સ જૈન સોસાઈટીએ મોટા મોટા ખરચા એક માસથી હોડધામ સાથે કરી સમેલન ભર્યું ત્યારે એક પણ ઠરાવ વગરજ સૌ જનોના વગર લાભ લીધે ઘરભેગા થઈ ગયા તે કેટલું શોચનીય ?

વળી પોતાનું નાક રાખવા માટે સત્યથી વેગળા રીપોર્ટ છાપાઓમાં લખાવવા અને જૈન જનતાને છેતરવા જેવું બીજું કયું હીણપતવાળું ગણાય ?

ઠરાવની કોપીઓ આવેલા પૈકી કોઈને આપવામાં ન આવી અને છાપનું ઝેર ઉતારવા નહિ ઇચ્છવાજોગ પત્રકારો, ગાંધીજી, કોન્ફરન્સને સાથે દીધી હોય તેને ઠરાવ બનાવી પોતાનું પોત પ્રકાશી તે આવનારા અને સાંભળનારાઓ કેવા ધર્મી કે અધર્મી ગણાય, તે વાંચનારાઓ વિચારી લેશે.

હજારો રૂપીઆનો ધુમાડો કરી સોસાઈટી બાઈ એમ માનતી હોય કે અમે ઘડરીઓ ગઢ જીતી ગયા છીએ તો ત્યાં ગંભીર ભૂલ થતી દેખાય છે. કારણ કે તેના સમેલનમાં અમદાવાદના એક પણ મુખ્ય મુખ્ય ગણાતા આગેવાનોએ સાથ આપ્યો હોય તેમ જણાતું નથી. આ ઠરાવો કે ઠગાઈ કે આવનારાઓને છેતરવાનું મહાન પાતક વ્હોરી લીધું તેમ શું ન દેખાય ? "જૈન"

# શુક્રવારીયાનો અરૂણ વિલાપ.

## સુધારકોથી ભડકતી સોસાઈટી.

વઢવાણના લોહી છાંટણાના દેખાવો હિન્દુસ્તાનના દરેક પેપરોમાં આવ્યા પછી ગુજરાતને આંગણે સોસાઈટીબાઈ સીધાવ્યા, ત્યાં પણ મુહૂર્તમાંજ કાળા વાવટા જોયા અને સોસાઈટીના સભ્યો સમજતા હતા કે સૌરાષ્ટ્ર જેવા પ્રદેશમાંથી નાસવા જરૂર પડી તો અમદાવાદને આંગણે શું બનશે તે ભયથી અસી હજાર ઉપરાંત કંકોત્રીઓ લખી છતાં કોઈ આવ્યાજ નહિ તેના અરૂણ વિલાપ તરીકે શુક્રવારીયા (વીરશાસન)માં કોન્ફરન્સ માટે પોતાની દ્વીમુખી ભાષાથી સુધારકો માટે સ્વેચ્છાનુસાર લખે છે કે "નીકાચીત કર્મ બાંધ્યું હોય તો ભોગવ્યા વગર છુટકો નથી" તે વાત તો સારી બાલક સમજી શકે તેવી છે પણ જ્યાં પગ નીચે બળતું જોવાની ફુરસદ નથી અને બીજાઓને કહેવા દોડવું તે નરી અધમતા સીવાય શું ગણાય ?

સોસાઈટીની દોડાદોડી, સોસાઈટીના કાવાદાવા, સોસાઈટી સમેલનના ઠરાવ રૂપ હલકી બાબાજ બતાવી આપે છે કે "નીકાચીત કર્મ" કોણ બાંધે છે "જૈન યુગ" પાક્ષીક કેટલાક વખતથી થયું છે તે જૈન કોમ સારી રીતે જાણે છે ત્યારે હમણા શુક્રવારીયું જાણે સમાલોચના કરવા બહાર આવ્યું હોય તેમ તેના લેખકો બેરીસ્ટર, વકીલો, સોલીસીટરો છે એટલે સુધારકોથી શુક્રવારીયું ભડકી ઉઠયું લાગે છે. તેના અરૂણ વિલાપમાં લખે છે કે દીક્ષાદેવીને બચાવો પણ જ્યાં દીક્ષાના નામે દંભ પોષાતા હોય તે અને છોકરાઓને ભગાડવાની રમત રમાતી હોય તે વાતો સોસાઈટીનું શુક્રવારીયું છુપાવી જૈન જનતાને કે ભોળા જનોને ભમાવવા માટે વાક્ય ચાતુર્યતા વાપરે છે તે આ જમાનામાં કયાં સુધી ચાલે ?

દીક્ષાના નામે કે સોસાઈટી બાઈને નામે જ્યાં લાખો રૂપીઆના ફંડ એકઠા થતા હોય તે જુદી જઈ જૈનોની જાણીતી—માનીતી અને જુનામાં જુની સંસ્થાઓ ઉપર ખોટા પ્રહાર કરવાથી કે મુંબઈ વાતાવરણ કરી લખવાથી શું જૈનો ફસાઈ જશે. તેમ માની લીધું હોય તો આ વીસમી સદીમાં તેવા લખાણોની કીંમત શું ગણાય ?

ધર્મના ઓઠા નીચે જે ટોળીને બાજીગરોની જેમ બાજીઓ રમતી છે અને રમે છે. તેથી હવે જૈન જનતા જાણીતી થઈ ચુકી હોવાથી શુક્રવારીયું ભડક્યા કરે તેમાં શંકા રાખવાનું કારણ મળતું નથી. તેટલા માટેજ સુધારકોથી સોસાઈટી બાઈ ભડકતી ભાગે છે.

સોસાઈટી બાઈએ કરેલ સમેલનમાં નથી તો જનાજીથી પ્રોગ્રામ આપ્યા—નથી તો અગાઉથી ઠરાવના ડ્રાફ્ટ આપ્યા. આ બધી પોલંપોલ ક્યાં સુધી ચાલશે એ વાંચનારાઓજ વિચારી લેશે. "જૈન."

**સમાચાર**— પત્રિકા માટે દરેક સ્થળના યુવાનોને સમાચાર મોકલી આપવા નમ્ર સુચના છે.

# રામવિજયે અમદાવાદમાં આપેલા ભાષણના અગત્યના ચાર મુદ્દાની ચર્ચા.

લેખક: અમૃતલાલ ઝવેરી.

જૈન સમાજમાં ઘેર ઘેર કુસંપના દાવાનળ સળગાવનાર સમપંથ કઢાડવાના કોડ સેવનાર શ્રી રામવિજયને સારીએ જૈન જનતા પીછાણી ગઈ છે. કારણ કે તેમણે જ્યારે ત્યારે અનેક પ્રકારના 'હૈયામાંથી બૈયા' ઉભા કરી જેમ આવે તેમ હંકેજ રાખ્યું છે. બીજી બાજુ અનુયાયીઓ અને લાગતા વળગતાઓ મારફતે કાવાદાવા, લાલચો, ધમકીઓ આપીને, છેવટે ઉતારી પાડવાના કીસ્સા સમજાવીને બુદ્ધિશાળી વર્ગને ફસાવવાના–કબજે કરવાના અનેક પ્રયાસો સેવાયા છતાં બુદ્ધિશાળી વર્ગ તેમની જાળમાં નજ ફસ્યો ત્યારે 'હાર્યો જુગારી બમણું રમે' તે કહેતીનુસાર ખાદી, સ્વદેશી, સેવીકાસંઘ, સ્વયંસેવકો અને રાષ્ટ્રની આઝાદી માટેના યુદ્ધ સામે ઝુંબેશ ઉપાડી તેમાંએ હડધુત થયા, ત્યારે યુનીયન જેક ફરકાવી સરકાર માબાપને વહાલા થયા. ત્યાંએ કંઇ સીરપાવ નજ મળ્યો. ત્યારે મુંબઈમાં કંઇક ધમપછાડા ઓછા થયા અને જનતાએ વિચાર્યું કે આટલી ઠોકરો વાગવાથી કંઇક સુધારો થશે.

આખરે મુંબઈમાંથી લગડપગડે નાસભાગ કરી વીર ભુમી કાઠીયાવાડમાં પગલાં મુકયાં અને ભાવનગરમાંથી નીકળતાં નીકળતાં ટેવ અનુસાર પીઠ પાછળ ઘા કર્યો કે તરત યુવકોના પડકારથી ભાવનગર છોડી આગળ વધ્યા ત્યાં સારાએ સૌરાષ્ટ્રમાંથી સખ્ત વિરોધ થયા: કાળા વાવટાના સામૈયાં થયા. વાતાવરણ ઉગ્ર છતાં વઢવાણમાં છડેચોક હિંસાના ઉપદેશ દીધા: સામૈયાને બંધ રાખવા પડયા અને ઢીલા સમ ગણાતા અમદાવાદમાં પધારી ભગુભાઇના વંડામાં ભાષણ આપ્યું. એ ભાષણનો સાર મુંબઈ સમાચારના તા૦ ૧૫ એપ્રીલ ૧૯૩૧ ના અંકમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યો છે તેમાં તેઓ વદે છે કે:

૧ "દીક્ષા લઇને છોડી દેનાર કોઈ કોઇ કમનસીબ વ્યક્તિ માટે ગમે તેવા ઉદ્ગારો કાઢે છે. આમાં ભણેલાઓ આગેવાની લે છે."

૨ "જે લોકો ઉંચે ચઢે છે તે કદાચ પડે પણ ખરા, પણ નીચે ઉભા રહી ઉંચે જોયા કરનાર કરતાં ચઢીને પડનાર ઉંચ કોટીનો છે."

૩. "જૈન સાધુ તો (જૈન સાધુતા શબ્દ હશે) માત્ર દીક્ષા પોષવા માટે નથી. એ માર્ગે ચઢનાર અને **માર્ગમાં સ્થિર રહેનાર વીરલાજ હોય છે.**"

૪. "જૈન સાધુઓની નિંદા કરનારા અધમકોટીના મનુષ્યો છે." તેમના ભાષણનો એકજ પેરેગ્રાફ વાંચતાં જે પ્રશ્નો ઉદ્ભવે છે તે જરા જોઈએ: પ્રથમ તો તેમને બુદ્ધિશાળી વર્ગ પ્રત્યે જે ડંખ, અદેખાઇ અને ઝેર છે તે તરી આવે છે. કારણ કે બુદ્ધિશાળી વર્ગ તેમની અને તેમના જેવા પાખંડીઓના પાખંડ ખુલ્લાં કરી જૈન જનતાને જાગ્રત કરે છે. એટલે ઉપાશ્રયની ચાર દિવાલો વચમાં અગર પોલીસ પહેરાના છાપતા નીચે આ સાધુભાઇ બુદ્ધિશાળી વર્ગને પેટ ભરીને ભાંડે છે. હિંસાખોરી કરવા ભક્તોને ઉશ્કેરે છે. છતાં બુદ્ધિશાળી વર્ગ તો જૈન સિધ્ધાંતનુસાર અહિંસક રહીને સમતાથી એનું કામ આગળ ધપાવેજ જાય છે, અને જશે.

બીજો મુદ્દો–દીક્ષા છોડનારાઓની બીક લઇ તેનો બચાવ કરતાં કહે છે કે **દીક્ષા ન લેનાર કરતાં છોડનાર** ઉંચ કોટીનો છે. કેવું મઝાનું પ્રમાણપત્ર? આવા પ્રમાણપત્રો ફાડવાની તેમને ટેવ પડી છે એમ ગણીને આ મુદ્દો જતો કરી શકાય તેમ નથી. કારણ કે આ પ્રમાણપત્ર ભયંકર છે. દીક્ષાની બેડી છે; દીક્ષાને અખતરો સમજી પ્રમાણપત્ર ફાડે છે. નહિ તો તે છોડનારની વકીલાત કરેજ નહિ પરંતુ વસ્તુસ્થિતિ તપાસતાં વકીલાત કર્યા વિના છુટકોજ નથી. કારણ કે નસાડીને, ભગાડીને, ખરીદીને કે લલચાવીને જે આવ્યો તેને મુંડી નાંખવાનો ધંધો લઇ બેઠેલાઓ સારી પેઠે જાણે છે કે આવા કેટલા દિવસ ટકવાના છે! એટલે પતિતોનો બચાવ કરી ઉંચ કોટીના પ્રમાણપત્રો ફાડે તો થોડા દિવસના અખતરા માટે પણ એમની પાસે મુંડાવનારા નીકળે એજ ઇચ્છાએ આ પ્રમાણપત્ર ફાડયું હશે? અને સાથે સાથે તમને પુછીએ છીએ કે સંસારીઓને લગતા નીચેના પ્રશ્નનો ખુલાસો પણ કરશો કે જેથી આપના ભક્તો ઉપર ઉપકાર થશે.

"પંચમહા વ્રતનું પચ્ચખાણ લઇ છોડી દેનાર સાધુ પેઠે કોઇ શ્રાવક ચોથું વ્રત ઇત્યાદી કોઇ પણ વ્રત પચ્ચખાણ ઉચરે અને થોડો સમય પાળી ને મુકી દે તો વ્રત પચ્ચખાણ ન લેનાર કરતાં તે ઉચ્ચ કોટીનો ખરો:

ત્રીજો મુદ્દો–બુદ્ધિશાળી વર્ગની જે ફરીયાદ છે તેને જાણતાં કે અજાણતાં ટેકો આપતાં બોલે છે કે: **સાધુના માર્ગમાં સ્થિર રહેનાર વિરલાજ હોય:** આ તેમણે એકવાર લાંબા દિવસે પણ તેમણે ઉદ્ગાર પાડ્યો છે. તે વાંચીને પણ વિચાર થયા વિના રહે તેમ નથી કારણ કે બુદ્ધિશાળી વર્ગ તો એમ માને છે કે દેશકાળને અનુસરી સાધુઓનો મોટો ભાગ ચારિત્ર પાળે છે ત્યારે આ સાધુભાઇ તો મોટા સમુદાયને સાધુ માર્ગથી દુર ગયેલો કહે છે. એમના એ ઉદ્ગાર સત્ય માની બેસવું તે સમગ્ર સાધુ સમાજને કલંકરૂપ છે. એટલે તેમને પુછીયે કે આપ સાધુ સમુદાયના મોટા ભાગના સમાગમમાં આવી આ ટીકા કરો છો? કે હૈકે રાખવાની ટેવને લીધે બોલાઇ ગયું છે? કે પછી એમ તો નથીને કે શ્રાવક વર્ગને વિરોધમાં લગાડવામાં થાકી જવાથી અગર ગમે તે મહેચ્છાએ મરવા માંડયા સાધુઓને બાદ કરી તમામ સાધુઓને કલંક દેવા મેદાને પડયા છો? કંઇ ખુલાસો કરશો?

ચોથો મુદ્દો–જૈન સાધુઓની નિંદા કરનારને અધમ કોટીમાં મુકો છો: એ આપની વાત સત્ય છે કારણ કે જે સાધુઓ સાધુતાનું લીલામ કરી રહ્યા હોય. પ્રભુ મહાવીરે બતાવેલો માર્ગ ઉપર પગ મુકી મન કલ્પીત વાતગાળો છોડી જેમ આવે તેમ વાણીના વિલાસ સેવી દુનિયાને ઠગવા દંભ સેવી રહ્યા હોય મ્હોટા થવાના મોહથી સાધુ સમુદાયના મોટા ભાગને કલંક દઇ જેઓ સત્તાનો પાઠ ભજવતા હોય, તેવા પાખંડીઓને ખુલ્લા પાડવા તેમાં લગારે પાપ નથી. પરંતુ જેઓ આ કળીયુગમાં પણ સાધુધર્મ પાળી આત્માનું કલ્યાણ કરતા હોય તેવા અનેક સુસાધુઓને કલંક દેનાર શ્રાવક હો, કે સાધુ હો, પરંતુ તેઓના કહેવા મુજબ અધમ કોટીનોજ મનુષ્ય છે તેમાં લગારે ખોટું નથી.

એ સાધુભાઇ! પોતાના અસ્તવ્યસ્ત ચિત્તને લગાર શાન્ત કરી ઉંડો વિચાર કરશો તો સમજાશે કે થોડા વખત માટે શ્રીફળ, પેંડા, લાડુ, દુધપાક અને બીજી લાલચોને લીધે અમુક વર્ગ આપની બોલબાલા બોલશે મોટા દેખાવો કરશે. મ્હોટા કરીને ફુલાવશે. પરંતુ જે દીવસે એ લાલચો બંધ થશે તેજ દીવસે આપના સિંહાસનના પાયા ડોલવા માંડશે. સમજજો. લાલચે ધર્મ ટકયો નથી, મારી ગોળી અત્યારે કડવી લાગશે પરંતુ આગળ ઉપર એજ લાભ આપશે. બાકી તમે સહુ કે બુદ્ધિશાળી વર્ગને ગમે તેવા શ્રાપ આપો તેની કશીએ અસર થવાની નથી. એ તો પતિતોને પોષવામાં પાપ સમજે છે અને સમજશે.

"એક જૈન"

# જૈનો વાંચો અને ચેતો.

**[ઐતિહાસીક રાસ સંગ્રહ (વિજય તિલકસુરિ રાસ) ઉપરથી તારણ કાઢનાર: એક જૈન.]**

સમય સમયનું કાર્ય કર્યે જાય છે. તેમ ભવિષ્યમાં કેવો સમય આવશે, જનતાને કેવા સંયોગોમાંથી પસાર થવું પડશે, એની પણ મનુષ્ય જાતિને ખબર પડતી નથી. ચોક્કસ વર્ષો પહેલાં હિન્દુ-મુસલમાનો, અરે હિન્દુ અને બૌધ્ધો તેમજ જૈનો આપસમાં બીલાડી અને ઉંદરનું વૈર રાખતા હતા, ત્યારે આજે એકત્રતાનો પવન (સમગ્ર હિન્દુસ્તાનમાં) અહીંસા પરમો ધર્મને નામે ફુંકાઇ રહ્યો છે અને એવા પારસ્પરિક ઝગડાઓ પ્રત્યે લોકો તિરસ્કારની દ્રષ્ટિથી જુએ છે. કોઇ સમય સમભાવનો પાઠ શીખવે છે, તો કોઈ સમય ખેંચાતાણીનું ક્ષેત્ર વિશાળ કરે છે.

વિજયતિલકસૂરી રાસ ઉપરથી જૈનો જોઇ શકશે કે વાગ્બાણોનો વરસાદ વરસાવી-ધાર્મિક લાગણીઓના આવેશમાં અસહિષ્ણુતા ખુલ્લી રીતે બતાવી-પોતપોતાના બંધાતા વાડામાં લઇ જવાનો પ્રયત્ન જેવી રીતે સત્તરમી સદીમાં થતો હતો તેવી રીતે અત્યારે વીસમી સદીમાં જોવામાં આવે તો મારા જૈન બંધુઓ ભડકતા નહી. તમારા સમભાવ ઉપરથી પતીત થતા નહી. કારણ કે અત્યારના ઝઘડાઓમાં કદાચ કુદરતનો જૈનોને વધારવાનો ગુપ્ત સંકેત રહેલો હોઇ શકે કારણ કે કુદરતના ગુપ્ત સંકેત સમજવાનું મનુષ્યની શકતીથી બહારનું છે :-

ધર્મસાગર તે પંડિત લગઇ કર્યો નવો એક ગ્રંથરે,
નામથી કુમત કુદાલડો માંડીએ અભિનવો પંથરે.
આપ વખાણકરઇ ઘણું નિંદઇ પર તણો ધર્મરે,
એમ અનેક વિપરીતપણું ગ્રંથમાંહી ઘણો મર્મરે.
માંડી તેણઇ તેહ પરૂપણા સુણી ગચ્છપતિ રાયરે,
વિક્ષય નયરિં વિજયદાનસૂરી આવી કરઇ ઉપાયરે.
પાણી આણી કહઇ શ્રીગુરૂ ગ્રંથ બોળવો એહરે,
નયર બહુ સંઘની સાખિ સિઉં ગ્રંથ બોળીયો તેહરે.
શ્રીગુરૂ આણ લહી સહી સુરચંદ પંન્યાસરે,
હાથ સિઉં ગ્રંથ જલિ બોળીઓ રાખી પરંપરા આશરે.

ધર્મસાગર અને વિજયહીરસૂરિજીએ સાથે રહીનેજ અભ્યાસ કર્યો હતો પણ કર્મના જોરને લીધે ધર્મસાગરે પોતાના ગુરૂ વિજયદાનસૂરિજીના સામે થઇ કુમત કુદાલ ગ્રંથ બનાવ્યો અને તે ગ્રંથ વિજયદાનસૂરિજીના હુકમથી જલ સરણ કરવામાં આવ્યો તે છતાં ધર્મસાગરે પોતાની ઝઘડાખોર પ્રવૃત્તિ છોડી નહી ત્યારે વિજયદાનસૂરિજીએ નીચે મુજબ હુકમ બહાર પાડયો તે બાબત રાસામાં લખાણ નીચે મુજબ છે :-

કરી વિચાર પરીક્ષા સર્વગચ્છ બાહિરતે કીધા પછી,
કહઇ ગચ્છ નાયક કો છઇ અરશે ચીઠ્ઠી લેઇ તિહાં જઇ ધરશે.
એક મુનિવર તેનિઃસુણી વાત કહઇ ચીઠ્ઠી લાવ્યો અમ તાત,
લેઇ ચીઠ્ઠી જઈ ચાલ્યો જેહ રાજનગરિ જઇ પુહુતો તેહ.
સભા માંહી જઇ ઉભો રહિઓ ગુરૂ સંદેશો તેણઇ કહિઓ,
ચીઠ્ઠી આપી નઈ એમ કહઇ પનાવના ગચ્છ બાહિર રહઇ,
એમ કહી પાછાં પગલાં ભરઇ જતો કહઇ કોઇ ઝઘરે ધરઇ.
ધાઓ ધાઓ ધીંગા નઇ ધરો મારો મારી પૂરો કરો,
વિરૂ ધાયા જેમ જમના દૂત કિહાં જાઇ તું રે અવધૂત.
મુનિ નાઠો શ્રાવક ધરિ ગયો શ્રાવક દિઇ તસ ઘરમાં રહિઓ,
રાખિ દિન નિ ઘરમાં તાસ રાતિં કાઢી મુકયો નાશ.
સાગર ગચ્છ બાહિરી જે કીધ કાઢયા જાણ્યા જગપ્રસિદ્ધ,
આહાર ન પામઇ શ્રાવક ઘરે સાગર કરઇ ગલ્લા નહીં સરે.
તો શ્રી શકલચંદ ઉવઝાય સાગર તેહિ રાધિનપુરી જાય,
જઇ ઉભા રહીયા બારણઇ ગુરૂ નહીં જાણ્યુ કરો એમ ભણઇ.
ગુરૂ કહઇ એહનું નહીં અમ કાજ એહ નહીં કહી દીન વદઇ આજ,
શકલચંદ વાચક એમ ભણઇ શિષ્ય કહઇ તે શ્રીગુરૂ સુણઇ.
છોરૂ હોઇ કછોરૂ કદા માવબાપ શ્યાં સેરવિં સદા,
કરસ્યઇ હવઇ જે તુમે આદિશિયો સાગરનંદ ગચ્છમાંહી લીજો.

સૂરિજીએ કહ્યું:-જો ગચ્છમાં આવવાની ઇચ્છા હોય તો 'પુર્વસુરિનું વચન હું સહુ છું' એ પ્રમાણે હું કહું તેમ લખી રાખો.

ધર્મસાગરજી ઉપાધ્યાએ વાત સ્વીકારી. ગુરૂના કીધા પ્રમાણે પટો લખી આપ્યો. સાગરજીએ મિચ્છામી દુક્કડં દીધા તેને બધા બોલ લખાવી લીધા. પટાની અંદર અનેક મતાં અને શાક્ષીઓ પણ થઇ. આ પટો વિજયદાનસૂરિએ સંવત ૧૬૧૭ ની સંવત્સરીની તિથિએ રાધનપુરમાં બહાર પાડયો. તેમાં મુખ્ય બે વાતો:-

(૧) સાતથી અધિક નિહ્નવ છે, એમ કહેનાર ગચ્છનો ઠપકો પામશે.

(૨) પ્રતિમા સંબંધી જેમ પરંપરા ચાલી આવે છે તેમ ચાલવું. બધાઓના મતાં કરાવ્યાં.

ધર્મસાગરજીએ ચતુર્વિધ સંઘના નામથી એક કાગળ અમદાવાદના સંઘરાજ ઉપર મોકલ્યો તે નીચે મુજબ છે :—
"મેં જે નવા પાંચ નિહ્નવોની પ્રરૂપણા કરી છે તેનો મિચ્છામી દુક્કડં દઉં છું. કુમતિ કુદાલ નામના ગ્રંથનાં પંથને હું છોડું છું. પહેલાંની જે સહકલ્પ કરેલી તેનો મિચ્છામી દુક્કડં દઉં છું. પદ્પર્વી-ચતુઃપર્વી જે હું નહોતો સદ્હતો તે પણ હું ગુરૂના કહેવા પ્રમાણે સદ્હું છું. સાત બોલને પણ હું હવે સદ્હું છું. ચતુર્વિધ સંઘની જે મેં આશાતના કરી, તેનો મીચ્છામી દુક્કડં દઉં છું. વળી પાંચ ગચ્છવાળાઓનાં ચૈત્યોને હું ઉત્થાપતો હતો તેને ન ઉત્થાપતાં હવે હું પાંચેનાં ચૈત્યોને ખામણાંપૂર્વક વંદુ છું."

તદનન્તરે સંવત ૧૬૨૨ માં શ્રી વિજયદાનસૂરિ વડાવ-લામાં સ્વર્ગે પધાર્યા. શ્રી વિજયદાનસૂરિ પછી તેમની પાટે શ્રી હીરવિજયસૂરિ થયા. શ્રી હીરવિજયસૂરિએ, શ્રી જયવિમ-લને આચાર્ય પદ આપી તેમનું વિજયસેનસૂરિ એવું નામ રખાવ્યું.

ધર્મસાગરજીનો એક વધુ પ્રપંચ હવે પછી બહાર પાડવામાં આવશે.

આ પત્રિકા અંબાલાલ આર. પટેલે 'સ્વદેશ' પ્રિન્ટીંગ પ્રેસ, ગાયા બીલ્ડીંગ, મસ્જીદ બંદર રોડ, માંડવી, મુંબઇ ૩ માં છાપી અને જમનાદાસ અમરચંદ ગાંધીએ નં. ૧૮૮, ચહાઇવાળા બીલ્ડીંગ, મસ્જીદ બંદર રોડ, માંડવી, મુંબઇ ૩ મધેથી પ્રસિદ્ધ કરી છે.